દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 65 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 March 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૧૬ માર્ચ ૨૦૨૪, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૮ ૯ ૧૦ ૧૧ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લોકસભાની ચૂંટણી આજે જાહેર થવાની શક્યતા

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

નવી દિલ્હીઃ ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ) શનિવારે બપોરે ત્રણ વાગ્યે લોકસભા ચૂંટણીની તારીખો જાહેર કરે એવી શક્યતા જોવાઈ રહી છે. શનિવારે ચૂંટણી પંચ દ્વારા નવી દિલ્હીના વિજ્ઞાનભવનમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હોવાથી આવા તર્ક લાગી રહ્યા છે. અત્યારે એવો અંદાજ છે કે લોકસભાની ચૂંટણી સાતથી આઠ તબક્કામાં ઘડવામાં આવશે. લોકસભાની સાથે જ ઓરિસા, સિક્કીમ, અરુણાચલ પ્રદેશ અને આંધ્ર પ્રદેશની વિધાનસભા ચૂંટણીઓ પણ

## સાતથી આઠ તબક્કામાં ચૂંટણીનો કાર્યક્રમ ઘડવામાં આવશે

થવાની છે. ચૂંટણીની તારીખની જાહેરાત સાથે જ દેશમાં આચારસંહિતા લાગુ થઈ જશે અને તેને કારણે અનેક બાબતો પર નિયંત્રણ આવી જશે.

એક દિવસ પહેલાં જ બે ચૂંટણી કમિશનરો જ્ઞાનેશ કુમાર અને સુખબીર સંધુની નિયુક્તિ કરવામાં આવી છે. બંનેએ શુક્રવારે ૧૫ માર્ચે પદભાર સંભાળ્યો છે. ત્યારબાદ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર સહિત ત્રણેય અધિકારીઓએ ચૂંટણી કાર્યક્રમને મુદ્દે બેઠક પણ કરી હતી.

**રાજકીય પાર્ટીઓએ પ્રચારમાં બાળકોનો ઉપયોગ ન કરવો**

ચૂંટણી પંચે પાંચમી ફેબ્રુઆરીએ બધી જ રાજકીય પાર્ટીઓને માટે જે માર્ગદર્શિકા બહાર પાડી છે, તેમાં તેમને જણાવવામાં આવ્યું છે કે પ્રચાર કાર્યમાં બાળકોનો ઉપયોગ કરવો નહીં. તેમાં એવી પણ સલાહ આપવામાં આવી છે કે બાળકોનો ઉપયોગ પોસ્ટર લગાવવામાં, પેમ્ફલેટ વહેંચવામાં, સૂત્રોચ્ચાર કરવામાં ઉપયોગ માટે સંપૂર્ણ રીતે ઝીરો ટોલરન્સ જાહેર કરવામાં આવ્યું છે.

**આચારસંહિતા બાદ જાહેરાતો પર નિયંત્રણો**

આચારસંહિતા લાગતાં જ સરકાર દ્વારા કરવામાં આવનારી જાહેરાતો પર રોક લગાવી દેવામાં આવશે. ચૂંટણી પંચના નિર્દેશમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણીનું

(જુઓ પાનું ૨) ▶▶

ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદનારી કંપનીઓની યાદી ૨

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 60,210/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## સીએએના અમલ પર સ્ટે આપવાની માગણી કરતી અરજીની સુપ્રીમ કોર્ટ કરશે સુનાવણી

નવી દિલ્હીઃ સિટિઝનશિપ અમેન્ડમેન્ટ ઍક્ટ (સીએએ) ૨૦૧૯ના અમલની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીને મામલે સુપ્રીમ કોર્ટ નિર્ણય ન લે ત્યાં સુધી સીએએના અમલ પર સ્ટે મૂકવાનો કેન્દ્ર સરકારને આદેશ આપવાની માગણી કરતી અરજીની સુનાવણી ૧૯મી માર્ચે કરવાની સુપ્રીમ કોર્ટે શુક્રવારે સહમતી દર્શાવી હતી.

મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ તેમ જ ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ) વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલની એ રજૂઆતને ધ્યાન પર લીધી હતી જેમાં તેમણે કહ્યું હતું કે સ્થળાંતર કરીને આવેલા હિન્દુઓને એક વખત ભારતનું નાગરિકત્વ આપી દેવાશે પછી તે પાછું નહીં લઈ શકાય.

વર્ષ ૨૦૧૯માં સીએએને મંજૂરી આપવામાં આવી હતી. તે સમયે કોઈ નિયમો બનાવવામાં નહોતા આવ્યા તેથી તેના પર સ્ટે મૂકવાની માગણીને મંજૂરી આપવામાં નહોતી આવી. હવે, સરકારે લોકસભાની ચૂંટણી અગાઉ

(જુઓ પાનું ૨) ▶▶

## ઓહાયોમાં બરફનાં તોફાનમાં બેનાં મોત

વિન્ચેસ્ટરઃ ઓહાયોની પોલીસે ગુરુવારે ઓહાયો, કેન્ટુકી અને ઇન્ડિયાનાના ભાગોમાં ઘરો અને વ્યવસાયોને નુકસાન પહોંચાડનાર શંકાસ્પદ ટ્વિસ્ટર અને ભયંકર તોફાન સિસ્ટમના પરિણામે બે મૃત્યુની પુષ્ટિ કરી હતી.

બેલેફોન્ટેન, ઓહાયોમાં લોગાન કાઉન્ટી શેરિફ ઓફિસના ચીફ ડેપ્યુટી જો કોપસે શુક્રવારે વહેલી સવારે એસોસિએટેડ પ્રેસને એક ઇમેઇલમાં જાનહાનિની પુષ્ટિ કરી હતી. લેકવ્યૂ, મિડવે, ઓર્ચાર્ડ આઇલેન્ડ અને

(જુઓ પાનું ૨) ▶▶

## સુપ્રીમ કોર્ટે સ્ટેટ બૅન્કને નોટિસ આપી

### ચૂંટણીલક્ષી બૉન્ડ્સના 'આલ્ફા ન્યૂમેરિક' નંબર જાહેર કરવા આદેશ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ભારતીય સ્ટેટ બૅન્કને નોટિસ આપી હતી અને ચૂંટણીલક્ષી બૉન્ડ્સના 'આલ્ફા ન્યૂમેરિક' નંબર જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. દેશના મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની સર્વોચ્ચ અદાલતના પાંચ ન્યાયાધીશની બંધારણીય બેંચે જણાવ્યું હતું કે ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદનારા, ખરીદીની રકમ

(જુઓ પાનું ૨) ▶▶

## દેશની પ્રથમ અન્ડરવૉટર મેટ્રોની કમર્શિયલ સેવા શરૂ

કોલકાતાઃ દેશની પ્રથમ અન્ડરવૉટર મેટ્રોની કમર્શિયલ સેવાનો કોલકાતામાં શુક્રવારે આરંભ થયો હતો. સેંકડો પ્રવાસીઓએ આ સેવાનો સૌપ્રથમ લાભ લેવા પડાપડી કરી હતી.

કોલકાતાના ઈસ્ટ-વેસ્ટ કોરિડોરના હાવડા મેદાન સ્ટેશનેથી આ ટ્રેને શુક્રવારે સવારે સાત વાગ્યે પ્રવાસ આરંભ્યો હતો. પ્રવાસીઓએ ભારે આનંદ અને તાળીઓના ગડગડાટ સાથે આ સેવાને વધાવી લીધી હતી. એ જ સમયે એટલે કે સવારે સાત વાગ્યે એસ્પ્લેનેટ સ્ટેશનેથી પણ એક મેટ્રો ટ્રેન રવાના થઈ હતી.

આ સેવાનો સૌપ્રથમ લાભ લેવા પ્રવાસીઓ વહેલી સવારથી સ્ટેશન પર આવી ગયા હતા. ટિકિટ મેળવવા હાવડા સ્ટેશને પ્રવાસીઓની લાંબી લાંબી લાઈનો જોવા

(જુઓ પાનું ૨) ▶▶

## મની લૉન્ડરિંગ કેસઃ બીઆરએસની વિધાનસભ્ય કવિતાને કસ્ટડીમાં લેવાઈ

હૈદરાબાદઃ મની લૉન્ડરિંગ કેસને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ બીઆરએસના વિધાનસભ્ય અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવની પુત્રી કે. કવિતાને કસ્ટડીમાં લીધી હતી. અગાઉ ઈડીએ કવિતાના નિવાસસ્થાન સહિતના પરિસરમાં દરોડા પાડ્યા હતા. બીઆરએસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રધાન પ્રશાંત રેડ્ડીએ ઈડીના અધિકારીઓને એમ કહેતા ટાંક્યા હતા કે કવિતાને શુક્રવારે રાત્રે

(જુઓ પાનું ૨) ▶▶

Heart of Vile Parle
1, 2, 3 & 4 BHK
MODERN RESIDENCES
JODI OPTIONS AVAILABLE
MAHA RERA NO.: P51800054412
Contact now to avail our Special Launch Offer! +91 98201 10802
Site Add.: Lakshmi Solitaire, (Proposed Redevelopment of Vile Parle Gautam CHS Ltd.), Mahant Road, Opp. HDFC Bank, Vile Parle East, Mumbai - 400 057.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈલેક્ટોરલ બોન્ડ મુદ્દે ધરાર લુચ્ચાઈ, મહત્ત્વની વિગતો જ છૂપાવાઈ

**ભારતમાં** સરકારી તંત્ર એકદમ નીંભર છે અને રાજકારણીઓ પારદર્શકતાની મોટી મોટી વાતો કરે છે પણ તેમને લોકોને સાચી વાત જણાવવામાં રસ જ નથી હોતો. આ વાત વારંવાર સાબિત થઈ છે અને સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડની માહિતી આપવા કરેલા ફરમાનના કેસમાં ફરી એક વાર સાચી સાબિત થઈ. સુપ્રીમ કોર્ટે સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયાને ઈલેક્ટોરલ બોન્ડ અંગેની માહિતી આપવા ફરમાન કર્યું ત્યારે પહેલાં તો તેણે ગલ્લાંતલ્લાં કરેલાં ને વધારે સમય માંગેલો પણ સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરતાં જખ મારીને માહિતી આપવી પડી.

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સ્ટેટ બૅન્કે ૧૩ માર્ચે ચૂંટણી પંચને ઈલેક્ટોરલ બોન્ડની માહિતી આપી હતી ને ચૂંટણી પંચે ૧૪ માર્ચે પોતાની વેબસાઈટ પર ઈલેક્ટોરલ બોન્ડની માહિતી પ્રકાશિત કરી છે. સાડા સાતસો કરતાં વધારે પેજની બે ફાઈલો છે પણ મજાની વાત એ છે કે, જે માહિતી બહાર પાડવી જોઈએ એ માહિતી જ તેમાં નથી.

એક ફાઇલમાં બોન્ડ ખરીદનારાઓની માહિતી છે અને બીજી ફાઇલમાં આ બોન્ડ્સ વટાવીને રોકડી કરનાર રાજકીય પાર્ટીઓની માહિતી છે. તેના કારણે કોણે ઇલેક્ટોરલ બોન્ડ્સ ખરીદ્યા અને કોણે રોકડી કરી એ તો ખબર પડે છે પણ કોણે ખરીદેલા બોન્ડ્સ ક્યા રાજકીય પક્ષે વટાવ્યા તેની તો માહિતી જ નથી.

ઉદાહરણ તરીકે ફ્યુચર ગેમિંગ નામની કંપની ઈલેક્ટોરલ બોન્ડ ખરીદવામાં ટોપ પર છે. આ કપનીએ ૧૪૦૦ કરોડ રૂપિયાથી વધારેના બોન્ડ્સ ખરીદ્યા હતા પણ આ બોન્ડ ક્યા પક્ષને આપ્યા ને ક્યા પક્ષે કેટલાની રોકડી કરી તેની વિગતો જ નથી મૂકાયેલી. ક્યા રાજકીય પક્ષ કોની પાસેથી કેટલું દાન લીધું એ મુદ્દો જ ઈલેક્ટોરલ બોન્ડની આખી પારાયણમાં મહત્ત્વનો છે પણ તેનો જ જવાબ મળતો નથી.

આ લુચ્ચાઈ કહેવાય ને તેના માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જવાબદાર છે. સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે, ચૂંટણી પંચે ક્યા રાજકીય પક્ષને કોણે અને કેટલા રૂપિયાના ઈલેક્ટોરલ બોન્ડનું દાન કર્યું તેની વિગતો વેબસાઈટ પર મૂકવાની હતી. કોઈ કંપનીએ, સામાન્ય નાગરિકે કે બીજા કોઈ આલિયા, માલિયા, જમાલિયાએ ઈલેક્ટોરલ બોન્ડ ખરીદીને ક્યા પક્ષને ઘી-કેળાં કરાવ્યો તેનો આખો હિસાબ ને ક્યા રાજકીય પક્ષને કોની કોની તરફથી શું મળ્યું તેનો આખો ચોપડો ખોલવાનો હતો પણ ચૂંટણી પંચના ડેટામાં એવું કશું નથી. તેનું કારણ એ કે, સ્ટેટ બૅન્કો પોતે જ એવી કોઈ વિગતો આપી નથી. કૂવામાં હોય તો હવાડામાં આવે ને ? સ્ટેટ બૅન્કો ડેટા જ ના આપ્યો પછી પંચ પણ શું કરે?

એસબીઆઈએ સીલબંધ એન્વલપમાં પેનડ્રાઈવ આપી હતી, જેમાં બે પાસવર્ડ પ્રોટેક્ટેડ પીડીએફ ફાઈલ હતી. આ બંને ફાઈલોમાં બોન્ડના ખરીદદારો અને તેમને રોકડ કરનાર પાર્ટીઓની અલગ વિગતો આપી છે. વાસ્તવમાં તેણે એક જ ફાઈલ બનાવીને બોન્ડ ખરીદનાર અને એ બોન્ડ વટાવનારનું નામ સામે મૂકીને આપવાનું હતું પણ સ્ટેટ બૅન્કે વેઠ વાળીને ડેટા આપી દીધો તેના કારણે એ સ્પષ્ટ નથી થતું કે કઈ વ્યક્તિએ કેટલા રૂપિયાના ચૂંટણી બોન્ડ કઈ પાર્ટીને આપ્યા છે.

એસબીઆઈએ ચૂંટણી પંચને આપેલા ડેટામાં પચાસ ટકા ડેટા તો પહેલાંથી લોકોને ખબર છે જ. દેશની સૌથી મોટી પાર્ટી ભાજપને ૬,૦૬૦.૫૦ કરોડનું દાન મળ્યું એ પહેલા જ બહાર આવી ગયેલું. બહાર પડાયેલા કુલ ઈલેક્ટોરલ બોન્ડમાંથી એકલા ભાજપે ૪૭ ટકા બોન્ડ વટાવ્યા છે. દેશનો મુખ્ય વિપક્ષ છે પણ ઈલેક્ટોરલ બોન્ડથી ડોનેશન લેવામાં મમતાની પાર્ટી ટીએમસી ભાજપ પછી બીજા નંબરે છે. ટીએમસીને ચૂંટણી બોન્ડના રૂપમાં ૧,૬૦૯.૫૦ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે.

કૉંગ્રેસ ત્રીજા સ્થાને છે કે જેને ૧,૪૨૧.૯૦ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. કેસીઆરની પાર્ટી બીઆરએસ ૧,૨૧૪.૭૦ કરોડ રૂપિયા સાથે ચોથા સ્થાને છે. બીજી તરફ આમ આદમી પાર્ટીને ઈલેક્ટોરલ બોન્ડમાંથી માત્ર ૬૫.૫૦ કરોડ રૂપિયા મળ્યા છે જ્યારે અખિલેશની પાર્ટી સમાજવાદી પાર્ટીને ઈલેક્ટ્રોનિક બોન્ડના રૂપમાં માત્ર ૧૪ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. આ પૈકી મોટા ભાગની વિગતો પહેલાં આવી જ ગઈ છે તેથી તેમાં કશું નવું નથી. સ્ટેટ બૅન્કે કોણે કેટલાના બોન્ડ ખરીદ્યા તેની વિગતો મૂકી એ નવી છે પણ એ વિગતોને આધારે કોણ કોના પર વરસ્યું એ સ્પષ્ટ થતું નથી.

વાસ્તવમાં આ ડેટા જ સૌથી મહત્ત્વનો છે ને એ જાહેર કરવો દેશના હિતમાં પણ છે કે જેથી રાજકીય પક્ષોના હમદર્દ કોણ છે તેની લોકોને ખબર પડે.

ઈલેક્ટોરલ બોન્ડની વિગતોના મુદ્દે કરાયેલા ઝોલના કારણે રાજકીય પક્ષો કેટલા પારદર્શક છે એ પણ સ્પષ્ટ થયું છે. સ્ટેટ બૅન્કે ગમે તે કર્યું પણ આપણા રાજકીય પક્ષો પણ સામેથી પોતાને કોણે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા કેટલું દાન મળ્યું તેની વિગતો જાહેર કરી જ શકે. એ લોકો પાસે દાતાનું નામ ના હોય પણ બોન્ડનો સિરિયલ નંબર તો છે જ. આ સિરિયલ નંબર જાહેર કરાય તો પણ સ્ટેટ બેંકે મૂકેલી વિગતો સાથે મેચ કરીને લોકો કોણે ક્યા પક્ષને કેટલું દાન આપ્યું એ જાણી શકે. કમનસીબે કોઈ રાજકીય પક્ષ સામેથી આ વિગતો જાહેર કરવા તૈયાર નથી. આ વાત કોઈ એક પક્ષ કે નેતાની નથી પણ બધા રાજકીય પક્ષો અને નેતાઓની છે.

આ મુદ્દે રાજકીય પક્ષોની ચૂપકીદી એ વાતનો પુરાવો છે કે, આપણા રાજકીય પક્ષો એકદમ બેશરમ છે ને તેમને પારદર્શકતા બતાવવામાં રસ નથી. તેમણે ઈલેક્ટોરલ બોન્ડના નામે હરામની કમાણીનાં નાણાં લીધા છે એ વિગતો જાહેર કરવામાં નથી.

ઈલેક્ટોરલ બોન્ડને ગેરબંધારણીય ઠેરવીને સુપ્રીમ કોર્ટે બંધારણની રક્ષા માટે બતાવેલી સજાગતા સલામને પાત્ર છે પણ આ સજાગતાનો કમ સે કમ અત્યારે તો અર્થ નથી. આશા રાખીએ કે, સ્ટેટ બૅન્ક કશું છૂપાયા વિના બધી જ વિગતો જલદી જાહેર કરે ને લોકસભાની ચૂંટણી પહેલાં જાહેર કરે કે જેથી આપણા રાજકીય પક્ષોનો ચહેરો લોકો સામે ખુલ્લો પડે, કોને ક્યા પક્ષ માટે સહાનુભૂતિ છે એ દેશની જનતા જાણી શકે. લોકસભાની ચૂંટણી પછી વિગતો જાહેર કરાય તો તેનો મતલબ નહીં રહે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), શનિવાર, તા. ૧૬-૩-૨૦૨૪
શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગ

- ભારતીય દિનાંક ૨૬, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ગાથા ૨ ઉશ્તવદ સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૬-૦૫ સુધી, પછી મૃગશીર્ષ.
- ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૦ સુધી (તા. ૧૭મી), પછી મિથુનમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સાંજે ક. ૧૬-૪૯, મધ્યરાત્રિ પછી ક. ૪-૦૯ (તા. ૧૭)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૫, રાત્રે ક. ૨૨-૪૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - સપ્તમી. શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી સાંજે ક. ૧૬-૦૫ (પ્રયાણે વર્જ્ય), હોળાષ્ટક પ્રારંભ રાત્રે ક. ૨૧-૩૮, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૩૮. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ભૂમિ-ખાત, વાસ્તુકળશ, શ્રી વિનાયક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ધ્રુવ દેવતાનું પૂજન, હનુમાન ચાલિસા-સુંદરકાંડ પાઠ વાંચન, શનિ દેવતાનું પૂજન, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરમાં પાટ અભિષેક પૂજા, ધજા કળશ પતાકા ચઢાવવી. આજે રાત્રે ક.૨૧-૩૮ પછી તા.૨૫ પૂનમ બપોરે ક.૧૨.૨૯ સુધીના હોળાષ્ટકમાં સાંસારિક માંગલિક કાર્યો વર્જ્ય છે. પરંતુ લોકવાયકાથી જન સમાજ હોળાષ્ટકનાં આ કમુહૂર્તામાં અન્ય કાર્યો વર્જ્ય માને છે. આજે લગ્ન આદિ શુભ મુહૂર્ત પ્રસંગ નિમિત્તે નવાં વસ્ત્રો-આભૂષણ,નવી નોકરી, દુકાન, વેપાર, નવી કંપનીનો પ્રારંભ, નવું બેંક એકાઉંટ ખોલાવવું , નાણાં વ્યવહાર મિત્રતા કરવી. સ્થિર કાર્યો, મુંડન કરાવવું નહીં. બગીચો બનાવવો, બી વાવવું, ખેતીવાડી ધાન્ય વેચવું, લાંબા સમયનાં ઉપયોગી કામકાજ. નૂતન ગ્રહ પ્રવેશ થઇ શકે છે. વન-વગડા-ખેતર-તળાવ-સરોવર-નદી-પર્વત-તીર્થ આદિ પ્રવાસ પર્યટન. આજે ત્રિનો ભદ્રા દોષ ગ્રાહ્ય નથી. શનિ રોહિણી અમૃત સિદ્ધિ યોગમાં નવા ઘરનાં બાંધકામનો પ્રારંભ કરવો, ખાત મુહૂર્ત, લક્ષ્મી પૂજન, કુબેર યંત્ર પૂજન, શ્રી યંત્ર, બ્રહ્મલીન હરિહરપંડિત મહેસાણાવાળા સંશોધિત પ્રણિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર પ્રાણ પ્રતિષ્ઠા પૂજા, કુબેર યંત્ર, બગલાસમુખી માળા અનુષ્ઠાન, કનકધારા યંત્ર, સપ્તશતી પાઠ, બ્રાહ્મણ દ્વારા સત્યનારાયણ દેવતાનું પૂજન. રુદ્રી અભિષેક પૂજાનો મહિમા છે. ● આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ સાહસિક સ્વભાવ. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ (તા. ૧૭)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર. ■

# ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદનારી અગ્રણી કંપનીઓની યાદી

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદનારી અગ્રણી કંપનીઓના જાહેર કરેલા નામ નીચે મુજબ છેઃ

| | |
|---|---|
| ફ્યૂચર ગેમિંગ ઍન્ડ હોટેલ સર્વિસીસ | રૂ.૧,૩૬૮ કરોડ |
| મેઘા એન્જિ. ઍન્ડ ઇન્ફ્રાસ્ટક્ચર લિ. | રૂ. ૯૬૬ કરોડ |
| ક્વિક સપ્લાય ચેન પ્રાઇવેટ લિમિટેડ | રૂ. ૪૧૦ કરોડ |
| વેદાંતા લિમિટેડ | રૂ. ૪૦૦ કરોડ |
| હલ્દિયા એનર્જી લિ. | રૂ. ૩૭૭ કરોડ |
| ભારતી ગ્રૂપ | રૂ. ૨૪૭ કરોડ |
| એસેલ માઇનિંગ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિ. | રૂ.૨૨૪ કરોડ |
| વેસ્ટર્ન યુપી પાવર ટ્રાન્સમિશન | રૂ. ૨૨૦ કરોડ |
| કેવેન્ટર ફૂડપાર્ક ઇન્ફ્રા લિ. | રૂ. ૧૯૪ કરોડ |
| મદનલાલ લિ. | રૂ. ૧૮૫ કરોડ |
| ડીએલએફ ગ્રૂપ | રૂ. ૧૭૦ કરોડ |
| યશોદા સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ | રૂ. ૧૬૨ કરોડ |
| ઉત્કલ એલ્યુમિના ઇન્ટરનેશનલ | રૂ.૧૪૫.૩ કરોડ |
| જિંદલ સ્ટીલ ઍન્ડ પાવર લિ. | રૂ. ૧૨૩ કરોડ |
| બિડલા કાર્બન ઇન્ડિયા | રૂ. ૧૦૫ કરોડ |
| રુંગટા સન્સ | રૂ. ૧૦૦ કરોડ |
| ડૉ. રેડ્ડીઝ | રૂ. ૮૦ કરોડ |
| પિરામલ એન્ટરપ્રાઇઝીસ ગ્રૂપ | રૂ. ૬૦ કરોડ |
| નવયુગ એન્જિનિયરિંગ | રૂ. ૫૫ કરોડ |
| શિરડી સાઇ ઇલેક્ટ્રિકલ્સ | રૂ. ૪૦ કરોડ |
| સિપલા લિમિટેડ | રૂ.૩૯.૨ કરોડ |
| લક્ષ્મી નિવાસ મિત્તલ | રૂ. ૩૫ કરોડ |
| ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ | રૂ. ૩૩ કરોડ |
| જિંદલ સ્ટેનલેસ | રૂ. ૩૦ કરોડ |
| બજાજ ઑટો | રૂ. ૨૫ કરોડ |
| સન ફાર્મા લેબોરેટરીઝ | રૂ. ૨૫ કરોડ |
| મેનકાઇન્ડ ફાર્મા | રૂ. ૨૪ કરોડ |
| બજાજ ફાઇનાન્સ | રૂ. ૨૦ કરોડ |
| મારુતિ સુઝુકી ઇન્ડિયા | રૂ. ૨૦ કરોડ |
| અલ્ટ્રાટેક | રૂ. ૧૫ કરોડ |
| ટીવીએસ મોટર્સ | રૂ. ૧૦ કરોડ |
| એડલવાઇઝ ગ્રૂપ | રૂ. ૪ કરોડ |

(એજન્સી)

# ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદવામાં ત્રીજા નંબરે ક્વિક સપ્લાય ચેન પ્રા. લિ.

## રિલાયન્સની સબ્સિડિયરી નહિ હોવાની સ્પષ્ટતા

નવી દિલ્હીઃ નવી મુંબઈના ધીરુભાઇ અંબાણી નૉલેજ સિટીમાં રજિસ્ટર્ડ એડ્રેસ ધરાવતી ક્વિક સપ્લાય ચેન પ્રાઇવેટ લિમિટેડે ૨૦૨૧-૨૨ અને ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં રૂપિયા ૪૧૦ કરોડના ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદ્યા હતા અને આ રીતે તે ચૂંટણીલક્ષી બૉન્ડ્સમાં સૌથી મોટા દાતા તરીકે ત્રીજા ક્રમે છે. આમ છતાં, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી હતી કે ક્વિક સપ્લાય ચેન પ્રાઇવેટ લિમિટેડ રિલાયન્સની કોઇ કંપનીની સબ્સિડિયરી નથી.

ક્વિક સપ્લાય ચેન પ્રાઇવેટ લિમિટેડે વેરહાઉસ અને સ્ટોરેજ યુનિટ્સની મેન્યુફેક્ચરર છે. આ અનલિસ્ટેડ ખાનગી કંપની ૨૦૦૦ની નવ નવેમ્બરે રૂપિયા ૧૩૦.૯૯ કરોડના ઑથૉરાઇઝ્ડ શૅર કેપિટલ સાથે શરૂ કરાઇ હતી અને તેની પેઇડ-અપ કેપિટલ રૂપિયા ૧૨૯.૯૯ કરોડ છે. તેની ૨૦૨૨ના એપ્રિલથી ૨૦૨૩ના માર્ચ સુધી આવક રૂપિયા ૫૦૦ કરોડ હતી, પરંતુ તેનો નફો કેટલો હતો, તે જાણી નથી શકાયું.

કંપનીએ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૩૬૦ કરોડના ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદ્યા હતા, પરંતુ તે વર્ષમાં તેનો ચોખ્ખો નફો માત્ર રૂપિયા ૨૧.૭૨ કરોડ હતો. તેણે ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં વધુ રૂપિયા પચાસ કરોડના ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદ્યા હતા. કંપનીના ત્રણ ડિરેક્ટર છે. તેના બૉર્ડમાંના ડિરેક્ટર તપસ મિત્રા અન્ય પચીસ કંપનીના બૉર્ડમાં પણ છે. તેઓ પાર્ટનરશિપ ફર્મ્સ - રિલાયન્સ ઇરોઝ પ્રોડક્શન એલએલપી અને જામનગર કંડલા પાઇપલાઇન કંપની પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર પણ છે. (એજન્સી) ■

# કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન યેદિયુરપ્પા સામે પૉક્સો હેઠળ કેસ નોંધાયો

નવી દિલ્હીઃ ૧૭ વર્ષની પુત્રીની માતાએ કરેલી ફરિયાદને પગલે ભાજપના વરિષ્ઠ નેતા અને કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બી. એસ. યેદિટુરપ્પાની પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સ (પૉક્સો) ઍક્ટ અને આઈપીસીની કલમ ૩૫૪એ હેઠળ શુક્રવારે કેસ નોંધાયો હોવાનું પોલીસે કહ્યું હતું.

ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે બે ફેબ્રુઆરીએ બેઠક દરમિયાન યેદિયુરપ્પાએ પુત્રીનું જાતિય શોષણ કર્યું હતું.

સદાશિવનગર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ આપેલી માહિતી મુજબ ભાજપના નેતા અને કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન યેદિયુરપ્પા સામે પૉક્સો ઍક્ટ અને આઈપીસીની કલમ ૩૫૪એ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

આ અંગે પ્રતિક્રિયા આપતા યેદિયુરપ્પાએ કહ્યું હતું કે મહિલાએ મને મળવાનો અનેકવાર પ્રયાસ કર્યો હતો, પરંતુ મેં તેને મારા ઘરમાં ક્યારેય પ્રવેશવા નહોતી દીધી.

એકવાર તે રડી રહી હતી ત્યારે મેં તેને મારા ઘરમાં બોલાવી હતી અને પોલીસ કમિશનર બી. દયાનંદ સાથે વાત કરી મહિલા સાથે કંઈ અન્યાય થયો હોવાનું તેમને જણાવ્યું હતું. મેં તેને થોડાક રૂપિયા પણ આપ્યા હતા. જોકે મારી સામે જ તે મારા વિરુદ્ધ અજુગતું બોલવા લાગી હતી ત્યારે જ મને સમજાઈ ગયું હતું કે આ મહિલા યોગ્ય નથી, એમ તેમણે કહ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ફરિયાદી માતાએ ભૂતકાળમાં પણ બેંગલૂરુના પોલીસ કમિશનર આલોકકુમાર સહિત પચાસ કરતા પણ વધુ લોકો વિરુદ્ધ આ પ્રકારની ફરિયાદ નોંધાવેલી છે.

મહિલાએ ૨૯ જાન્યુઆરી ૨૦૨૧ અને ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૨ના આલોકકુમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કર્ણાટકના મુખ્ય પ્રધાન જી. પરમેશ્વરે કહ્યું હતું કે આ મામલે તપાસ પૂરી ન થાય ત્યાં સુધી કશું જ કહી શકાય નહીં. આ કેસ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનને લગતો હોવાથી અમારે કોઈપણ નિવેદન આપતાં સાવધ રહેવું પડશે, એમ તેમણે કહ્યું હતું.

મહિલા માનસિક રીતે બીમાર હોવાનું પણ અમુક લોકોનું કહેવું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# ઝારખંડનાં કૉંગ્રેસના ધારાસભ્યને ઇડીનું તેડું

રાંચીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ઝારખંડના કૉંગ્રેસના ધારાસભ્ય અંબા પ્રસાદ અને તેના ભાઈને આવતા મહિને મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે સમન્સ મોકલ્યા છે, સત્તાવાર સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું.

કથિત ખંડણીની વસૂલાત, ગેરકાયદેસર રેતી ખનન અને જમીન પચાવી પાડવા સંબંધિત કેન્દ્રીય એજન્સીની તપાસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા આ સપ્તાહની શરૂઆતમાં પ્રસાદ, તેના પિતા અને ભૂતપૂર્વ પ્રધાન યોગેન્દ્ર સાઓ અને અન્યના ઘર પર દરોડા પાડવામાં આવ્યા હતા.

૩૬ વર્ષીય પ્રસાદ, જે ઝારખંડ વિધાનસભામાં બરકાગાંવનું પ્રતિનિધિત્વ કરે છે, તેને ચાર એપ્રિલે હાજર થવા માટે કહેવામાં આવ્યું છે જ્યારે તેના ભાઈ અંકિત સાઓને બીજા દિવસે પાંચ એપ્રિલે બોલાવવામાં આવ્યા છે, તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

કેન્દ્રીય એજન્સી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ પીએમએલએની જોગવાઈઓ હેઠળ તેમના નિવેદનો રેકોર્ડ કરવા માગે છે, એમ તેઓએ જણાવ્યું હતું. એજન્સીએ ગુરુવારે કહ્યું હતું કે તેણે આ દરોડા પછી લગભગ ૩૫ લાખ રૂપિયાની ''બેનામી'' રોકડ અને દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

તેમની સામેનો કેસ સાઓ, તેના પરિવારના સભ્યો અને તેના સહયોગીઓ સામે ભારતીય દંડ સહિતા અને આર્મ્સ એક્ટ હેઠળ ઝારખંડ પોલીસ દ્વારા નોંધાયેલી ૧૫ એફઆઈઆરમાંથી ઉદ્ભવ્યો છે. ■

# પ્રાદેશિક પક્ષોએ મળીને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ₹ ૫,૨૨૧ કરોડ ભેગાં કર્યા

નવી દિલ્હીઃ પ્રાદેશિક પક્ષોએ એપ્રિલ ૨૦૧૯થી જાન્યુઆરી ૨૦૨૪ વચ્ચે ચૂંટણી બોન્ડ દ્વારા ૫,૨૨૧ કરોડ રૂપિયાથી વધુનું દાન મેળવ્યું હતું જે સમીક્ષા હેઠળના સમયગાળામાં એકલા ભાજપ દ્વારા એકત્ર કરાયેલા ૬,૦૬૦.૫૧ કરોડ રૂપિયા કરતાં ૮૩૯ કરોડ રૂપિયા ઓછા હતા. ચૂંટણી પંચ દ્વારા પ્રકાશિત ચૂંટણી બોન્ડના ડેટા અનુસાર, બે રાષ્ટ્રીય પક્ષો - કૉંગ્રેસ અને આપ - એ સમીક્ષા હેઠળના સમયગાળામાં અનુક્રમે રૂ. ૧,૪૨૧.૮૬ કરોડ અને રૂ. ૬૫.૪૫ કરોડ એકત્ર કર્યા છે. અન્ય રાષ્ટ્રીય પક્ષો - બીએસપી, સીપીઆઇ એમ અને એનપીપી-ને ચૂંટણી બોન્ડ દ્વારા કોઈ ભંડોળ પ્રાપ્ત થયું નથી. પ્રાદેશિક પક્ષોમાં, તૃણમૂલ કૉંગ્રેસે એકલા રૂ. ૧,૬૦૯.૫૩ કરોડ એકત્ર કર્યા હતા, જે ૨૨ પ્રાદેશિક પક્ષો દ્વારા પ્રાપ્ત કુલ દાનના ૩૦ ટકા હતા. ભારત રાષ્ટ્ર સમિતિએ ચૂંટણી બોન્ડ દ્વારા રૂ. ૧,૨૧૪.૭૦ કરોડ એકત્ર કર્યા, બીજેડીએ રૂ. ૭૭૫.૫૦ કરોડ, ડીએમકે રૂ. ૬૩૯ કરોડ, વાય એસ આરસીપીએ રૂ.૩૩૭ કરોડ, ટીડીપીએ રૂ. ૨૧૮.૮૮ કરોડ અને શિવસેનાએ ૧૫૯.૩૮ કરોડ એકત્ર કર્યા. ■

# પેટીએમના ગ્રાહકો પાંચ હેન્ડલથી યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સ કરી શકશે

નવી દિલ્હીઃ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા (એનપીસીઆઇ)ની વેબસાઇટ પર અપડેટ કરાયેલી માહિતી મુજબ પેટીએમ બ્રાન્ડની માલિક ફિનટેક ફર્મ 'વન૯૭'ને ચાર બૅન્કની સાથે ભાગીદારીમાં યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સ ચાલુ રાખવા માટે કુલ પાંચ હેન્ડલ મળ્યા છે. પેટીએમના ગ્રાહકો કંપનીના હાલના હેન્ડલ ડાકુળિં સહિત પાંચ હેન્ડલની મદદથી યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સ ચાલુ રાખી શકશે. તેઓએ કોઇ ફેરફાર કરવાની જરૂર નહિ રહે.નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયાએ ઇંઉત્રઈ ઇફક્ષસ સાથેના ડાવિંમરભ અને ભારતીય સ્ટેટ બૅન્ક સાથેના ડાતિંબશને પણ મંજૂરી આપી દીધી છે. તેનું યસ બૅન્ક સાથેની ભાગીદારીમાં ડાુયિંત યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સ હેન્ડલ પણ છે. પેટીએમના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પેટીએમના વપરાશકારો કંપનીના હાલના હેન્ડલ ડાકુળિં દ્વારા યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સ વિના વિઘ્ન ચાલુ રાખી શકશે. અગાઉ, પેટીએમના યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સ પેટીએમ પેમેન્ટ બૅન્કની મદદથી કરી શકાતા હતા, પરંતુ ભારતીય રિઝર્વ બૅન્કે તેના પર ડિપોઝિટ સ્વીકારવા, ક્રેડિટ ટ્રાન્ઝેક્શન કરવા અથવા ગ્રાહકોનાં ખાતાંમાં ટોપ-અપ્સ આપવા ૧૫ માર્ચથી પ્રતિબંધ મૂક્યો હતો. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### લોકસભાની ચૂંટણી

એલાન થયા બાદ કોઈપણ પ્રધાન કે અધિકારીઓ કોઈપણ પ્રકારની આર્થિક સબસિડીની જાહેરાત કરી શકશે નહીં. ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ પ્રશાસકીય અધિકારીઓને બાદ કરતાં કોઈપણ પ્રધાનો કે નેતાઓ શિલાન્યાસ કે ભૂમિપુજન કે ઉદ્ઘાટન કરી શકશે નહીં. સરકારી અને સાર્વજનિક ઉપક્રમોમાં એડ-હોક નોકરીઓ સત્તાધારી પક્ષના મતદારોને પ્રભાવિત કરી શતે તેના પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ચૂંટણી દરમિયાન સરકારી વિમાન, વાહન, મશીનરી અને કર્મચારીઓ સહિત સરકારી વાહનોનો ઉપયોગ કરવાની પરવાનગી મળશે નહીં. ચૂંટણી રેલીઓનું આયોજન કરવા માટે મેદાન અને હવાઈ યાત્રાઓ માટે હેલિપેડ જેવા સાર્વજનિક સ્થળો દરપેક પાર્ટીઓ અને ઉમેદવારોને એકસમાન નિયમો અને શરતો પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. ■

### સીએએના અમલ

સીએએના નિયમો અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે.

એક વખત નાગરિકત્વ આપી દેવાશે પછી તે પાછું ખેંચવાનું અશક્ય બની જશે એ બાબતને ધ્યાનમાં રાખીને વચગાળાની અરજીની સુનાવણી કરવામાં આવે, એમ સિબલે કહ્યું હતું. કેન્દ્ર સરકાર વતી ઉપસ્થિત રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજકર્તાની માગણીની યોગ્યતા સામે સવાલ ઉઠાવ્યા હતા. (એજન્સી) ■

### ઓહાયોમાં બરફનાં

રસેલ્સ પોઈન્ટમાં ભારે નુકસાન થયું હોવાનું નોંધીને તેમણે કહ્યું હતું કે ત્યાં વધુ જાનહાનિ થવાની સંભાવના છે. ઇન્ડિયાના સ્ટેટ પોલીસે જણાવ્યું હતું કે વિન્ચેસ્ટરના સમુદાયમાં ટોર્નેડો ફાટ્યા પછી અનેકને, ઘણી નોંધપાત્ર ઈજાઓ થઈ છે, પરંતુ મને સંખ

# પવઈમાં સહકર્મચારીની સગીર પુત્રી સાથે દુષ્કર્મ: કોસ્ટ ગાર્ડના બે જવાનની ધરપકડ

મુંબઈ: પવઈમાં સહકર્મચારીની ૧૫ વર્ષની પુત્રી સાથે કથિત દુષ્કર્મ કરવાના કેસમાં પોલીસે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના બે જવાનની ધરપકડ કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ગયા વર્ષે ૧૭ ઑક્ટોબરના રોજ એક આરોપીના પવઈ સ્થિત ઘરમાં બની હતી. ધરપકડ કરાયેલા આરોપી ૩૦ અને ૨૩ વર્ષના હોઈ બન્ને કોસ્ટ ગાર્ડમાં ફરજ બજાવતા હતા.

ઘટનાને દિવસે ૧૦મા ધોરણમાં ભણતી સગીરા કોચિંગ ક્લાસમાંથી ઘરે પાછી ફર્યા બાદ ઘરમાં એકલી જ હતી. માતા, નાની બહેન અને ભાઈઓ એક સમારંભમાં ગયા હતા, જ્યારે પિતા નાઈટ ડ્યૂટી પર હતા.

સગીરા રહે છે તે જ કૉમ્પ્લેક્સમાં રહેતો ૩૦ વર્ષનો આરોપી સગીરાના ઘરે આવ્યો હતો. કોઈ કામ હોવાથી પત્ની ઘરે બોલાવી રહી હોવાનું કહીને આરોપીએ સગીરાને પોતાની સાથે આવવાનું કહ્યું હતું. બન્ને પરિવાર એકબીજાને સારી રીતે ઓળખતા હોવાથી કોઈ પણ શંકા કર્યા વિના સગીરા આરોપી સાથે જવા તૈયાર થઈ ગઈ હતી.

સગીરા આરોપીના ઘરે પહોંચી ત્યારે અગાઉથી જ એક શખસ ત્યાં હાજર હતો. બન્ને જણ જબરદસ્તીથી સગીરાને બેડરૂમમાં લઈ ગયા હતા અને તેની સાથે કથિત બળાત્કાર ગુજાર્યો હતો. બનેલી ઘટનાની જાણ કોઈને કરી તો તેને અને તેના પિતાને મારી નાખવાની ધમકી આરોપીએ સગીરાને આપી હતી.

ઘટનાને પગલે ડિપ્રેશનમાં સરી પડેલી સગીરાને તબીબી સારવારની જરૂર પડી હતી. જાતીય હુમલાની ઘટનાના બે મહિના પછી ડિસેમ્બર, ૨૦૨૩માં સગીરાએ તેની સાથે બનેલી ઘટનાની જાણ માતાને કરી હતી. માતાએ આ અંગે પતિને જાણ કરતાં તેણે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડમાં ફરિયાદ કરી હતી.

સગીરાએ ૮ માર્ચે કોસ્ટ ગાર્ડના વરિષ્ઠ અધિકારીને પત્ર લખી પોલીસ ફરિયાદ નોંધાવવા માટે મદદ માગી હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી હતી. આરોપીઓની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. (પીટીઆઈ)■

# મધ્ય રેલવેમાં પાંચમી-છઠ્ઠી લાઈનનું કામ બે તબક્કામાં કરાશે

મુંબઈ: મધ્ય રેલવે દ્વારા લોકલ ટ્રેનની સેવામાં વધારો કરવા માટે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી કુર્લા દરમિયાન પાંચમી અને છઠ્ઠી રેલવે લાઇન નાખવાના પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જેનું કામકાજ બે તબક્કામાં પૂરું કરવામાં આવશે. તેનાથી સમગ્ર કોરિડોરમાં ટ્રેનની સર્વિસ વધારી શકશે. એકસાથે કામકાજ કરવાનું મુશ્કેલ હોવાથી બંને લાઈનનું કામકાજ તબક્કાવાર પૂરું કરવામાં આવશે. આ બે નવી રેલવે લાઇન નાખવાથી આ કોરિડોરમાં દોડાવાતી મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને તેના પર વાળવામાં આવશે, એવી માહિતી રેલવે અધિકારીએ આપી હતી.

કુર્લાથી સીએસએમટી સ્ટેશન દરમ્યાન પાંચમી અને છઠ્ઠી લાઇનને નાખવામાં આવતા વધુ લોકલ ટ્રેન માર્ગમાં દોડાવવામાં આવશે, જેને લીધે ૨૩ અવરમાં પ્રવાસીઓની ભીડમાં ઘટાડો આવશે. આ કામને બે તબક્કામાં હાથ ધરવામાં આવશે, જેથી મેલ/એક્સપ્રેસ ટ્રેન નવી લાઇન પર દોડશે જેને લીધે લોકલ ટ્રેન સેવાને પણ ગતિ મળશે અને ટ્રેન મોડી પાડવાની સમસ્યા પણ દૂર થશે, એવું તેમણે કહ્યું હતું.

રેલવેની માહિતી મુજબ લગભગ રૂ. ૯૨૦ કરોડના ખર્ચે પાંચમી અને છઠ્ઠી લાઇનને નાખવાનું કામ કરવામાં આવવાનું છે. આ કામકાજ માટે જમીન સંપાદનનું કામ શરૂ થઈ ગયું છે, જેના માટે સાયન બ્રિજને બારમા અને દસમા ધોરણની બોર્ડ પરીક્ષા બાદ તોડી પાડવામાં આવશે. આ સાથે કુર્લા હાર્બર લાઇનમાં એક એલિવેટેડ ટ્રેકના નિર્માણ સાથે પશ્ચિમ ભાગમાં નવા સ્ટેશનનું પણ બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે.

મધ્ય રેલવેમાં પાંચમી-છઠ્ઠી લાઈન નાખવાનો મુખ્ય ઉદ્દેશ લોકલ ટ્રેન અને લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેન માટે અલગ અલગ કોરિડોર તૈયાર કરવાનો છે. હાલમાં કલ્યાણ અને એલટીટીની વચ્ચે પાંચમી-છઠ્ઠી લાઈન ઉપલબ્ધ છે, જ્યારે તેને કુર્લા-સીએસએમટી વચ્ચે લંબાવવાની યોજના છે, જ્યારે તેનું કામ પણ બે તબક્કામાં પૂરું કરાશે. આ બંને લાઈન તૈયાર થયા પછી વધુ લોકલ ટ્રેનની સર્વિસ ઉપલબ્ધ થવાથી પ્રવાસીઓને રાહત થઈ શકે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.■

## કોલકાતામાં બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ

# દક્ષિણ મુંબઈના રહેવાસી સાથે ₹ દોઢ કરોડની ઠગાઇ આચરનારી ટોળકી સિલીગુડીથી પકડાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોલકાતામાં બોગસ કૉલ સેન્ટર ચલાવીને ભારતીય તથા વિદેશી નાગરિકો સાથે છેતરપિંડી આચરનારી ટોળકીના સાત સભ્યોને દક્ષિણ સાયબર પોલીસે સિલીગુડીથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓએ દક્ષિણ મુંબઈના રહેવાસી અને તેમના પરિવારજનોના ક્રેડિટ કાર્ડની માહિતી મેળવીને રૂ. દોઢ કરોડની ઑનલાઇન ખરીદી કરી હતી. આરોપી પાસેથી ૫૦ લાખની રોકડ, પાંચ ઘડિયાળ, ૨૭ મોબાઇલ તથા અન્ય મતા જપ્ત કરાઇ હતી.

દક્ષિણ સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ રયાન કાલૌલ શાહદાસ (૨૨), અરુણભા અભિતાભૌ હલ્દર (૨૨), રિતમ અનિમેશ મંડલ (૨૩), તમોજીત શેખર સરકાર (૨૨), રજીબ સુખચાંદ શેખ (૨૪), સુજોય જયંતો નાસકર (૨૩) અને રોહિત બરુન બૈદય (૨૩) તરીકે થઇ હોઇ તેઓ કોલકાતાના રહેવાસી છે.

આરોપીઓને મુંબઈ લવાયા બાદ અદાલતમાં હાજર કરાતાં તેમને ૧૯ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. ■

# ડોંબિવલી એમઆઈડીસીમાં આગ: એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: ડોંબિવલીમાં એમઆઈડીસીમાં કેલેક્સી કંપનીમાં શુક્રવારે બપોરના અચાનક આગ ફાટી નીકળી હતી. આગે ભીષણ સ્વરૂપ ધારણ કરતા આગમાં એક કામગારનું મૃત્યુ થયું હોવાનો બનાવ બન્યો હતો. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ કંપનીમાં આગ ફાટી નીકળતા ઘટના સ્થળે હાજર રહેલા કર્મચારીઓએ તાત્કાલિક ફાયર સેફ્ટી સિસ્ટમનો ઉપયોગ કરીને આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમા તેઓ અસફળ રહ્યા હતા. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી અને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. જોકે આ દરમિયાન આગમાં એક કર્મચારીનું મૃત્યુ થયું હતું. ■

# પોલીસ દળમાં સબ ઈન્સ્પેક્ટર ઓફ પોલીસ બનવાની તક

## કુલ ૪૦૦૦થી વધારે પીએસઆઈ નિયુક્તિ થશે

મુંબઈ: પોલીસનું મુખ્ય કાર્ય અપરાધીની તપાસ કરવી અને સમાજમાં થતાં વિવિધ ગુના પર નિયંત્રણ કરવું અને મહત્ત્વના પગલાં લઈને, જાહેર વ્યવસ્થા જાળવવાનું અને સમાજને ભયમુક્ત કરવો એ મુખ્ય હેતુ છે.

દિલ્હી પોલીસ ઉપરાંત કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલય દ્વારા સંચાલિત વિભાગો જેમાં ''સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરીટી ફોર્સ''(સીઆઈએસએફ), બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ), ઇન્ડો તિબેટ બોર્ડર પોલીસ પોર્સ (આઈટીબીપી), સશસ્ત્ર સીમા બળ (એસએસબી), વગેરે વિભાગોમાં આ પરીક્ષા પાસ કરવાથી પોસ્ટ મળે છે.

કોઈપણ ડિગ્રીના આધારે સ્પર્ધા પરીક્ષામાં સારી રેન્ક લાવીએ તોજ ખુબજ સારા પગારની નોકરી મળી શકે છે. જેઓને રૂઆબદાર પોસ્ટ તથા યુનિફોર્મવાળી નોકરીની ઈચ્છા હોય તો, તેઓ પોલીસમાં ભરતી માટે અરજી કરી શકશે.

ડિગ્રીમાં ટકાવારી પણ જરૂરી નથી. આ વર્ષે ટીવાયની પરીક્ષા આપી શકે છે. ઉમેદવારની પસંદગી સ્પર્ધા પરીક્ષાની મેરીટ અને ઈન્ટરવ્યુંના આધારે થશે. પાસ થવાથી મહિને ૮૦ હજારથી લાખ રૂપિયા સુધીનો પગાર મળશે. જ્યુંડીસીયલી સેપરેટેડ ત્યકતા, વિધવા, ડાયવોર્સી, સ્ત્રીઓ માટે ૩૫/૪૦ વર્ષ સુધીની છૂટછાટ છે.

આ પરીક્ષા વધારે માહિતી, માર્ગદર્શન અને અરજી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના ફોટો અને આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશનની લાયબ્રેરીમાં સંપર્ક કરવો અરજી કરવાની છેલ્લી તારીખ ૨૮-૦૩-૨૦૨૪ છે. ■

# 'ખીચડી' કૌભાંડમાં ઉદ્ધવ ઠાકરે જૂથના પદાધિકારી સૂરજ ચવ્હાણ વિરુદ્ધ ઈડીએ આરોપનામું દાખલ કર્યું

મુંબઈ: કોવિડ-૧૯ મહામારી દરમિયાન મુંબઈમાં જરૂરિયાતમંદોને 'ખીચડી'ના વિતરણમાં કથિત ગેરરીતિ સાથે કડી ધરાવતા મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા શિવસેનાના ઠાકરે જૂથના પદાધિકારી સૂરજ ચવ્હાણ વિરુદ્ધ શુક્રવારે આરોપનામું દાખલ કર્યું હતું. પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળના કેસો માટેના વિશેષ જજ એમ. જી. દેશપાંડે સમક્ષ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટની વિગતો તુરંત ઉપલબ્ધ થઈ શકી નહોતી. આ વર્ષની ૧૭ જાન્યુઆરીએ ચવ્હાણની ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તે અદાલતી કસ્ટડીમાં છે. મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા દાખલ કરવામાં આવેલા એફઆઈઆરમાંથી મની લોન્ડરિંગનું પાસું બહાર આવ્યું હતું, જેની તપાસ પછી ઈડીએ હાથ ધરી હતી. ઈડી અનુસાર મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મહામારી દરમિયાન હિજરતીઓમાં ખીચડીનાં પૅકેટના વિતરણ માટે ફોર્સ વન મલ્ટી સર્વિસીસના બૅન્ક ખાતામાં ૮.૬૪ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. કંપનીએ ૩.૬૪ કરોડ રૂપિયાની કથિત ઉચાપત કરી હતી, જેમાંથી ૧.૨૫ કરોડ રૂપિયા ચવ્હાણના ખાનગી બૅન્ક ખાતામાં વળતા કરવામાં આવ્યા હતા અને ૧૦ લાખ રૂપિયા તેની પાર્ટનરશિપ કંપની ફાયર ફાઈટર્સ એન્ટરપ્રાઈઝીસમાં ટ્રાન્સફર કરાયા હતા. (પીટીઆઈ)■

# થાણેમાં સુરક્ષા ભીંત તૂટી પડી: કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લાના કલવામાં આવેલી મુકુંદ કંપનીની ૮૦ ફૂટ લાંબી અને ૨૦ ફૂટ ઊંચી સુરક્ષા ભિંત શુક્રવારે બપોરના તૂટી પડી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ કલવા(પશ્ચિમ)માં આનંદ નગર, બૌદ્ધવાડીમાં સમર્થ વિદ્યાલય નજીક આ ઘટના બની હતી, જેમાં મુકુંદ કંપનીની ૮૦ ફૂટ લાંબી અને ૨૦ ફૂટ ઊંચી સુરક્ષા ભિંત તૂટીને બાજુમાં આવેલી એકવિરા સંકુલ ચાલના પાંચથી છ ઘર પર તૂટી પડી હતી. ■

## પાકિસ્તાની એજન્ટ હની ટ્રેપ પ્રકરણ

# આરોપીએ યુદ્ધજહાજ અને સબમરીનનાં પચીસ સ્કેચ પૂરા પાડ્યાની શંકા

મુંબઈ: મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડે (એટીએસ) પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઑપરેટિવ (પીઆઈઓ)ના હની ટ્રેપમાં સપડાઈને દેશના પ્રતિબંધિત વિસ્તારોની ગુપ્ત અને સંવેદનશીલ માહિતી પહોંચાડવાના આરોપસર ધરપકડ કરેલા આરોપીએ યુદ્ધજહાજ અને સબમરીનના પચીસ જેટલા સ્કેચ પૂરા પાડ્યાની શંકા વ્યક્ત કરાઈ રહી છે. એટીએસે મઝગાંવ ડૉકમાં કામ કરતા સ્ટ્રક્ચરલ ફેબ્રિકેટર કલ્પેશ બાઈકર (૩૦)ની સોમવારે ધરપકડ કરી હતી. આ પ્રકરણે કલ્પેશ અને અન્ય શકમંદો વિરુદ્ધ ઑફિશિયલ સિક્રેટ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

નવેમ્બર, ૨૦૨૧થી ૨૦૨૩ દરમિયાન ફેસબુકના માધ્યમથી કલ્પેશની ઓળખ એક મહિલા સાથે થઈ હતી. બન્ને વચ્ચે ચૅટિંગ થયા પછી આરોપીએ પ્રતિબંધિત વિસ્તારોની ગુપ્ત અને સંવેદનશીલ માહિતી એ મહિલાને પૂરી પાડી હોવાનો આરોપ છે. ખરેખર તો પાકિસ્તાની એજન્ટે મહિલાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી સંપર્ક સાધીને કલ્પેશને હની ટ્રેપમાં સપડાવ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

પોલીસને શંકા છે કે આરોપીએ યુદ્ધજહાજ અને સબમરીનના પચીસ સ્કેચ એજન્ટને મોકલાવ્યા હતા. સ્કેચમાં જહાજની લંબાઈ, પહોળાઈ સહિત અન્ય આંતરિક વિગતો હોવાનું કહેવાય છે. મહિલાએ પોતાનો જે મોબાઈલ નંબર કલ્પેશને આપ્યો હતો તે ગુજરાતના સરનામે રજિસ્ટર્ડ હોવાનું કહેવાય છે. ■

# મહારાષ્ટ્રમાં હજી ૮૦ જેટલાં ગામ-શહેર મુગલ શાસકોનાં નામે

મુંબઈ: મહારાષ્ટ્રમાં રાજ્ય સરકાર દ્વારા શહેર અને નગરના મુગલકાલીન નામને બદલીને સ્વદેશી નામ આપવા માટે પ્રયત્નો ચાલી રહ્યા છે. તાજેતરમાં અહમદનગરનું નામ બદલીને અહિલ્યા નગર કરવાના પ્રસ્તાવને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. જોકે મહારાષ્ટ્રમાં હજી પણ એવા અનેક શહેર અને ગામ છે જે મુગલ શાસકોના નામથી જ ઓળખાય છે. રાજ્ય સરકાર દ્વારા જુલાઈ ૨૦૨૩માં ઔરંગાબાદનું છત્રપતિ સંભાજી નગર, ઉસ્માનાબાદનું ધારાશિવ અને અહમદનગરનું નામ અહિલ્યા નગર કરવાનો નિર્ણય લીધો હતો, પણ મહારાષ્ટ્રના ૮૦ જેટલા ગામ છે જે હજી પણ મુગલ શાસક આદિલશાહ અને નિઝામશાહના નામે ઓળખાય છે, જેને સરકાર દ્વારા ધીરે ધીરે બદલવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

મુગલ શાસકોના નામે મહારાષ્ટ્રમાં અનેક ગામ અને શહેર છે. જેમાં સૌથી વધારે ઔરંગઝેબના નામે ૩૨ ગામ હતા, તે બાદ જહાંગીરના નામે ૨૧ ગામના નામ રાખવામાં આવ્યા હતા. આ સાથે બાબરના નામે ત્રણ અને શાહજહાંના નામે ૧૧ ગામના નામ રાખવામાં આવ્યા હતા. તેમ જ અહમદ નિઝામના નામે ૧૧ અને આસફ જાહી વંશના નામે પણ ત્રણ ગામના નામ રાખવામાં આવ્યા હતા.

ઔરંગઝેબ આ નામ ભારતના ઇતિહાસમાં સૌથી વિવાદાસ્પદ નામ છે. મહારાષ્ટ્રના ૧૩ જિલ્લાના ગામને ઔરંગઝેબના નામે ઓળખવામાં આવે છે. જેને સરકારે ઔરંગાબાદથી બદલીને છત્રપતિ સંભાજી નગર કરવામાં આવ્યું હતું. તેમ છતાં અહમદનગર જિલ્લાના બે ગામને આજના સમયમાં પણ ઔરંગાબાદ નામથી ઓળખાય છે. આ સાથે ઔરંગપુર, ઇસ્લામપુર, આઝમપુર, જાફરાબાદ, ફતેહાબાદ મિર્ઝાપુર અને રહીમપુર જેવા ગામના નામ બદલવા માટે પણ સરકાર પ્રયત્ન કરી રહી છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## ‘‘ધનજીભાઈની ધિંગામસ્તી’’

મુક્ત-મને, પેટ પકડીને જોરદાર હસાવતી કોમેડી એટલે એક જ નાટક ‘‘ધનજીભાઈની ધિંગામસ્તી’’ - નાટકમાં ધનજીભાઈ ત્રણ બૈરા વચ્ચે ફસાઈ જાય છે અને તેની ત્રીસ વરસની મેરેજ એનીવર્સરી આવે છે. જે ધિંગામસ્તી સર્જે છે. ધનજીભાઈનો બે કરોડનો મામલો પણ રસપ્રદ છે. ધનજીભાઈની શરત તારી દીકરીને મારા દીકરા સાથે જ પરણાવ આ જીદ ધનજીભાઈની સાકાર થશે કે નહીં? એ નાટક નિહાળવાથી જ ખબર પડશે. યુનિવર્સલ પ્રોડકશનનું ફરોહર ફાઉન્ડેશન પ્રસ્તુત હોમી તવાડિયા લિખિત સાયરસ દસ્તૂર

દિગ્દર્શિત બેફામ કોમેડી નાટકનો શુભારંભ જાહેર પ્રયોગ જમશેદી નવરોઝ મુબારકના પુનિત, પાવન પવિત્ર દિવસ ગુરુવાર ૨૧ માર્ચે સાંજે ૭.૪૫ કલાકે તેજપાલ ઓડિટોરીયમ ગોવાલિયા ટેન્ક ખાતે રજૂ થશે.

## છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રના રાજકારણ

સુધીમાં જાહેર કરવામાં આવશે. આ સાથે, ગઠબંધન પર ટિપ્પણી કરતા, તેમણે સંકેત આપ્યો કે મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટી ફેરબદલ થશે.

મહાદેવ જાનકરે માહિતી આપી હતી કે શરદ પવારે લોકસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય સમાજ પક્ષના નેતા મહાદેવ જાનકરને સીટ આપવાનું વચન આપ્યું હતું. આ અંગે સંજય શિરસાટે જણાવ્યું હતું કે, ‘‘ઘણા લોકો શરદ પવારને મળવા જઈ રહ્યા છે. મહાદેવ જાનકર પણ જશે. અમે તેમને અમારી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. જો કે, જો અમે અમારી (શિવસેના શિંદે જૂથ) પાસે આવતા લોકોની સંખ્યા જોઈશું. અમે આવતા સોમવારે મોટા ભૂકંપ જોઈશું.’’ સંજય શિરસાટે આ સૂચક પ્રતિક્રિયા આપી હતી.

વંચિત બહુજન અઘાડી અને મહાવિકાસ આઘાડી વચ્ચે ગઠબંધન સંદર્ભે તેમના નેતાઓ વચ્ચે બેઠકો થઈ રહી છે. મહાવિકાસ આઘાડી ‘વંચિતોને’ ચાર બેઠકો આપવા સંમત છે. શિવસેનાના પ્રવક્તા સંજય શિરસાટે આ અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ‘‘મહાવિકાસ અઘાડીની બેઠક થઈ રહી છે. જો કે, એડવોકેટ પ્રકાશ આંબેડકરને આ બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું, જેનો અર્થ છે કે મહાવિકાસ આઘાડી વંચિત બહુજન અઘાડી સાથે ગઠબંધન કરવા માગતી નથી’’ સંજય શિરસાટે કહ્યું.

### પાલિકા

બ્રિજ, દાદરનો તિલક બ્રિજ, ભાયખલા બ્રિજ, ઘાટકોપર બ્રિજ, મુંબઈ સેન્ટ્રલનો બેલાસિસ બ્રિજ, આર્થર રોડ બ્રિજ, મઝગાંવ સ્થિત સેંટ મેરી બ્રિજ, કરી રોડ બ્રિજ, માટુંગા બ્રિજ, ભાયખલાનો એસ બ્રિજ, લોઅર પરેલનો બ્રિજ અને મહાલક્ષ્મી બ્રિજનો સમાવેશ થાય છે. આ બ્રિજોમાંથી અનેક બ્રિજનાં ટેન્ડરો થઇ ચૂક્યાં છે. આગામી અમુક વર્ષોમાં જૂના બ્રિજોથી થોડા મોટા આધુનિક ટેક્નિકથી બનેલા બ્રિજો મુંબઈગરાઓની અવરજવર માટે ઉપલબ્ધ થશે.

### માર્ચ પછી

બજારમાં કાંદાના ભાવ વધારા બાદ ફરી ઘટાડો થવાની ધારણા છે. એક મહિનાથી કાંદાની ખરીદીનો દર સ્થિર હોવા છતાં બજારમાં છૂટક કાંદાના વેચાણના દરમાં એક મહિનામાં પાંચ રૂપિયાનો વધારો થયો છે.

કેન્દ્ર સરકારના નોટિફિકેશન મુજબ ૩૧ માર્ચ સુધી કાંદાના નિકાસ પર પ્રતિબંધ છે. પરંતુ, લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને, કાંદાના ઉત્પાદનમાં આશરે ૪.૭ લાખ ટનનો ઘટાડો થવાની ધારણા છે અને છૂટક બજારમાં કાંદાના વેચાણના ભાવમાં થયેલા વધારાને કારણે માર્ચ પછી પણ કાંદા પરનો નિકાસ પ્રતિબંધ હટાવવાની શક્યતા નથી.

### એનસીપી

કહ્યું હતું કે અમે અમિત શાહ સાથે મુલાકાત કરી છે. અમે દરેક સીટ પર મેરિટના આધારે ચર્ચા કરી છે. પણ હજી સુધી કોઈ અંતિમ ફોર્મ્યુલા આવી નથી. એનસીપીના વરિષ્ઠ નેતાએ એવો દાવો કર્યો હતો કે ગઠબંધનમાં ત્રણેય પક્ષોને સન્માનજનક સંખ્યામાં બેઠકો મળશે. તેમણે એમ પણ કહ્યું હતું કે ગઠબંધનમાં સૌથી મોટી પાર્ટી ભાજપ છે. અમે વ્યવહારિક અભિગમ સાથે આગળ વધી રહ્યા છીએ.

પ્રફુલ્લ પટેલે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે તેઓ એમ કહેવા માંગતા નથી કે એનસીપી ઘણી બેઠકો પર ચૂંટણી લડશે. પરંતુ એનસીપી માત્ર ત્રણથી ચાર બેઠકો પરથી જ ચૂંટણી લડશે તેવી અટકળો પણ સાચી નથી. એનસીપીને આટલી ઓછી બેઠકો મળશે તેવું માનવું ખોટું હશે. મહારાષ્ટ્રમાં લોકસભાની ૪૮ બેઠકો છે.

### બીએસઈના

ઑડિયો ક્લિપ મોકલવામાં આવી છે. કોન્ટેક્ટ અસ સેક્શનમાં વેબસાઇટ પર ઉલ્લેખિત અનેક કર્મચારીઓના મોબાઇલ નંબરો પર આ ઑડિયો ક્લિપ પ્રાપ્ત થઇ છે. પૂર્વ-રેકોર્ડ કરેલા ઑડિયો મેસેજમાં જણાવાયું છે કે, ‘૧૨ માર્ચ, ૧૯૯૩ના રોજ અમે બીએસઇની ઇમારતમાં વિસ્ફોટ કર્યો હતો. આ વર્ષે અમે ઇમારતનો નાશ નહીં કરીશું, પરંતુ અર્થતંત્ર ખોરવી નાખીશું. ૧૨ માર્ચથી ૩૦ એપ્રિલ સુધી સાવધાન રહો. સિખ્સ ફોર જસ્ટિસ જનરલ કાઉન્સેલ ગુરપતવંત સિંહ પન્નુન.’ પોલીસે જણાવ્યું હતું કે આ ઑડિયો ક્લિપ યુનાઇટેડ કિંગડમના કન્ટ્રી કોડ +૪૪થી શરૂ થતા મોબાઇલ નંબર પરથી આવી છે. જોકે આ કૉલ યુકેથી નહીં આવ્યો હોય એવી પોલીસને શંકા છે. બીએસઇના ચાર કર્મચારીને આવા અનેક મેસેજ આવ્યા છે. એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે અજાણ્યા લોકો સામે ગુનો દાખલ કરાયો છે. જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં શહેરમાં અનેક નામાંકિત લોકોને પન્નુન હોવાનો દાવો કરતી વ્યક્તિ પાસેથી ઑડિયો ક્લિપ પ્રાપ્ત થઇ હતી. એ સમયે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. મેસેજમાં શખસે એવો દાવો કર્યો હતો કે ૧૨ માર્ચના ભારતીય નાણાકીય બજાર માટે ડી-ડે છે અને તેઓ શેરબજારમાં બોમ્બ મૂકીને નહીં પણ તેમને નાદાર કરીને ભારતીય અર્થતંત્રને ખોરવી નાખવાના છે.

### નાળામાં તરતા

વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ લેવાની છે. તે માટે શુક્રવારે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જોકે ટેન્ડર પ્રક્રિયા પૂરી થઈને ટ્રેશ બૂમ દાખલ થવા સુધીમાં તો મુંબઈમાં ચોમાસાનું આગમન થઈ જશે. તેથી આ ટ્રેશ બૂમથી રાહત ચાલુ વર્ષે નહીં પણ આગામી ચોમાસામાં મળવાની છે.

મુંબઈમાં દર વર્ષે ચોમાસા પહેલા પાલિકાના સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ દ્વારા મુંબઈના મોટા નાળાઓની સફાઈ કરવામાં આવે છે. તો વોર્ડ સ્તરે નાના નાળાઓની સફાઈ કરવામાં આવે છે. નાળામાંથી ગાળ કાઢવાથી ચોમાસાની પાણીનો ઝડપથી નિકાલ થવામાં મદદ મળે છે. ચોમાસાં પહેલાં નાળામાંથી કેટલો ગાળ કાઢવો આવશ્યક છે, તેનો અભ્યાસ કરીને દર વર્ષે ગાળ કાઢવાનો લક્ષ્યાંક રાખવામાં આવે છે. મુંબઈમાં વરસાદની તીવ્રતાનો અભ્યાસ કરીને દર વર્ષે ગાળ કાઢવાનો લક્ષ્યાંક રાખવામાં આવે છે. જોકે નાળાઓની ૧૦૦ ટકા સફાઈ કર્યા બાદ પણ નાળાની આજુબાજુની ઝૂંપડપટ્ટી તેમ જ ચાલી અને બિલ્ડિંગમાંથી નાળામાં કચરો નાખવામાં આવે છે, તેને કારણે નાળામાં કચરો કચરો રહે છે. આ તરતો કચરો કાઢવા માટે અને તે દરિયામાં વહી જાય નહીં તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ અમુક વર્ષ પહેલા ટ્રેશ બૂમ સહિત તરાફા લીધા હતા અને તેનો ઉપયોગ નદી અને નાળામાં કરવાનું ચાલુ કરી દીધું છે.

પશ્ચિમ ઉપનગરમાં પાંચ ઠેકાણે અને પૂર્વ ઉપનગરમાં ચાર ઠેકાણે ટ્રેશ બૂમ સહિત તરાફા છે, જેમાં ત્રણ ટ્રેશ બૂમ મીઠી નદીમાં તરતા કચરા માટે વાપરવામાં આવે છે. તરાફાની જાળીમાં આ કચરો ફસાય છે અને તેને ટ્રેશ બૂમ મારફત બહાર કાઢવામાં આવે છે. તેને કારણે ગાળ, તરતો કચરો દરમિયાન જતો અટકે છએ. નાળામાંથી તરતો કચરો કાઢવા માટે ટ્રેશ બૂમ ઓછા પડે છે. તેની સંખ્યા ઓછી હોવાથી પાલિકાના સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટે વધુ ૧૬ ટ્રેશ બૂમ લેવાનો નિર્ણય લીધો છે. પાલિકા તે માટે શુક્રવારે ટેન્ડર બહાર પાડ્યા હતા. ટેન્ડર પ્રક્રિયા પૂરી કર્યા બાદ ટ્રેશ બૂમ લાવવામાં વિલંબ થવાનો હોઈ તેનો ઉપયોગ આગામી ચોમાસામાં જ થવાનો છે.

### મુંબઈગરાને

થાય તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ હુબેહુબ ડિજિટલ મૉડલ અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તૈયાર કરવાનું કામ હાથમાં લીધું છે.

જીઓસ્પેશિલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આ કાર્યવાહી કરવામાં આવવાની છે, જેમાં મુંબઈ મહાનગરપાલિકાના તમામ ૨૫ પ્રશાસકીય વોર્ડના મળીને કુલ ૫૦૦ ચોરસ કિલોમીટર ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે ખાનગી કંપનીની મદદ લેવામાં આવી છે. આ ઉપક્રમના માધ્યમથી મુંબઈ મહાનગરનો અત્યંત ચોક્કસ પ્રમાણે થ્રી ડી સ્વરૂપની હુબેહુબ ડિજિટલ પ્રતિરૂપ વિકસીત કરવામાં આવશે. તે માટે આર્ટિફિશિયેલ ઈન્ટેલિજન્સીની મદદ લેવામાં આવશે. આગામી ત્રણ વર્ષ માટે આ ‘થ્રી ડી મૅપિંગ’ અને તેના સંબંધિત માહિતી અત્યાધુનિક કરવાની જવાબદારી ખાનગી કંપનીની રહેશે.

### કોસ્ટલ રોડ

૨૦૧૨માં કોસ્ટલ રોડ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. તત્કાલીન પાલિકા કમિશનર સુબોધ કુમાર, તત્કાલીને સ્થાયી સમિતિ અધ્યક્ષ રાહુલ શેવાળે અને સ્થાયી સમિતિના ૨૬માંથી ૧૧ સભ્યો તેમાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં ભૂતપૂર્વ પાલિકા કમિશનર સુબોધ કુમારે કહ્યું હતું કે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માત્ર મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ અને એન્જિનિયરો, અધિકારીઓ અને પાલિકા કર્મચારીઓની અથાગ મહેનતને કારણે જ વાસ્તવિકમાં બની શક્યો છે. આ પ્રોજેક્ટ માટે ફંજીબલ ફર્સ્ટ ફ્લોર ઈન્ડેક્સના માધ્યમથી આવકનો એક નવો સ્રોત ઊભો થયો છે. અનેક મુશ્કેલીઓ બાદ આ પ્રોજેક્ટ પૂર્ણ થયો છે.

શુક્રવારના પાલિકા મુખ્યાલયમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ભાજપના ભૂતપૂર્વ નગરસેવકે કહ્યું હતું કે વડા પ્રધાન પદે મોદી આવ્યા બાદ ૨૦૧૪માં આ પ્રોજેક્ટ આગળ વધ્યો હતો. રાજ્ય સરકાર પાસેથી જુદી જુદી મંજૂરીઓ મેળવવામાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય ભૂમિકા ભજવી હતી. તો અન્ય ભાજપ અને શિંદેનાના નગરસેવકોએ પણ આ પ્રોજેક્ટનું શ્રેય ભાજપ અને શિંદેની શિવસેનાને આપવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે કૉંગ્રેસના ભૂતપૂર્વ નગરસેવિકા શીતલ મ્હાત્રેએ કહ્યું હતું કે રાજ્યના તત્કાલીન મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણ અને વડા પ્રધાન મનમોહનસિંહના યોગદાનને ભૂલવું ના જોઈએ. તેમના કાર્યકાળ દરમિયાન આ પ્રોજેક્ટ આકાર પામ્યો હતો.

શુક્રવારના કાર્યક્રમમાં ભાજપ-શિંદે અને કૉંગ્રેસ તરફથી શ્રેય લેવાના દાવા કરવામાં આવી રહ્યા હતા તેને પગલે આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રહેલા સાંસદ રાહુલ શેવાળેએ સ્પષ્ટતા કરવી પડી હતી કે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે કોઈ ક્રેડિટ લેવા માટે આ સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો નહોતો.

### મહાયુતિમાં

દક્ષિણ મુંબઈની બેઠકની ઓફર આપી છે. આ બેઠક પર યુબીટી તરફથી ભૂતપૂર્વ પ્રધાન અને સાંસદ અરવિંદ સાવંતની ઉમેદવારી નક્કી માનવામાં આવી રહી છે. જો એ નિશ્ચિત થઇ જાય તો દક્ષિણ મુંબઈની બેઠક પર ઠાકરે વર્સીસ ઠાકરેની લડાઈ જોવા મળી શકે છે.

બીજી બાજુ મનસેના નેતા બાલા નાંદગાંવકરને ઉમેદવાર બનાવવામાં આવે એવી શક્યતા છે. જોકે ભાજપ એવું ઈચ્છે કે મનસેનો ઉમેદવાર કમળના ચિહ્ન પર ચૂંટણી લડે, પણ રાજ ઠાકરેએ ભાજપને આ પ્રસ્તાવનો સાફ શબ્દમાં ઈનકાર કરી દીધો હતો.

સૂત્રોનું માનીએ તો ભાજપ અને શિવસેના મનસે માટે એક-બે બેઠક છોડવા માટે સકારાત્મક છે. એવું પણ કહેવાઇ રહ્યું છે કે દિલ્હીમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે મનસે બેઠક કરશે. જો એવું થાય તો મુંબઈમાં ઠાકરે વર્સીસ ઠાકરે વચ્ચે સંઘર્ષ જોવા મળી શકે છે. મુંબઈની સાથે થાણે, નાશિક જિલ્લામાં મનસેનું પ્રભુત્વ છે. આમ જોવા જાવ તો દક્ષિણ મુંબઈની બેઠકને શિવસેનાનો ગઢ માનવામાં આવે છે. જોકે શિવસેનાની જેમ જ મનસેનો પણ દબદબો છે. ૨૦૧૯ની ચૂંટણીમાં મરાઠી મતબેંક મોટા પ્રમાણમાં એમએનએસ તરફ આકર્ષિત થઇ હતી. આ માટે ભાજપે ઉદ્ધવ ઠાકરેને ઝટકો આપવા માટે મનસેનું સમર્થન લેવાની યોજના બનાવી છે.

### ઉત્તર પ્રદેશને

પાન મસાલાનું ઉત્પાદન કરતી એક કંપનીએ મહારાષ્ટ્રમાં તેના વેચાણ પરનો પ્રતિબંધ હટાવવાની માંગ કરતી અરજી દાખલ કરી છે. અરજદારોએ રાજ્યના ખાદ્ય સુરક્ષા કમિશનરેટ પાસેથી પાન મસાલાના ઉત્પાદન અને વેચાણ માટેનું લાઇસન્સ મેળવ્યું છે. તેથી, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી પાસે પણ વેચાણ લાયસન્સ રદ કરવાની સત્તા નથી. અરજીકર્તાઓએ એવો પણ દાવો કર્યો હતો કે ઉત્તર પ્રદેશના નોઈડામાં પાન મસાલા પર કોઈ પ્રતિબંધ નથી.

જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ ફિરદોશ પુનીવાલાની ખંડપીઠે આ દાવાની નોંધ લીધી હતી. વળી, ઉત્તર પ્રદેશ સરકારને તેના નાગરિકોની ચિંતા નથી, પરંતુ મહારાષ્ટ્ર સરકારને તેના નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા છે. તેથી, અમે સ્પષ્ટતા કરી છે કે અમે અરજદારોને પાન મસાલા પરના પ્રતિબંધ પર વચગાળાનો સ્ટે આપીને અહીં પાન મસાલા વેચવાની પરવાનગી આપી શકતા નથી, એમ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

રાજ્ય સરકારે દાવો કર્યો હતો કે પાન મસાલા પરનો પ્રતિબંધ યોગ્ય છે. પાન મસાલા અને અન્ય સમાન તમાકુ ઉત્પાદનોના ઉત્પાદન અને વેચાણ પર ૨૦૧૨નો પ્રતિબંધ હજુ પણ લાગુ છે. રાજ્ય સરકારે તબીબી અને આરોગ્ય વિભાગના અભિપ્રાય, દર્દીઓની વિગતોનો અભ્યાસ કર્યા બાદ પ્રતિબંધનો વ્યૂહાત્મક નિર્ણય લીધો હતો. સરકારે અરજદારોની માંગણી ફગાવી, વચગાળાની રાહત આપવાનો ઇનકાર કર્યો હતો.

### બેલાસિસ બ્રિજના

પશ્ચિમમાં તાડદેવ વિસ્તારને જોડે છે. પાલિકા બ્રિજની બંને તરફ એપ્રોચ રોડ બનાવશે, જેના પર રૂ. ૭૨.૨૧ કરોડનો ખર્ચ થશે. આમાં ઈસ્ટ તરફ ૧૩૮ મીટરનો એપ્રોચ રોડ અને પશ્ચિમ તરફ ૧૫૭ મીટરનો એપ્રોચ રોડ બનશે. બધું મળીને ૨૯૫ મીટરનો એપ્રોચ રોડ બનશે. પાલિકા બ્રિજ ડિપાર્ટમેન્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે બેલાસિસ બ્રિજનું નિર્માણ રેલવે કરશે, જેને બનાવવાનો ખર્ચ પાલિકા કરશે. અધિકારીએ એવું પણ જણાવ્યું હતું કે મુંબઈ આગામી વર્ષોમાં બ્રિટિશકાલીન ૧૦૦ વર્ષથી વધુના બ્રિજનો ઈતિહાસ થઇ જશે. કેમ કે પાલિકાએ રેલવે લાઈન ઉપર બનેલા જૂના ૧૨ બ્રિજને તોડીને તેને સ્થાને કેબલ બ્રિજ બનાવવાનો નિર્ણય લીધો છે.

પાલિકાનું માનવું છે કે બ્રિજ બનવાને કારણે ટ્રાફિકની સમસ્યાથી અમુક હદ સુધી છુટકારો મળશે. સ્થાયી સમિતિએ વર્ષ ૨૦૨૧માં આ બ્રિજ બનાવવા માટે મંજૂરી આપી દીધી છે. આ તમામ બ્રિજ કેબલ બ્રિજ બનશે. અહીં નોંધવું ઘટે કે મુંબઈમાં રેલવે ટ્રેક ઉપર બનેલા આ બ્રિજ ૧૦૦થી ૧૨૭ વર્ષ જૂના થઇ ગયા છે અને આમાંના મોટા ભાગના જર્જરિત અવસ્થામાં છે.

### કોનું પલડું

ભાયખલા વિધાનસભા ક્ષેત્ર (શિંદે જૂથ), મલબાર હિલ અને કોલાબા વિધાનસભા ક્ષેત્રમાં ભાજપના વિધાનસભ્ય અને મુંબાદેવી વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસના વિધાનસભ્ય છે. દક્ષિણ મુંબઈના મરાઠી વિસ્તારને જોવા જઇએ તો અહીં ઠાકરે જૂથનું વજન વધારે છે. એવામાં ભાજપ અને શિવસેનાએ ઠાકરેને હરાવવા માટે એમએનએસને સાથે લેવાની યોજના બનાવી છે. હવે એ જોવાનું મહત્ત્વનું રહ્યું છે કે ભાજપ મહાયુતિમાં હવે મનસેની એન્ટ્રી કઇ શરત પર કરાવે છે. આ પહેલાં હિંદી ભાષી મતો કપાઈ જવાના ભયથી ભાજપ પોતે જ મનસેથી અંતર રાખતો આવ્યો છે.

## હિન્દુ મરણ

**ઘોઘારી દશાશ્રીમાળી વણિક**

ભાવનગર નિવાસી હાલ મુંબઈ હસુમતીબહેન (હંસાબહેન) મોદી (ઉં. વ. ૮૮) તા.૧૪.૩.૨૪એ શ્રીજીચરણ પામ્યા છે. તે ચંદ્રકાંત (બાબુભાઈ) મોદીના પત્ની. અજયના માતુશ્રી. હેતાના સાસુ. રિશી - અદિતિ, રિદ્ધિ - કરણના દાદી. હીરાલક્ષ્મી દામોદરદાસ મહેતાના દીકરી. મીરાં, વંશના મોટા દાદી. બંને પક્ષની સંયુક્ત પ્રાર્થનાસભા તા.૧૬.૩.૨૪, શનિવારે ૫ થી ૭. - ઇસ્કોન ચોપાટી, ૭, કે. એમ. મુનશી માર્ગ, ગિરગામ ચોપાટી, મુંબઈ. લૌકિક પ્રથા બંધ છે.

**સુરતી વિશા લાડ વણિક**

ગં.સ્વ. રંજનાબેન દલાલ (અલકબેન) (ઉં.વ. ૯૧) તે સ્વ. નગીનલાલ અને સ્વ. ગોદાવરીબેન શેઠના પુત્રી. સ્વ. ચંદ્રકાંત મટુલાલ દલાલના ધર્મપત્ની. તે સ્વ. સુર્યકાંત, સ્વ. મંજુલાબેન અને મનમોહન દલાલના ભાભી. સ્વ. જયેશ, સ્વ. પરેશ અને નિલીમાના માતુશ્રી. દર્શના, તેજલ તથા સ્વ. જતિનના સાસુ. રિકીતા, નમ્રતા, નિર્મિત, દર્શીત, ભાવિકના દાદી. શુક્રવાર, તા. ૧૫-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીગોડ મેડતવાલ બ્રાહ્મણ**

ડેડાણવાળા સ્વ. બાબુલાલ પરશોત્તમ દીક્ષિતના ધર્મપત્ની સ્વ. તારાબેન બાબુલાલ દીક્ષિત (ઉં.વ. ૯૦) તા. ૧૩-૩-૨૪ ને બુધવારના સ્વર્ગવાસી થયેલ છે. તે પરેશભાઈ, રેખાબેન, ભાવનાબેન, વર્ષાબેન, બિનાબેનના માતુશ્રી. સૌ. કાશ્મીરા, સ્વ. ગીરીશકુમાર, હસમુખભાઈ, રાજેશકુમાર, મહેશકુમારના સાસુ. વાની તથા વારીના દાદી. રૂપેશ, મેહુલ, સ્વ. અમીત, અકિતા, નિકિતા, માનસી, અંજલી તથા ઋતવીજના નાની. પિયર પક્ષે સ્વ. ભાનુશંકર મણીશંકર જાનીના બેન. તેમની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૬-૩-૨૪ના પથી ૭. સ્થળ: વિનાયક સમાજ મંદિર હોલ, ૨જે માળે, વિનાયક નગર, શ્રીદિ પટેલ રોડ, રેલવે સ્ટેશનની બાજુમાં, ભાઈંદર (વેસ્ટ).

**વિશા સોરઠિયા વણિક**

માધવપુરના હાલ અંધેરી શ્રીમતી. મંજુલા ગોરધનદાસ શાહ (ઉં.વ. ૮૯) તા. ૧૩-૩-૨૪, બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તેઓ અરુણા, રીટા, હંસા, કમલની માતા. કેતના, હરેન્દ્રભાઈ, દિલિપભાઈ, પંકજભાઈના સાસુ. દિવાસાવાળા કમળાબહેન લીલાધર શાહના દીકરી. ધીરીબહેન, નયનાબહેન, ભીખુભાઈ, રાજેશભાઈના બહેન. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૬-૩-૨૪ના પથી ૭. બેંકવેટ હોલ, અડાની વેસ્ટર્ન હાઈટ, ચાર બંગલા, અંધેરી (વેસ્ટ).

**ચીખલી દશા મોઢ વણિક**

સુરત નિવાસી શૈલેષભાઇ તથા દક્ષાબેન પરીખનાં પુત્ર આકાશ (ઉં. વ. ૫૪) તે કવીતાનાં પતિ. જય અને યશના પિતાશ્રી. દર્શનના ભાઇ. સુધીરભાઇ તથા ભાવનાબેનના જમાઇ. રેશમા અજીતભાઇના બનેવી. તા.૧૪-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

વિપુલ જમનાદાસ હરિયાણી (ઉં. વ. ૬૧) ગામ ગુંદીયાળી કચ્છ હાલ ચેમ્બુર તે સ્વ. જમનાદાસ ખીમજી હરિયાણી અને સ્વ. માલતીબેનના સુપુત્ર. તે બીનાબેનના પતિ. ચિ. શ્રેયા અને ચિ. મેઘનાના પિતા. ડો. સુખ્મા હર્ષદ ભણસાલીના ભાઇ. જેઠાલાલ જેરામ ઠક્કરના જમાઇ. મંગળવાર, તા.૧૨-૩-૨૪ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૭-૩-૨૪ના કોમ્યુનિટી હોલ, ફેઝ-૨, ચેમ્બુર જીમખાના રોડ નં. ૧૬, આંબેડકર ગાર્ડન પાસે, ચેમ્બુર સ્ટેશન (ઇસ્ટ) પથી ૬.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

મૂળ ગામ રાજુલાવાળા હાલ વિલેપાર્લે શૈલેષભાઇ તનસુખલાલ સોની (જીણાન્દ્રા) (ઉં. વ. ૬૭) તે દક્ષાબેનના પતિ. અંબિકા, જાનકી, ત્રિશિવના પિતાશ્રી. હેમાંગકુમાર અને તરુણકુમારના સસરા. સ્વ. ઇલાબેન, સ્વ. મહેશભાઇ, ભાવનાબેન અને જયેશભાઇના ભાઇ. સ્વ. ભાણજીભાઇ રણછોડભાઇ ધાણક (વેરાવળવાળા)ના જમાઇ. સ્વ. જયોત્સનાબેન, સ્વ. પ્રવિણાબેન ધીરજભાઇ, રમેશભાઇ, સ્વ. રેણુકાબેન, સ્વ. ચંદ્રવદનના બનેવી તા. ૧૪-૩-૨૪ના ગુરૂવારે કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૪ના શનિવારે પથી ૬. નિવાસસ્થાન : ડી-૪૦૫, મોહનવીલા, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કાનમી રૂખી**

સ્વ. શારદાબેન નટવરભાઇ સોલંકી (ઉ. વ. ૭૦) ગામ ભરૂચના હાલ (વિલેપાર્લે) તા. ૬-૩-૨૪ના બુધવારે શ્રીચરણ પામ્યા છે. તે નટવરભાઇના પત્ની. તે હસમુખ, રાજેશ, હંસાના માતા. તે ઉર્મિલા, અરુણ, મયુરીના સાસુ. તે લક્ષ્મી, દિપિકા, અમિત, યશ, વરૂન, હિમાંશીના દાદી. તેમના સુતક્સુવાળા તથા પ્રાર્થનાસભા તા. ૧૭-૩-૨૪ના ગુરૂવારે ૩-૩૦થી ૫.૩૦ તેમના નિવાસસ્થાને :૩૦૨, ગણેશ બિલ્ડિંગ, બાઝ રોડ, વિલેપાર્લે (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ડુંગર વાળા રેશમિયા સ્વ.હિરાબહેન પ્રવિણચંદ્ર સવાઈલાલ મહેતાનાં પુત્ર પંકજ (ઉં. વ. ૬૦) હાલ ઘાટકોપર, તા. ૧૪/૦૩/૨૪ ગુરૂવારનાં શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીનાં પતિ. મૈત્રી દિશાંક મહેતા, રાજનાં પિતા. મુકેશ, વિજય, દેવેશનાં ભાઈ. માલતી હરેશકુમાર વોરાનાં ભાઈ. પિયરપક્ષે વાંશીયાળીવાળા નાનાલાલ ભાયચંદ ચિતલીયા (હાલ અમદાવાદ)નાં જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર ઘરમેળે રાખવામાં આવેલ છે.

**ચોપડા દશા દિશાવાળ**

સ્વ. મહેન્દ્રભાઈ (ઉં. વ. ૮૧) હાલ દહીંસર તે સ્વ. સરસ્વતી મણીલાલ શાહના સુપત્ર. સરલાબેન ના પતિ. સમીરના પિતાશ્રી. વૃષાલીના સસરા. તળેગામ નિવાસી સ્વ. લાલચંદ ગિરધરદાસ શાહના જમાઈ તા. ૧૪-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર ૧૭-૩-૨૪ ના ૪ થી ૬ સોનીવાડી, શીંપોલી રોડ, બોરીવલી (૫), દેહદાન કરેલ છે.

**નવગામ વિશા દિશાવાળ**

લાંઘણજ નિવાસી હાલ મુંબઈ શ્રી ભુપેન્દ્રભાઈ બાબુલાલ મોદી, તે સ્વ. ઈન્દુમતી મોદીના પતિ. રાજેશ, સાધના, સ્વ. સુજાતા અને મનીષાના પિતા તથા રીટાબેન, હર્ષદભાઈ, ધીરેનભાઈ, સંજીવભાઈના સસરા. સાસરા પક્ષે સ્વ. કાન્તીલાલ મોતીલાલ શાહ (પાનસર), તા. ૧૩-૩-૨૪ના દેવલોક પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ**

મુંબઈના મધુકાન્તાબેન કનૈયાલાલ યાગ્નિકનું અવસાન થયેલ છે. તે સ્વ. લાયન જગદીશ યાગ્નિક, રાજેશ યાગ્નિક, નયના ત્રિવેદી, સંગીતા જોષીના માતુશ્રી. ભૈરવી યાગ્નિક, મધુસુદન ત્રિવેદી, નિર્મલકુમાર જોષીના સાસુજી. કૃપા યાગ્નિકના દાદી, માનસી ત્રિવેદી, વરૂણ ત્રિવેદી, અને રીમા જોષી, સ્વ. ઉદિત જોષીના નાનીમા, પ્રાર્થનાસભા તા. ૧૭-૩-૨૪ને રવિવાર, ૫ થી ૭, સરનામુ- લાયલેક બેન્કવેટ, ઘાટકોપર જોલી જીમખાના, કામાલેન, ઘાટકોપર-વેસ્ટ.

**શિહોર સં. ઔ.અ.બ્રાહ્મણ**

ભાવનગર નિવાસી હાલ ગોરેગામ કિશોરભાઈ ત્રિવેદી (ઉં. વ. ૮૬) તા. ૧૩-૩-૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. શાંતાબેન ઈચ્છાશંકર ત્રિવેદીના પુત્ર. રમાબેનના પતિ. રૂપા, મીતા, મમતા અને દીપાના પિતાશ્રી. સ્વ. ધીરજલાલ, સ્વ. મહેશચંદ્ર અને રમેશભાઈ, સ્વ. પ્રભાબેન, સ્વ

# ગાવસકરે ઠપકો આપ્યા પછી યશસ્વીના પર્ફોર્મન્સમાં મોટું પરિવર્તન આવ્યું

## ૨૦૨૩માં વેસ્ટ ઇન્ડિઝમાં વિકેટ ફેંકી એ ભૂલ સનીએ તેને સાઉથ આફ્રિકાના પ્રવાસમાં હોટેલના એલિવેટર પર ચડતી વખતે બતાવેલી!

નવી દિલ્હીઃ ભારતને સુનીલ ગાવસકર તથા કે. શ્રીકાંત બાદ નવજોત સિંહ સિધુ, સચિન તેન્ડુલકર, વીરેન્દર સેહવાગ, સૌરવ ગાંગુલી, ગૌતમ ગંભીર, રોહિત શર્મા, શિખર ધવન વગેરે આક્રમક ઓપનર્સ બાદ યશસ્વી જયસ્વાલના રૂપમાં નવો ઍગ્રેસિવ અપ્રોચવાળો ઓપનિંગ બૅટર મળ્યો છે. વેસ્ટ ઇન્ડિઝ અને સાઉથ આફ્રિકા બાદ ઇંગ્લૅન્ડ કમાલ બતાડી ચૂકેલા યશસ્વીની કરીઅર હજી તો શરૂ થઈ છે ત્યાં તેને કોઈનો ઠપકો મળે એનાથી તેના કોઈ પણ ચાહકને આઘાત લાગે.

જોકે આ ઠપકો કોઈ લેજન્ડરી ક્રિકેટર આપે અને એનાથી યશસ્વીની કારકિર્દીની ગાડી બરાબર પાટા પર આવી ગયેલી જોવા મળે તો એ આનંદની વાત કહેવાય, ખરુંને?

વાત એવી છે કે યશસ્વી હવે જે રીતે એક પછી એક લાંબી ઇનિંગ્સ રમી શકે છે એ પાછળ અનેક ખેલાડીઓના આદર્શ અને ભારતીય ક્રિકેટના ગૌરવશાળી ઓપનર સુનીલ ગાવસકરની મહત્ત્વની ભૂમિકા છે. ઇંગ્લૅન્ડ સામે તાજેતરમાં જ ઉપરાઉપરી બે ડબલ સેન્ચુરી ફટકારીને યશસ્વી રેકૉર્ડ-બુકમાં આવી ગયો. ઇંગ્લૅન્ડ સામે એક સિરીઝમાં ૭૦૦-પ્લસ રન બનાવનાર તે પહેલો જ ભારતીય બૅટર છે. સુનીલ ગાવસકરે ૧૯૭૦ના દાયકામાં બે વખત (૧૯૭૧માં, ૧૯૭૮માં) આવી સિદ્ધિ વેસ્ટ ઇન્ડિઝ સામે મેળવી હતી અને ૪૫ વર્ષે તેમને પોતાની એ અપ્રતિમ ક્લબમાં યશસ્વીનો સાથ મળ્યો છે. જોકે યશસ્વીને ટેસ્ટ-ક્રિકેટમાં ૧૦,૦૦૦ રન પૂરા કરનાર પ્રથમ બૅટર ગાવસકરે થોડા મહિના પહેલાં સાઉથ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન હળવો ઠપકો આપ્યો હતો.

ગાવસકર હંમેશાં યુવા ખેલાડીઓને હાફ સેન્ચુરીને સેન્ચુરીમાં કેવી રીતે પરિવર્તિત કરવી એની સલાહ આપતા રહેતા હોય છે.

જુલાઈ, ૨૦૨૩માં યશસ્વી કરીઅરની પહેલી જ ટેસ્ટ-ઇનિંગ્સમાં (વેસ્ટ ઇન્ડિઝના ડૉમિનિકામાં) મૅચ-વિનિંગ ૧૭૧ રન ફટકારી ચૂક્યો હતો. ભારતે એ મૅચ એક દાવ અને ૧૪૧ રનથી જીતી લીધી હતી. જોકે ત્યાર પછી ટ્રિનિદાદની બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં યશસ્વીએ રોહિત શર્મા સાથે દાવની શરૂઆત કર્યા પછી ૫૭ રનના પોતાના સ્કોર પર વિકેટ ફેંકી દીધી હતી. તે હોલ્ડરના ખૂબ બહારના બૉલને છેડવા જતાં ગલીથી પણ દૂરના સ્થાને મૅકેન્ઝીને કૅચ આપી બેઠો હતો અને એ સાથે સતત કરીઅરના સતત બીજા દાવમાં સદી ફટકારવાની તક ચૂકી ગયો હતો. ગાવસકરને ત્યારે યશસ્વીનો એ અપ્રોચ બિલકુલ નહોતો ગમ્યો અને તેમણે એ વિશે કૉમેન્ટરીમાં કમેન્ટ પણ કરી હતી. જોકે એક અહેવાલ પરથી જાણવા મળ્યું છે કે ડિસેમ્બર, ૨૦૨૩માં સાઉથ આફ્રિકામાં સેન્ચુરિયન ખાતે સિરીઝની પ્રથમ ટેસ્ટમાં પ્રથમ દિવસની રમત પછી યશસ્વી ટીમ-હોટેલમાં એલિવરટર પર હતો ત્યારે ગાવસકર પણ તેમની બાજુમાં જ હતા અને ત્યારે ગાવસકરે તેને હળવો ઠપકો આપતા કહેલું કે 'કેમ તેં ટ્રિનિદાદમાં ખરાબ શૉટ મારેલો? આ રીતે વિકેટ કેમ ફેંકી દીધી હતી? બોલરને હવે પછી કદી પણ આ રીતે વિકેટની ભેટ નહીં આપતો.'

ગાવસકરનું હવે એવું માનવું છે કે યશસ્વીને ત્યારે આપેલો ઠપકો કારગત નીવડ્યો છે, કારણકે ત્યાર બાદ યશસ્વીના બૅટિંગ અપ્રોચમાં ઘણો સુધારો આવ્યો છે અને ઇંગ્લૅન્ડ સામે તેણે બૅક-ટુ-બૅક ટેસ્ટમાં ડબલ સેન્ચુરી ફટકારી છે. ગાવસકરનું એવું પણ માનવું છે કે ટ્રિનિદાદમાં તેમણે યશસ્વીને જે ઠપકો આપેલો ત્યાર પછી તે ત્રણ હાફ સેન્ચુરી પણ ફટકારી શક્યો છે અને તેમને આશા છે કે યશસ્વી હજી પણ આનાથી મોટી સિદ્ધિઓ મેળવશે તેમ જ તે જે કંઈ છે એ ભારતીય ક્રિકેટને કારણે છે એ તે કદી નહીં ભૂલે. ■

# રણજી ચૅમ્પિયન મુંબઈના ઓછા જાણીતા સુપરસ્ટાર ઑલરાઉન્ડર કોટિયનની ટૂંકી કરીઅરના ધમાકેદાર આંકડા જાણવા જેવા છે

તનુષ કોટિયને મેન ઑફ ધ ટૂર્નામેન્ટનો અવૉર્ડ જીતી લીધો હતો.

મુંબઈઃ રણજી ટ્રોફીમાં મુંબઈ અગાઉ વિક્રમજનક ૪૧ ટાઇટલ જીત્યું હતું અને છેલ્લા આઠ વર્ષથી એને ૪૨મી ટ્રોફી હાથતાળી આપી રહી હતી. જોકે આ વખતે ફરી એકવાર અજિંક્ય રહાણેના સુકાનમાં મુંબઈના ખેલાડીઓ મનમાં ગાંઠ વાળીને વિદર્ભ સામેની ફાઇનલમાં રમવા આવ્યા અને ૪૨મું ટાઇટલ જીતીને રહ્યા. આ વિરલ સિદ્ધિમાં રહાણેની કાબિલેદાદ કૅપ્ટન્સી ઉપરાંત બીજા ઘણા ખેલાડીઓના પર્ફોર્મન્સ સહભાગી છે, પરંતુ પચીસ વર્ષના ઑફ-સ્પિનિંગ ઑલરાઉન્ડર તનુષ કોટિયનનો દમદાર પર્ફોર્મન્સ બધાથી અલગ તરી આવે એવો રહ્યો છે.

મુંબઈએ ગુરુવારે વાનખેડેમાં વિદર્ભને ફાઇનલમાં ૧૬૯ રનથી હરાવ્યું હતું. ૫૩૮ રનના તોતિંગ લક્ષ્યાંક સામે વિદર્ભના બૅટર્સે જબરદસ્ત ફાઇટબૅક સાથે મુંબઈની ટીમની જીતને વિલંબમાં મૂકી દીધી હતી. વિદર્ભની ટીમ ૩૬૮ રન બનાવી શકી હતી અને 'મહાકાય' મુંબઈ સામે હાર સ્વીકારી લીધી હતી.

મુંબઈની આ શાનદાર જીતમાં કોટિયનનું બહુ મોટું યોગદાન હતું. કોટિયને આખી રણજી સીઝનમાં બૉલ અને બૅટથી પરચો બતાડ્યો હતો અને પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો અવૉર્ડ જીત્યો હતો. ફાઇનલમાં તેણે કુલ સાત વિકેટ લીધી હતી. મૅચના ચોથા દાવમાં વિદર્ભના કૅપ્ટન અક્ષય વાડકરે સેન્ચુરી ફટકારીને એક સમયે મુંબઈની ટીમને થોડી ચિંતામાં મૂકી દીધી હતી, પરંતુ કોટિયને તેની વિકેટ લઈને મુંબઈને વાપસી અપાવી હતી.

કોટિયન આ વખતની (૨૦૨૩-'૨૪ની) રણજી સીઝનમાં ૧૦ મૅચ રમ્યો જેમાં તેણે ૧૬.૯૬ની શાનદાર સરેરાશે કુલ ૨૯ વિકેટ લીધી. એ ઉપરાંત, તેણે એક સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરીની મદદથી ૪૧.૮૩ની ઍવરેજ સાથે કુલ ૫૦૨ રન બનાવ્યા અને લગભગ દરેક હરીફ ટીમને ભારે પડ્યો. કોટિયને ૨૦૧૮-'૧૯ની રણજી સીઝનથી પ્રથમ કક્ષાની મૅચોમાં રમવાનું શરૂ કર્યું હતું. અત્યાર સુધીમાં તે ૨૬ મૅચમાં ૨૭.૦૦ની ઍવરેજ સાથે ૭૫ વિકેટ લઈ ચૂક્યો છે. બે વાર તે દાવમાં પાંચ-પાંચ વિકેટ લઈ ચૂક્યો છે. તેની બૅટિંગની વાત કરીએ તો આ ૨૬ મૅચમાં તેણે ૪૫.૦૦ની સરેરાશે ૧૧૫૨ રન બનાવ્યા છે જેમાં એક સેન્ચુરી અને અગિયાર હાફ સેન્ચુરી સામેલ છે. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટની 'લિસ્ટ-એ' મૅચોમાં કોટિયને ૨૦ વિકેટ અને ટી-૨૦ મૅચોમાં ૨૪ વિકેટ લીધી છે તેમ જ કુલ ૧૫૦ જેટલા રન પણ બનાવ્યા છે.

પૂંછડિયા બૅટર્સમાં ભાગીદારી કરવામાં પણ કોટિયન ચમક્યો છે. બરોડા સામેની ક્વૉર્ટર ફાઇનલમાં તેણે તુષાર દેશપાંડે સાથેની જોડીમાં દસમી વિકેટ માટે ૨૩૨ રનની વિક્રમજનક પાર્ટનરશિપ કરી હતી. કોટિયને ત્યારે ૧૨૯ બૉલમાં અણનમ ૧૨૦ રન અને દેશપાંડેએ ૧૨૯ બૉલમાં ૧૨૩ રન બનાવ્યા હતા. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૦મી વિકેટ માટેની ભાગીદારી કરનાર ૧૦મા તથા ૧૧મા ક્રમના બૅટરે સેન્ચુરી ફટકારી હોવાનો એ બીજો જ કિસ્સો હતો. કોટિયન-દેશપાંડેની જોડીએ ચંદુ સરવટે (અણનમ ૧૨૪) અને શૂત બૅનર્જી (૧૨૧)ની બરાબરી કરી હતી. કોટિયન અને દેશપાંડેની જોડી માત્ર એક માટે અજય શર્મા અને મનિન્દર સિંહના ૩૨ વર્ષ જૂના વિક્રમની બરાબરી કરવાનું ચૂકી ગઈ હતી. અજય શર્મા અને મનિન્દરે ૧૦મી વિકેટ માટે ૨૩૩ રનની પાર્ટનરશિપ કરી હતી, જ્યારે કોટિયન-દેશપાંડે વચ્ચે ૨૩૨ રન બન્યા હતા.

કોટિયનનો જન્મ અને ઉછેર મુંબઈમાં થયા. જોકે તેના પરિવારનું મૂળ વતન કર્ણાટકમાં છે. તેના પપ્પા કરુણાકર અને મમ્મી મલ્લિકા કોટિયન મૂળ ઉડુપી જિલ્લાના પંગાલા ગામનાં છે. કોટિયન ભારતની અન્ડર-૧૯ ટીમ વતી પણ રમી ચૂક્યો છે. ■

**ઈશાન કિશન બની ગયો મલિન્ગાઃ** મુંબઈમાં શુક્રવારે ઈશાન કિશન મુંબઈ ઈન્ડિયન્સની ટીમ સાથે નેટ પ્રૅક્ટિસમાં જોડાયો હતો. તેણે બોલિંગ કોચ લસિથ મલિન્ગાની હાજરીમાં તેના જેવા લૂકમાં અને તેની જ સ્ટાઈલમાં બોલિંગ કરીને બધાને હસાવ્યા હતા. આઈપીએલ બાવીસમી માર્ચે શરૂ થશે. હાર્દિક પંડ્યા આ ટીમનો કૅપ્ટન છે.

**પ્રૅક્ટિસ પહેલાં પૂજાઃ** કોલકાતામાં કેકેઆરના ખેલાડીઓએ શુક્રવારે પ્રૅક્ટિસ શરૂ કરતાં પહેલાં પૂજા કરી હતી. કેકેઆરની પ્રથમ મૅચ ૨૩મી માર્ચે ઈડનમાં હૈદરાબાદ સામે રમાશે.

# આઈસીસીએ કાયમ માટે લાગુ કરેલો 'સ્ટૉપ ક્લૉક'નો નિયમ છે શું?

દુબઈઃ ઘણી વાર મૅચ દરમ્યાન બે ઓવર વચ્ચેનો સમય કારણ વગર બગડતો હોય છે અને ક્યારેક તો ફીલ્ડિંગની ગોઠવણ થતી જ રહેતી હોવાથી નવી ઓવર શરૂ થવામાં સમય લાગી જતો હોય છે. પરિણામે, એક ઇનિંગ્સ માટે ફાળવવામાં આવેલો સમય વીતી જતો હોય છે અને સ્લો ઓવર-રેટની પેનલ્ટી લાગુ કરાતી હોય છે.

આઇસીસીએ શુક્રવારે જાહેરાત કરી હતી કે વન-ડે અને ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં સ્ટૉપ ક્લૉકનો નિયમ કાયમી બનાવવામાં આવ્યો છે. આ નિયમ હેઠળ દરેક ફીલ્ડિંગ ટીમે એક ઓવર પૂરી થાય એટલે નવી ઓવર ૬૦ સેકન્ડની અંદર શરૂ કરી દેવી પડશે. જો આવું નહીં કરવામાં આવે તો ફીલ્ડિંગવાળી ટીમને પેનલ્ટી કરાશે.

કોઈ પણ ટીમને નવી ઓવરનો પ્રથમ બૉલ ૬૦ સેકન્ડની અંદર ફેંકવા સંબંધમાં બે ચેતવણી અપાશે અને એમ છતાં એ બૉલ નહીં ફેંકાય તો એને પાંચ રનની પેનલ્ટી કરાશે. મેદાન પર ૬૦થી ૦ સુધીની ગણતરી બતાવતી મોટી ઇલેક્ટ્રોનિક ઘડિયાળ મેદાન પર મૂકાશે અને થર્ડ અમ્પાયર ઓવર પછી ૬૦ સેકન્ડના સમયની શરૂઆત કરાવશે. ■

AWARD WINNING PLAY! કાલે સાંજે ૭.૩૦ તેજપાલ
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ (23802679, 9892629810) Online: bookmyshow.com
SPARSH PRODUCTION રવિઃ ૭ એપ્રિલ રાત્રે ૯ અસ્પી
ઉમેશ શુક્લ-ચેતન ગાંધી-સૌમ્ય જોષી નિર્મિત
ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત
મૂળકૃતિઃ અભિજીત ગુરૂ આલેખનઃ ઉમેશ શુક્લ
દિગ્દર્શકઃ સ્વપ્નિલ બારસકર
માધુરી દીક્ષિત
★ રિદ્ધિ નાયક શુક્લ, નેહા પકાઈ, હર્ષદ પટેલ અને વ્યાસ હેમાંગ Show Cont. 7977916660, 9321144944
Deepak Somaiya

Avni Arts Pvt. Ltd. FREE VALET PARKING
કાલે સાંજે ૭.૩૦ ભવન
અમી ત્રિવેદી-કૌસ્તુભ ત્રિવેદી નિર્મિત
નિમેષ દિલીપરાય નિર્મિત
સંજય છેલ લિખિત
નિમેષ દિલીપરાય દિગ્દર્શિત
એક રોચક અનુભૂતિ SMASHING HIT!
ચોપાટી, બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ Ph. 23698085, 8169845046 Online: bookmyshow.com
અમી ત્રિવેદી અભિનિત
ચહેરા પર ચહેરો, છળકપટનો ઘેરો...
આર યા પાર
Show Cont. 98200 80714 Kala Nikatan JUHU - BORIVALI
Deepak Somaiya

જમશેદી નવરોઝના શુભ અવસરે
Tension ફ્રી, Fresh થાવ - ધિંગા મસ્તીથી હાસ્યનો ભરપૂર ખજાનો
A UNIVERSAL THEATRES PRODUCTION
ધનજીભાઈની ધીંગા મસ્તી
લેખકઃ હોમી તવાડિયા
દિગ્દર્શકઃ સાયરસ દસ્તુર
કલાઃ રમાકાંત ભગત
પ્રચાર પરિકલ્પનાઃ મનસ્વી દીક્ષિત
પ્રચારઃ ધર્મેશ વકીલ (ખુશી ક્રિયેશન્સ)
Hakim Productions Presents
A SUPERHIT DHAMAL COMEDY
*ing: મની મુલ્લા, પરીન શાહ, શિલ્પા જોષી, ગુણવંત સુરાણી, દિલશાદ ઈરાની, પર્લ મિસ્ત્રી, ડેલાવીન તારાપોર, દાનેશ ચિનોય, હેમંત ભટ્ટ, ફરીદા ભાથેના અને રમાકાંત ભગત
ગુરૂ. ૨૧ માર્ચ, સાંજે ૭.૩૦
તેજપાલ ઓડીટોરીયમ (ગોવાલીયા ટેન્ક-૨૩૮૦૨૬૭૯)
થિયેટર ઊપર બુ. સવારે ૯થી આખો દિવસ / ગ્રુપ બુકીંગઅને ચેરીટીશો. સંપર્ક માટેઃ8655069313/9324028447/9892232894
Book your tickets online : www.bookmyshow.com Media Partner Jam-e-Jamshed Estd. 1832

AMARDIP કાલે સાંજે ૭.૩૦ નહેરૂ વર્લી, બુ./ટેલી બુ. ૧૦-૬ Ph. 40245408, 9372052808 Online: bookmyshow
વિશાલ ગોરડિયા પ્રસ્તુત
ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત
નોશિલ મહેતા લિખિત-દિગ્દર્શિત
પત્રમિત્રો
ચિરાગ વોરા - દેવકી અભિનિત
પત્રવાચનથી ખીલતું સંબંધોનું મેઘધનુષ
એ. આર. ગર્ની લિખિત 'લવ લેટર્સ' પર આધારિત
સંગીતઃ કેદાર-અમિત Show Cont. 9820437187, 9320085142
Deepak Somaiya

'કાકા કો કુછ કુછ હોતા હૈ' અને 'કરસનકાકા જોરદાર'ની સફળતા બાદ ફરી એક નવું નક્કોર હાસ્યનું હુલ્લડ...
શુભારંભ જાહેર પ્રયોગો
કાલે રાત્રે ૯ અસ્પી
મલાડ, બુ./ટેલી બુ. ૯-૧૨,૫-૮ Ph. 28050481, 8169845046 Online: bookmyshow
સોમઃ ૨૫ માર્ચ-ધૂળેટી જાહેર રજા રાત્રે ૯ પ્રબોધન ઠાકરે બોરિવલી
રવિઃ ૩૧ માર્ચ બપોરે 3.30 તેજપાલ
રવિઃ ૭ એપ્રિલ સાંજે ૭.૩૦ નહેરૂ વર્લી
Show Cont. 9920169691, 9653397989
મહા હાસ્ય, મહા મનોરંજન
SIMANCH PRODUCTION પ્રસ્તુત
આસિફ પટેલ નિર્મિત
ઈમ્તિયાઝ પટેલ લિખિત
આશિષ ભટ્ટ દિગ્દર્શિત-અભિનિત
★ ચિત્રક શાહ, યૈશાલી પરમાર જીજ્ઞા ત્રિવેદી, હેમ જોશી કમલેશ પરમાર, વિવેક પંડ્યા અને પ્રથમ ભટ્ટ
હાસ્યનો DEMAND DRAFT
કાકા લાવે કેશ, બધાં કરે એશ
Deepak Somaiya

# હરભજને પાકિસ્તાનના ક્રિકેટપ્રેમીને જવાબ આપ્યો, 'તમે લોકો સપનાં જોવાનું હવે બંધ કરો'

જલંધરઃ ભૂતપૂર્વ ભારતીય સ્પિનર હરભજન સિંહ સ્પષ્ટવક્તા છે અને ક્યારેય પણ કોઈ પણ વિષયમાં પોતાને જે સાચુ લાગે એ વ્યક્ત કરતા અચકાતો નથી. તેના આ અભિગમનો પાકિસ્તાનના એક ક્રિકેટપ્રેમીને અનુભવ થયો છે.

ભજ્જીએ ટવિટર પરના પોતાના સત્તાવાર હૅન્ડલ પર આ પાકિસ્તાનીને સપનાં જોવાનું બંધ કરવાની સલાહ આપી હતી જેનાથી એ ક્રિકેટલવર જરૂર ચોંકી ગયો હશે.

વાત એવી છે કે અલી રઝા આલમ નામનો પાકિસ્તાની ક્રિકેટર હરભજનનો ફૅન છે. રઝાએ ટ્વિટર પર લખ્યું, 'આઇપીએલમાં ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓને ફરી સાથે રમતા જોવાની ઘણા ક્રિકેટપ્રેમીઓની ઇચ્છા હશે.'

પાકિસ્તાનના ખેલાડીઓ ૨૦૦૮ની સૌપ્રથમ આઇપીએલ સીઝનમાં રમ્યા હતા, પરંતુ એ વર્ષમાં મુંબઈ પરના ટેરર-અટૅક પછી પાકિસ્તાનના ખેલાડીઓ માટે આઇપીએલનો દરવાજો બંધ થઈ ગયો છે. આઇપીએલ પરથી જ પ્રેરિત થઈને પાકિસ્તાન પોતાને ત્યાં પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) રાખે છે જેમાં ભારત સિવાયના કેટલાક દેશોના ખેલાડીઓ ભાગ લેતા હોય છે. જોકે આઇપીએલ વિશ્વની સૌથી લોકપ્રિય અને ખેલાડીઓને સૌથી વધુ પૈસા આપતી ટી-૨૦ લીગ છે અને એમાં પાકિસ્તાનના ખેલાડીઓ રમતા જોવા નથી મળતા એનો રંજ કરોડો પાકિસ્તાન-તરફી ક્રિકેટલવર્સને હશે જ.

હરભજને પોતાને ટૅગ કરનાર પાકિસ્તાનના ક્રિકેટર રઝા માટે જવાબમાં લખ્યું છે, 'તમે લોકો જે સપનું જોઈ રહ્યા છે એવું સપનું એક પણ ભારતીયનું નથી. તમે લોકો પણ સપનાં જોવાનું બંધ કરો. હવે તો જાગો.'

દરમ્યાન, ૪૩ વર્ષનો હરભજન બાવીસમી માર્ચે શરૂ થઈ રહેલી આઇપીએલમાં કદાચ કૉમેન્ટરી બૉક્સમાં જોવા મળશે. તે ૧૯૯૮થી ૨૦૧૫ દરમ્યાન ભારત વતી કુલ ૩૬૦થી વધુ મૅચ રમ્યો હતો અને આઇપીએલની ૧૬૩ મૅચમાં તેણે ૧૫૦ વિકેટ લીધી હતી. ■

# ભારત-પાકિસ્તાનના આગામી વર્લ્ડ કપ મુકાબલા વિશે મહત્ત્વની જાહેરાત

દુબઈઃ ક્રિકેટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના મુકાબલાથી વધુ રસાકસીભરી કે (ક્રિકેટપ્રેમીઓ માટે) બદલે કી ભાવનાવાળી મૅચ બીજી કોઈ હોતી નથી. એટલે જ આઇસીસીએ આ મુકાબલો ગમે એમ કરીને થાય એની તકેદારી રાખવી પડે છે. આ જંગ પાછળ સ્પૉન્સરોના કરોડો રૂપિયા લાગતા હોય છે તેમ જ સ્ટેડિયમમાં અને એની આસપાસ તેમ જ ટીવી-પ્રસારણમાં પણ કરોડો રૂપિયાનો બિઝનેસ થતો હોય છે. અહીં બુકીઓ તથા પન્ટરોના બિનસત્તાવાર સટ્ટાને તો હજી આપણે ધ્યાનમાં પણ નથી લીધો. આ બધુ જોતાં ભારત-પાકિસ્તાન મૅચ આ વખતે એના પ્રચાર અને લોકોના ઉત્સાહની અભૂતપૂર્વ ચરમસીમાએ જોવા મળતી હોય છે. આ બધુ ધ્યાનમાં લેતાં આઇસીસીનો નિર્ણય વિશ્વભરના કરોડો ક્રિકેટપ્રેમીઓને ખુશખુશાલ કરી દે એવો છે.

આગામી બીજી જૂનથી અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં સંયુક્ત રીતે ટી-૨૦ વર્લ્ડ કપ રમાવાનો છે અને એમાં ભારતની પ્રથમ મૅચ પાંચમી જૂને આયરલૅન્ડ સામે રમાશે. જોકે ખરો મુકાબલો નવમી જૂને થશે જેમાં ભારત અને પાકિસ્તાનની ટીમ વચ્ચે જોરદાર ટક્કર થશે.

આઇસીસીએ જાહેર કર્યું છે કે નવમી જૂનની ભારત-પાકિસ્તાન મૅચને દિવસે જો વરસાદ પડશે તો એ મૅચ બીજા દિવસે રમી શકાશે. અન્ય મૅચોમાંથી ફક્ત સેમિ ફાઇનલ અને ૨૯ જૂનની ફાઇનલ માટે જ રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે.

અન્ય મૅચોની વાત કરીએ તો મેઘરાજાનું વિઘ્ન આવ્યું હશે તો મૅચને પૂર્ણ ગણવા માટે પાંચ-પાંચ ઓવર રમાઈ હોવી જોઈશે. નૉકઆઉટ સ્ટેજમાં પ્રત્યેક મૅચમાં ૧૦-૧૦ ઓવર રમાઈ હશે તો જ એ મૅચનું પરિણામ નક્કી થશે.

જૂનના આ ટી-૨૦ વર્લ્ડ કપનો આરંભ અમેરિકા અને કૅનેડા વચ્ચેની મૅચથી થશે. ભારત ૨૦૦૭ની સૌપ્રથમ ટૂર્નામેન્ટ બાદ આ વર્લ્ડ કપની ટ્રોફી નથી જીતી શક્યું. ■

# ઇંગ્લૅન્ડનો જોફ્રા આર્ચર કર્ણાટકમાં કેમ ઇંગ્લૅન્ડના જ બૅટરને આઉટ કરી રહ્યો છે?

અલૂરઃ કર્ણાટકમાં બેન્ગલૂરુ નજીકના અલૂરમાં ઇંગ્લૅન્ડનો જગવિખ્યાત ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર પોતાના જ દેશના ખેલાડીઓને આઉટ કરી રહ્યો હોવાનો વીડિયો સસેક્સ કાઉન્ટીના ટ્વિટર હૅન્ડલ પર શૅર કરવામાં આવ્યો છે. અગાઉ આઇપીએલમાં રમી ચૂકેલો આર્ચર ઈજા બાદ પાછો ફિટ થવા આકાશ-પાતાળ એક કરી રહ્યો છે. તે કાઉન્ટી ચૅમ્પિયનશિપ પહેલાં ફિટનેસ હાંસલ કરવા તત્પર છે. મે, ૨૦૨૩થી મેદાનથી દૂર રહેલો રાઇટ-આર્મ બોલર આર્ચર સસેક્સ કાઉન્ટીની ટીમ સાથે કર્ણાટક આવ્યો છે. સસેક્સની ટીમે રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર (આરસીબી) ટીમના મૅનેજમેન્ટને તેમની ટીમ સાથે સસેક્સની પ્રૅક્ટિસ મૅચો ગોઠવવાની થોડા સમય પહેલાં વિનંતી કરી હતી, પરંતુ આરસીબીએ વ્યસ્ત સમયપત્રકને કારણે વિનંતી નકારી હતી. જોકે કર્ણાટક ક્રિકેટ એસોસિએશને વિનંતી સ્વીકારી એટલે સસેક્સની અલુરમાં કર્ણાટકની ટીમ સામે મૅચો રમાઈ રહી છે. નવાઈની વાત એ છે કે આર્ચર એક મૅચમાં કર્ણાટકની ટીમ વતી રમ્યો હતો અને સસેક્સના કેટલાક બૅટર્સને તેણે આઉટ કર્યા હતા.

# ઘાટકોપર જૉલી જિમખાનાની ઇન્ટર-ક્લબ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં બૉમ્બે જિમખાના ચૅમ્પિયન

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાનાએ તાજેતરમાં જે ઇન્ટર-ક્લબ ટી-૨૦ ક્રિકેટ ટૂર્નામેન્ટની ૧૩મી સીઝન યોજી હતી જેની ફાઇનલમાં બૉમ્બે જિમખાનાએ ચેમ્બુર જિમખાનાને ૧૩૩ રનથી હરાવીને વિનર્સ-ટ્રોફી જીતી લીધી હતી. ચેમ્બુર જિમખાનાને રનર્સ-અપ ટ્રોફી આપવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટમાં મુંબઈની કુલ આઠ જિમખાનાની ટીમોએ ભાગ લીધો હતો. ઘાટકોપર જૉલી જિમખાનાની ક્રિકેટ સબ કમિટી દ્વારા પ્રતિવર્ષની જેમ આ વખતે પણ મૅનેજિંગ કમિટી અને ટ્રસ્ટ બોર્ડના સહયોગથી આ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ક્રિકેટ સબ કમિટીએ આ સુંદર સહયોગ બદલ તેમ જ આવી ટૂર્નામેન્ટનું આયોજન કરવા સતત પ્રોત્સાહિત કરવા બદલ ચૅરમૅન રજનીકાંત શાહ અને મૅનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરાનો આભાર માન્યો હતો.

ઘાટકોપર જૉલી જિમખાનાની મૅનેજમેન્ટ કમિટી તથા ટ્રસ્ટી બોર્ડ સાથે સબ કમિટીએ તમામ ટીમોનો ભાગ લેવા બદલ તેમ જ ટૂર્નામેન્ટને સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો. ■

(ડાબેથી જમણે) વિજેતા ટ્રોફી અને ચૅમ્પિયન ટીમ બૉમ્બે જિમખાનાના ખેલાડીઓ સાથે ઘાટકોપર જૉલી જિમખાના ક્રિકેટ સબ કમિટીના સભ્યો દેવાંગ ઘોસાલિયા, પરાગ બાબરિયા, દીપક દેસાઈ, નીતિન ઉપાધ્યાય, મથુરાદાસ ખાનિયા, મૅનેજમેન્ટ કમિટીના સભ્ય તથા ક્રિકેટ ઇન્ચાર્જ નીશિથ ગોળવાલા, સેક્રેટરી પરેશ શાહ, જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર નલીનભાઈ, ટ્રસ્ટી હરીશ ગાંધી, કૅપ્ટન સ્વામીનાથન, સંજય રૂપાણી, જયેશ વોરા અને કોચ રવિ કુલકર્ણી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી છ બેઠકોની પણ પેટા ચૂંટણી યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ આવતીકાલે શનિવારે ચૂંટણીપંચ દ્વારા જાહેર કરવામાં આવશે. ગુજરાતમાં સંભવતઃ એક જ તબક્કામાં તમામ ૨૬ બેઠકોની ચૂંટણી થઈ શકે છે. ગુજરાતમાં વિધાનસભાની ખાલી પડેલી છ બેઠકો પર પેટાચૂંટણી થશે. ગુજરાત વિધાનસભામાં અત્યારની સ્થિતિએ ભાજપના ૧૫૬, કૉંગ્રેસના ૧૩, આપના ચાર અને એસ.પી.ના એક તેમજ બે અપક્ષ ધારાસભ્યો સાથે કુલ ૧૭૬ સભ્યો છે.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા જ કૉંગ્રેસના ચાર અને આમ આદમીના એક ધારાસભ્ય રાજીનામા આપીને ભાજપમાં જોડાઇ ગયાં હતા. જેમાં સૌથી પ્રથમ આમ આદમી પાર્ટીના વિસાવદર બેઠકના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ રાજીનામું આપીને ભાજપનો ખેસ ઓઢી લીધો હતો ત્યાર બાદ ખંભાત બેઠકના કૉંગેસના ધારાસભ્ય ચિરાગ પટેલ અને ત્યારપછી થોડા જ દિવસોમાં વિજાપુર બેઠકના ધારાસભ્ય સી. જે. ચાવડાએ રાજીનામુ આપ્યું હતું. ચાવડાના રાજીનામા બાદ છેલ્લે કૉંગ્રેસની સિનિયર નેતા અને પોરંબદર બેઠકના ધારાસભ્ય અર્જુ મોઢવાડિયા અને જૂનાગઢ જિલ્લાના માણાવદર બેઠકના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ રાજીનામુ ધરી દીધું હતું. આમ અત્યાર સુધીમાં કૉંગ્રેસના અને આપના એક મળીને કુલ પાંચ ધારાસભ્યોએ રાજીનામા આપી દેતા વિસાવદર, ખંભાત, વિજાપુર, પોરબંદર અને માણાવદર વિધાનસભા બેઠકો ખાલી પડી હતી. આ ઉપરાંત ભાજપમાં બળવો કરીને વાઘોડીયા બેઠક પરથી અપક્ષ તરીકે ચૂંટાયેલા ધર્મેન્દ્રસિંહ ઝાલાએ પણ રાજીનામુ આપી દીધું હતું આ કુલ છ બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. ગુજરાતમાં જ્યારે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રેકોર્ડબ્રેક ૧૫૬ બેઠકો મેળવી હતી. જ્યારે કૉંગ્રેસના ખાતામાં માત્ર ૧૭ બેઠક આવી હતી. પરંતુ ત્યારપછી પણ ગુજરાતમાં કૉંગ્રેસના ચાર ધારાસભ્યોના ચાર ધારાસભ્યોના રાજીનામા બાદ ગુજરાત વિધાનસભામાં કૉંગ્રેસના સભ્યોની સંખ્યા ૧૭થી ઘટીને ૧૩ થઈ ગઈ છે.■

# રાજ્યના ગ્રામ્ય વિસ્તારોના રસ્તા માટે ₹ ૩૮૪૨ કરોડનાં કામોને સરકારની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોના રોડ નેટવર્કને વધુ સુદૃઢ કરવા માટે ૩૮૪૨ કરોડ રૂપિયાનાં કામોને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી છે. ગ્રામ્ય માર્ગોની સુધારણા અને મજબૂતીકરણ દ્વારા ગ્રામીણ વસ્તીને બારમાસી રસ્તાની સુવિધા, કનેક્ટિવિટી આપવામાં આવશે.

મુખ્ય પ્રધાને રાજ્યની તમામ જિલ્લા પંચાયત હેઠળના ગ્રામ્ય આંતરિક માર્ગોના જરૂરી રિ-સરફેસિંગ માટેના ૩૧૮૦ કામો માટે ૩૧૨૦.૭૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આવા કુલ ૭૪૫૩.૨૧ કિલોમીટર લંબાઇના નોન પ્લાન રસ્તાઓનું રિ-સરફેસિંગ હાથ ધરાશે.

આ ઉપરાંત, રાજ્યના નોર્મલ વિસ્તારોમાં ૨૫૦થી ૫૦૦ની વસતી ધરાવતા પરાઓને જોડતા ૨૦૬ માર્ગોને રિ-સરફેસ કરવાની કામગીરી અન્વયે ૩૯૪.૨૭ કિલોમીટર લંબાઇના કામો હાથ ધરવા મુખ્યમંત્રીશ્રીએ ૧૯૧.૫૫ કરોડ રૂપિયાની ફાળવણીની મંજૂરી આપી છે.

રાજ્યના સરહદી ગામો-બોર્ડર વિલેજ, પરાઓ ચોમાસા દરમિયાન અન્ય માર્ગોથી વિખૂટા ડિસકનેક્ટ થઈ જતા હોય છે તેને જોડાણ આપવાની દિશામાં પણ મહત્ત્વપૂર્ણ મંજૂરી આપી છે. ૯૧.૨૨ કિલોમીટર લંબાઇના નવા ૧૦૦ રસ્તાઓ તેમજ વિવિધ પ્રકારના ખૂટતા ૭૬ સ્ટ્રક્ચર્સ માટે ૨૪૦.૮૬ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે.

આદિજાતિ વિસ્તારો જ્યાં ૨૫૦થી ઓછી વસ્તી છે તેવા પરાઓને જોડતા માર્ગોના રિ-સરફેસિંગ માટે ૨૮૮.૮૨ કરોડ રૂપિયા મંજૂર કરાયા છે.

આદિજાતિ અને અંતરિયાળ વિસ્તારોમાં આવાં ૪૧૫ કામો હાથ ધરીને ૭૩૧.૯૭ કિલોમીટરના માર્ગોની સુધારણા અને મજબૂતીકરણ કરવામાં આવશે. ■

# દેશવ્યાપી ૪૯૦૦ કરોડની છેતરપિંડીની તપાસના તાર કંડલા-મુંદરા સેઝ સુધી લંબાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૪૫૦૦ કરોડના ચકચારી છેતરપિંડીના પ્રકરણમાં દેશના વિવિધ રાજ્યોમાં દરોડા પાડી કાર્યવાહી કરાયા બાદ ભેજાબાજ શખસને કાયદાના સકંજામાં લીધો હતો. આ કેસની તપાસમાં ઠગબાજ શખસે સરહદી કચ્છના બંદરીય કંડલા અને મુંદરામાં પણ બોગસ કંપનીના આધારે નિકાસ બતાવીને હવાલાકાંડ આચર્યો હોવાનું એજન્સીઓની તપાસમાં બહાર આવતા ચકચાર પ્રસરી છે.

ઈ.ડી સાથે સંકળાયેલા એક અધિકારીએ આપેલી સત્તાવાર વિગતોમાં જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ દરમ્યાન ભારતમાં ચાલતા વિવિધ સાયબર ક્રાઈમ અને ઓનલાઈન ગેમિંગ દ્વારા આચરવામાં આવેલા ૪૯૭૮ કરોડના કૌભાંડમાં મુખ્ય આરોપી આશિષ કક્કરની મનીલોન્ડરિંગ એક્ટ તળે દિલ્હીના પરાં સમાન ગુરુગ્રામની હોટેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી અને દિલ્હી, રાજસ્થાન,ઉત્તર પ્રદેશ, હરિયાણામાં નોંધાયેલી વિવિધ ફરિયાદોના આધારે તપાસ શરૂ કરાઈ હતી. ભેજાબાજ શખસે ઠગાઈ કરવા માટે રોકાણ, પાર્ટ ટાઈમ જોબ કોડ, ઓનલાઈન શોપિંગ, લોન સહિતની પદ્ધતિ અપનાવીને ચાર વર્ષ સુધી આચરેલી છેતરપિંડી દ્વારા એકત્ર થયેલી રકમ આરોપી અને તેના સહયોગીઓ દ્વારા ૨૦૦થી વધારે બોગસ કંપનીઓ અને પેઢીઓના ખાતામાં ભરવામાં આવતી હતી.

આ હરામના નાણાંને વિદેશમાં મોકલવા માટે કંડલા અને મુંદરા સેઝ ખાતેથી હોંગકોંગ, ચીન, દુબઈથી આયાત કરી અને ત્યાંથી રી-એકસપોર્ટ કરી ૪૯૭૮ કરોડની રકમ વિદેશ મોકલી હતી. જોકે, એકસપોર્ટ સામે કોઈ પૈસા મળ્યા ન હતા. આ શખસની તપાસ દરમિયાન કંડલા અને મુંદરા સેઝના કેટલાક અધિકારીઓના ફોન નંબરો પણ મળ્યા હોવાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું. કચ્છભરમાં ચકચાર જગાવનારા સોપારીકાંડમાં પણ આ શખસની સંડોવણી હોવાનું વર્તુળો જણાવી રહ્યા છે. આ પ્રકરણમાં તપાસ એજન્સીઓએ અત્યાર સુધી ૫ કરોડનું સોનું, ૭૫ લાખ રોકડા કબજે કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.આ તપાસનો રેલો કંડલા-મુંદરા સેઝ સુધી પહોંચશે અને અનેક ચોંકાવનારી વિગતો બહાર આવશે, તેવું સૂત્રો જણાવી રહ્યા છે. ■

# ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ વહેલું આવશેઃ ઉત્તરવહીની ચકાસણી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના મૂલ્યાંકન કામગીરીમાં મોટો ફેરફાર કરાયો છે.

આ આયોજન મુજબ હવે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ દર વર્ષની સરખામણીએ દોઢ મહિના વહેલુ જાહેર થશે. એટલે કે તારીખ ૧૫ થી ૨૦ એપ્રિલની વચ્ચે પરિણામ આપી દેવામાં આવશે. પરિણામ વહેલા આપવાથી ઉચ્ચ અભ્યાસમાં થતા પ્રવેશની પ્રક્રિયામાં પણ ઝડપ આવશે.

શુક્રવારથી જ પેપર ચેકિંગની કામગીરી શરૂ કરી દેવાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત શિક્ષણ બોર્ડે આ વર્ષે વિદ્યાર્થીઓનું પરિણામ દર વર્ષ કરતાં એક મહિનો વહેલા આપવાનું આયોજન કર્યું છે.

એપ્રિલના બીજા કે ત્રીજા અઠવાડિયામાં પરિણામ જાહેર થઈ શકે છે. પેપર મૂલ્યાંકનમાં ફેરફાર થયા હોવાથી પરિણામ વહેલું આવવાની શક્યતા છે. જેના પગલે પેપર પૂરા થાય તેની સાથે જ પેપર ચકાસણીનું કામકાજ શરૂ કરી દીધું છે. ધોરણ ૧૦ની પરીક્ષાના પ્રશ્નપત્રોની ઉત્તરવહી ૨૦૪ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર થશે. તો ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ચકાસણી ૧૮૪ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર થશે.

શુક્રવારથી ગુજરાત બોર્ડની પરીક્ષાના પેપર તપાસવાની શરૂઆત કરાઈ છે. આ સાથે જ પેપર ચકાસણીના દરમાં એક રૂપિયાનો વધારો કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે લગભગ બે મહિના જેટલા લાંબા ગાળા બાદ પરિણામ આપવામાં આવ્યું હતું, ત્યારે હવે નવા આયોજન મુજબ, પરીક્ષા પૂર્ણ થયાના માત્ર ૨૦ દિવસમાં પરિણામ જાહેર થઈ જશે.■

# સુરત એરપોર્ટ પર ટ્રક સાથે ફ્લાઈટ ટકરાઇ

## ૧૬૦ મુસાફરોનો જીવ પડીકે બંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત એરપોર્ટ પર રન-વેના છેડે ઊભેલી ટ્રક સાથે ફ્લાઈટ અથડાતા અકસ્માત થયો હતો. શારજાહથી આવેલી ફ્લાઈટમાં ૧૬૦ મુસાફરો સવાર હતા. સદ્નસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઇ નથી. ઘટનાને લઈ એરપોર્ટ ઓથોરિટીએ તપાસના આદેશ આપ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શારજાહથી આવતી ફ્લાઇટ લેન્ડ થયા બાદ રન-વેથી એપ્રેન તરફ જઈ રહી હતી. તે દરમિયાન ફ્લાઇટની એક વિંગ રન-વેની સાઇડ પર ઊભેલી ટ્રક સાથે અથડાઈ ગઈ હતી જેને કારણે વિંગ ડેમેજ થતાં જ એરપોર્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયાએ ફ્લાઇટને ગ્રાઉન્ડ કરી દેવી પડી હતી. માટી લાવતી ટ્રકનો ચાલક રન-વે પાસે પાર્ક કરી જતો રહ્યો, જેને કારણે આ અકસ્માત સર્જાયો હતો ફ્લાઇટ ટ્રક સાથે ભટકાયું ત્યારે ફ્લાઇટમાં ૧૬૦ મુસાફર સવારી કરી રહ્યા હતા. સદ્નસીબે એકપણ મુસાફરને ઇજા પહોંચી નથી. શારજાહ પ્લેનની વિંગ ક્ષતિગ્રસ્ત થઇ હતી. ઘટનાને પગલે એરપોર્ટ ઑથોરિટીએ તપાસના આદેશ અપાયા હતા. ■

## સુરતમાં વિદ્યાર્થીઓના માથે જોખમ

# ૨૦૭માંથી ૧૮૭ સરકારી શાળામાં ફાયર સેફ્ટી નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના માથે કાળીટીલી લગાવનાર તક્ષશિલા અગ્નિકાંડમાં ટ્યુશન ગયેલા નિર્દોષ વિદ્યાર્થીઓ ભોગ બન્યા હતાં. આ ગોઝારી ઘટનાને પાંચ પાંચ વર્ષ વિતી ગયા છે. છતાં શૈક્ષણિક સંસ્થાઓમાં અને તેમાં પણ ખાસ કરીને સરકારી શાળાઓમાં જ ફાયર સેફ્ટીની સુવિધાઓ હજી નથી ઊભી કરાઈ. શહેરમાં ૨૦૭ શાળાઓ પાસે હજી ફાયર સેફ્ટી નથી, તેમાંથી ૧૮૭ સરકારી શાળાઓ છે. બાળકો આવી જોખમી સ્થિતિમાં ભણતા હોવાની દલીલ સાથે વિપક્ષે વિરોધ પ્રદર્શન યોજીને કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિપક્ષી સભ્યના જણાવ્યા અનુસાર સુરત શહેરમાં તક્ષશિલા અગ્નિકાંડની ઘટના બન્યા બાદ પણ તંત્ર જાણે ફાયર સેફ્ટી મુદ્દે આળસ કરી રહી હોય તેમ લાગી રહ્યું છે. સુપ્રીમ અને હાઇ કોર્ટના આદેશ હોવા છતાં સુરતની સરકારી અને ખાનગી શાળાઓમાં ફાયર એનઓસીનો અભાવ છે. સુરતની સરકારી સહિત ખાનગી શાળાઓમાં ફાયર એનઓસીનો પૂરેપૂરો અભાવ છે. સુરતની ૨૦૭ પૈકી ૧૮૭ જેટલી સરકારી શાળાઓમાં તો ફાયરની એનઓસી જ નથી. શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સુરક્ષાનો મોટો પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટ અને હાઇ કોર્ટની ગાઈડલાઈન અને આદેશ હોવા છતાં પણ સુરતનું તંત્ર આદેશો અને ગાઈડલાઇનને પણ ઘોળીને પી ગયું છે. સુરતની સરકારી અને ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ શાળામાં ફાયર સેફ્ટી છે કે નહીં તેની જાણકારી મેળવી શકે તે માટે શાળામાં ફાયર એનઓસી પ્રદર્શિત કરવામાં આવે તેવી માગ છે. ■

# રાજ્યની પાંચ યુનિ. કુલપતિ વિહોણીઃ બે યુનિ.માં કુલપતિની નિયુક્તિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વધુ બે યુનિવર્સિટીઓમાં નવા કુલપતિની નિયુક્તિની જાહેરાત કરવામાં આવી હતી. આગામી દિવસમાં લોકસભાની ચૂંટણી જાહેર થવાની છે ત્યારે ગણતરીના દિવસોમાં અન્ય બાકી રહેલી પાંચ યુનિવર્સિટીઓમાં પણ કુલપતિની નિમણૂકની જાહેરાત કરવાની તૈયારી પૂર્ણ કરાઈ છે. રાજ્યમાં કોમન એક્ટ લાગુ કર્યા પહેલા આઠથી વધારે યુનિવર્સિટીઓમાં કુલપતિની જગ્યા ખાલી હતી. કેટલીક યુનિવર્સિટીઓમાં નવા કુલપતિની નિયુક્તિ માટે સર્ચ કમિટીની રચના કરવામાં આવી હતી. જોકે, કોમન એક્ટ લાગુ થયા પછી સર્ચ કમિટીમાં પણ ફેરફાર કરવો પડે તેમ હોવાથી જૂની પ્રક્રિયા રદ કરીને નવેસરથી સર્ચ કમિટીની રચના કરવામાં આવતાં કુલપતિની નિમણૂકમાં ભારે વિલંબ થયો હતો. શિક્ષણ વિભાગ દ્વારા ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ તરીકે ડૉ.મહેશ છાબરિયા કે જેઓ એલ.એમ. ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ છે તેમની નિમણૂકની જાહેરાત કરવામાં આવી છે. ભાવનગર યુનિ.માં છેલ્લા દોઢથી બે વર્ષથી કુલપતિની જગ્યા ખાલી પડી હતી. આ જ રીતે નોર્થ ગુજરાત યુનિ.ના કુલપતિ તરીકે સુરતની વીર નર્મદ યુનિ.ના ફિઝિક્સ વિભાગના હેડ પ્રો. કિશોરકુમાર પોરિયાની નિમણૂક કરવામાં આવી છે. આગામી પાંચ વર્ષ અથવા તો ૬૦ વર્ષ પૈકી જે પહેલા આવે તે પ્રકારે મુદત પૂરી ગણવામાં આવશે. સામાન્ય રીતે અત્યાર સુધી કુલપતિની મુદત ત્રણ વર્ષની હતી, પરંતુ કોમન એક્ટ લાગુ કર્યા પછી દરેક યુનિવર્સિટીમાં કુલપતિની મુદત પાંચ વર્ષની કરવામાં આવી છે. તાજેતરમાં કચ્છ યુનિ.માં મોહન પટેલ અને એસ.પી. યુનિ.માં નિરંજન પટેલની નિમણૂક કરાઈ હતી. આ સાથે જ કુલ ચાર યુનિ.માં કુલપતિની નિમણૂક કરવામાં આવી છે. આગામી દિવસોમાં ડૉ.બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી, જૂનાગઢ યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિ. અને ટીચર્સ યુનિ.માં કુલપતિની નિમણૂક કરાશે. ■

## અમદાવાદના ફતેવાડીમાં આગ

# ૨૦૦ લોકો જીવ બચાવવા ધાબા પર ચડ્યા, ૩૯ વાહનો ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ફતેવાડી વિસ્તારમાં આવેલી મસ્તાન મસ્જિદ પાસેના મેટ્રો મેન્શન ફ્લેટમાં મોડી રાત્રે આગ લાગી હતી. પાર્કિંગમાં લાગેલી આગમાં ૩૯થી વધુ વાહનો બળીને ખાખ થઇ ગયા હતા. આગ લાગી હોવાની જાણ થતાં રહીશોમાં ભાગદોડ મચી ગઇ હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની નવ જેટલી ગાડીઓ બનાવ સ્થળે પહોંચી હતી. ભીષણ આગમાં જીવ બચાવવા માટે ૨૦૦ જટેલા લોકો ધાબા પર ચડી ગયા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ ફતેવાડીના મેટ્રો મેન્શન ફ્લેટમાં આગની ઘટના બની હોવાની ફાયર વિભાગની ટીમને રાત્રે ૩.૩૦ વાગ્યાની આસપાસ જાણ થઇ હતી. બનાવની જાણ થતાં ફાયર વિભાગની નવ જેટલી ટીમ બનાવ સ્થળે પહોંચી હતી.

જોકે ફાયર વિભાગની ટીમ પહોંચે એ પહેલા આગે વિકારળ રૂપ ધારણ કરી લેતા પાર્કિંગમાં રહેલા ટૂ-વ્હિલર, રિક્ષા સહિતના વાહનો આગની ઝપેટમાં આવી ગયા હતા.

આગના પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. આગનો ધુમાડો બીજા માળ સુધી પહોંચી જતા પોતાનો જીવ બચાવવા માટે ૨૦૦થી વધુ લોકો ધાબા પર પહોંચી ગયા હતા. આગની ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. ફાયર વિભાગની ટીમ એક તરફ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરાયા હતા અને બીજી તરફ ધાબા પર ફસાઇ ગયેલા ૨૦૦ લોકોને બચાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને એક પછી એક તમામને સુરક્ષિત ધાબા પરથી રેસ્ક્યૂ કરી નીચે લાવ્યા હતા. ■

# ગાંધીનગરમાં સચિવાલયમાં નવાં બે હેલિપેડ બનાવવાની કામગીરી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગર ખાતે વિધાનસભાના પાછળના ભાગે નવા બે હેલિપેડ બનાવવાનું કામ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા અગાઉ પણ ગાંધીનગર ખાતે અલગ-અલગ જગ્યાએ હેલિપેડ બનાવવામાં આવ્યાં હતા. હાલ ત્રણ હેલિપેડ કાર્યરત છે.

ગાંધીનગરમાં નવા બે હેલિપેડ બનાવાની કામગીરી રાજ્યસરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે, તો સૂત્રોના જણાવ્યા મુજબ અગાઉ જે હેલિપેડ બનાવવામાં આવ્યું હતું તે મેટ્રો ટ્રેનના રૂટની નજીક હોવાથી બંધ કરવાની શકયતાઓ સેવાઈ રહી છે, તો અન્ય જગ્યા રાજ્ય સરકાર પાસે હોવાથી વિધાનસભાના પાછળના ભાગે આ હેલિપેડ બનાવવાની કામગીરી શરૂ કરાઈ છે. વધુ નવા બે હેલિપેડ બનાવાની કામગીરી કરાતા ગાંધીનગરમાં હવે કુલ પાંચ હેલિપેડ કાર્યરત રહેશે. ■

# ગુજરાતમાં ૧૮મી માર્ચથી તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૧૮મી માર્ચથી આગામી ૯૦ દિવસ સુધી તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે. ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રુ. ૧૭૩૪ કરોડની કિંમતની ૨.૪૫ લાખ મે. ટન તુવેરની ખરીદી કરાશે.

રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૭૬૫ કરોડની કિંમતના ૩.૨૪ લાખ મે. ટન ચણા અને રુ. ૮૫૩ કરોડની કિંમતના ૧.૫૧ લાખ મે. ટન જેટલા રાયડાની પણ ખરીદી કરાશે. રાજ્યના અંદાજિત સવા ત્રણ લાખ ખેડૂતોને આ ખરીદીનો લાભ મળશે. એવું ગુજરાતના કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યુ હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, ગુજરાતમાં તુવેર, ચણા અને રાયડાની આગામી તા. ૧૮મી માર્ચથી ટેકાના ભાવે ખરીદી શરૂ થશે, ટેકાના ભાવે ખરીદી માટે સંપૂર્ણ આયોજન કરી દેવામાં આવ્યું છે. ગુજરાતના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂ. ૧૭૩૪ કરોડની કિંમતની ૨,૪૫,૭૧૦ મે. ટન તુવેરની ખરીદી કરવામાં આવશે. આ ઉપરાંત રૂ. ૧૭૬૫ કરોડની કિંમતના ૩,૨૪,૫૩૦ મે. ટન ચણા અને રૂ. ૮૫૩ કરોડની કિંમતના ૧,૫૦,૯૦૫ મે. ટન જેટલા રાયડાની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને તુવેર પાકની ખરીદી માટે ૧૪૦ ખરીદ કેન્દ્રો, ચણાની ખરીદી માટે ૧૮૭ ખરીદ કેન્દ્રો અને રાયડાની ખરીદી માટે ૧૧૦ ખરીદ કેન્દ્રો મળી રાજ્યભરમાં કુલ ૪૩૭ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં તુવેર, ચણા અને રાયડાની ખરીદી કરવામાં આવશે અને તે માટે સરકાર દ્વારા તમામ આગોતરું આયોજન હાથ ધર્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, ટેકાના ભાવથી ખરીદી માટે રાજ્યના હજારો ખેડૂતોએ નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવી છે. આ ખેડૂતો પાસેથી ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલા ટેકાના ભાવે ખરીદી કરાશે. ભારત સરકાર દ્વારા તુવેર માટે રૂ. ૭૦૦૦ પ્રતિ ક્વિ. (રૂ. ૧૪૦૦ પ્રતિ મણ), ચણા માટે રુ. ૫૪૪૦ પ્રતિ ક્વિ. (રૂ. ૧૦૮૮ પ્રતિ મણ) અને રાયડા માટે રુ. ૫૬૫૦ પ્રતિ ક્વિ. (રૂ. ૧૧૩૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. ■

# પાટણના શંખેશ્વર પાસે પીકઅપ વાન સાથે ટકરાયેલી કારમાં આગથી બે જીવતાં ભૂંજાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લાના શંખેશ્વર પાસે શુક્રવારે વહેલી સવારે પીકઅપ વાન અને કાર વચ્ચે થયેલી આ ટક્કર બાદ આગ ફાટી નીકળી હતી. આગે ભીષણ રૂપ ધારણ કરતા કારમાં સવાર બે લોકો જીવતા ભૂંજાઇ ગયા હતા. ઘટનાની જાણ થતાં લોકોના ટોળા એકઠા થઈ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ શંખેશ્વર પાસે પીકઅપ વાન અને કાર પસાર થઇ રહી હતી. જે દરમિયાન બન્ને વાહનો સામસામે ટકરાયા હતા. અકસ્માત થયા બાદ બન્ને વાહનોમાં આગ લાગી ગઇ હતી. અકસ્માત થયો હોવાની જાણ થતાં ત્યાંથી પસાર થતા લોકો બચાવ માટે આવ્યા હતા. જોકે કારમાં બેસેલી બે વ્યક્તિ કારમાં જ ફસાઇ ગઇ હતી. ૭૦ ટકાથી વધુ દાઝી જતા તેમનું બનાવ સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટના અંગે સ્થાનિકોએ પોલીસને જાણ કરતા પોલીસ પહોંચી હતી. આગના પગલે ત્યાંથી પસાર થતાં વાહનચાલકોમાં અફરા-તફરી મચી હતી. થોડો સમય રસ્તા પર ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયા હતા. પોલીસે બન્નેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ટ્રાફિકને પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસ દ્વારા અકસ્માત કરી ફરાર પીકઅપ વાનના ચાલકની શોધખોળ હાથ ધરી હતી. ■

# અમદાવાદમાં આઠ ડિલિવરી મેને કુલ ₹ ૯૭.૬૫ લાખના ટીવી બારોબાર વેચી નાખ્યા

અમદાવાદઃ અમદાવાદમાં આઠ ડિલિવરી બોય્ઝે ૯૭.૬૫ લાખની છેતરપિંડી આચરતા નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આરોપીઓ એક જાણીતી કંપનીમાંથી મંગાવેલા ટીવીના ઓર્ડર કેન્સલ કરાવી તેની જગ્યાએ બારોબાર સસ્તા અને ડેમેજ ટીવી કંપનીમાં જમા કરાવતા હોવાની જાણ ઓપરેશન મેનેજરને થતાં સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટયો હતો. આ ઘટનાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતા અને વાડજ ખાતે એક લોજિસ્ટિક પ્રા.લિ. કંપનીમાં ઓપરેશન મેનેજરે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યુ હતું કે ગત ૨૫મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ તેમને કંપની દ્વારા ઈ-મેઈલ કરવામાં આવ્યો હતો કે અલગ અલગ કંપનીના ટીવીના શિપમેન્ટ ડિલિવરી કરવા માટે આપેલા છે, જેમાં ઘણા શિપમેન્ટ ડિલિવરી થયા વિના પરત આવ્યા છે. આ અંગે તેમણે ટીમ મારફતે તપાસ કરાવતા છેલ્લા ૨૫ દિવસમાં ૧૦૬ ટીવીના શિપમેન્ટમાં તપાસ કરતા તેમાંથી ૯૦ ટીવી મોડલ બ્રાન્ડ તથા સીરીયલ નંબર અલગ હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે વધુ તપાસ કરતા જણાયું હતું કે, ડિલિવરી કરવા જતા સ્ટાફના માણસો ડિલિવરી સ્ટાફ સાથે મીલીભગત કરી ઓર્ડર કેન્સલ થયાનુ બહાનુ કાઢીને ઓરીજીનલ ટીવી બદલી તેના જગ્યાએ જૂના ડેમેજ અને સસ્તા એલઈડી ટીવી કંપનીમાં જમા કરાવી દેતા હતા. આ અંગે તપાસ કર્યા બાદ કુલ ૧૪૭ ટીવી કિંમત રૂ. ૯૭.૬૫ લાખના ફેરબદલ કરી છેતરપિંડી આચરવામાં આવી હોવાનુ ખુલતા ડિલિવરી કામ સાથે સંકળાયેલા સાજીદહુસેન શેખ(રહે દાણીલીમડા), સતિશ યાદવ (રહે. નારોલ), જાકીરહુસેન શેખ(રહે. પેટલાદ). હિમાંશુ વાઘેલા (રહે. સુરેન્દ્રનગર), જાવેદખાન પઠાણ (રહે. વેજલપુર), અફરોજ પઠાણ(રહે. સંકલિતનગર). જયેશકુમાર ત્રિવેદી(રહે.અમદાવાદ) અને લતીફ પઠાણ (રહે. સરખેજ) સામે ફરિયાદ નોંધાવી હતી. ■

# ગુજરાતમાં હવે ઉનાળો તપશેઃ અમદાવાદમાં ૩૮ ડિગ્રીની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. રાજ્ય હવામાન વિભાગે પવનની દિશા બદલાતી હોવાથી અમદાવાદમાં ૩૮ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચવાની આગાહી કરી હતી. રાજ્યમાં નવ શહેરોમાં તાપમાન ૩૪ ડિગ્રીને પાર પહોંચ્યું છે. સૌથી વધુ સુરતમાં ૩૫.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઉનાળાના પ્રારંભ પહેલાં અમદાવાદમાં ૩૪.૫ ડિગ્રી તાપમાન પહોંચી ગયું છે. જે ગરમીના પારાને સ્પર્શી ગયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં ધીમે ધીમે ઉનાળો જામી રહ્યો છે. રાજ્યના અનેક શહેરોના મહત્તમ તાપમાન લગભગ ૩૫ ડિગ્રી સુધી પહોંચી રહ્યા છે. એમાં પણ હોળી સુધીમાં તાપમાનનો પારો વધુ ચારથી પાંચ ડિગ્રી ઊંચકાઈ શકે છે. અમદાવાદમાં હાલ ૩૪ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન રહે છે. આગામી બેથી ત્રણ દિવસ સુધીમાં આ પારો ૩૮ ડિગ્રી સુધી જઈ શકે છે. જ્યારે હોળી આસપાસ ૪૦ ડિગ્રી સુધી તાપમાન જઈ શકે છે. રાજ્યમાં હાલ મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ

# નવા ભારતનું નવું ઉત્તર પ્રદેશ



## સૌથી વધુ એક્સપ્રેસવે

**૬** એક્સપ્રેસવે સંચાલિત

**૭** એક્સપ્રેસવે નિર્માણાધીન

- સૌથી વધુ ઈન્ટરનેશનલ એરપોર્ટ, ૪ સંચાલિત, ૧ નિર્માણાધીન
- જેવરમાં દેશના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (નોઈડા આંતરરાષ્ટ્રીય હવાઈ એરપોર્ટ)નું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.
- ૧૫ એરપોર્ટ સંચાલિત, ૬ એરપોર્ટ નિર્માણાધીન
- ઘરેલુ એર કનેક્ટિવિટી માટે ૨૦થી વધુ માર્ગ ચિહ્નિત
- દેશનું સૌથી વિસ્તૃત રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્ક
- પ્રયાગરાજ, વારાણસીને હલ્દિયા બંદરથી જોડતા લગભગ ૧,૧૦૦ કિ.મી. લાંબો દેશનો પ્રથમ અંતર્દેશીય જલમાર્ગ
- વારાણસીમાં મલ્ટી મૉડલ ટર્મિનલ તથા ગાજીપુર/રાજઘાટ, રામનગર (વારાણસી) અને પ્રયાગરાજ ટર્મિનલ્સ પર રાષ્ટ્રીય જલમાર્ગ-૧ના કિનારે ફ્લોટિંગ ટર્મિનલ સંચાલિત
- લખનૌ, કાનપુર, નોઈડા, ગ્રેટર નોઈડા, ગાઝિયાબાદ અને આગરામાં મેટ્રો રેલનું સંચાલન
- મેરઠથી દિલ્હી સુધી રૈપિડ રેલ સેવા
- લખનૌમાં ઉત્તર પ્રદેશ રાજ્ય ફોરેન્સિક વિજ્ઞાન સંસ્થાની સ્થાપના
- ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈંડસ્ટ્રિયલ કોરિડોર (૬ નોડ્સઃ અલીગઢ, આગરા, લખનૌ, કાનપુર, ચિત્રકૂટ અને ઝાંસી)નું નિર્માણ
- વારાણસીમાં રોપવે પરિયોજનાનું નિર્માણ ગતિમાન

**સપના થઈ રહ્યા છે સાકાર** **ડબલ એન્જિનની સરકાર**

સૂચના અને જનસંપર્ક વિભાગ, ઉત્તર પ્રદેશ

# ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખટરાગ | ઘાસ |
| ખટાવવું | નાખુશી |
| ખડ | મજબૂત |
| ખડતલ | લાભ કરી આપવો |
| ખફગી | કુસંપ |

## ઓળખાણ પડી?

'અલસી કી પીન્ની' (અળસીના લાડુ) કયા રાજ્યમાં વિશેષ ખ્યાતિ ધરાવે છે એ કહી શકશો? આ લાડુ સ્વાદિષ્ટ હોવાની સાથે સાથે ખૂબ પૌષ્ટિક મનાય છે.

અ) ઓડિશા બ) આસામ ક) હરિયાણા ડ) મહારાષ્ટ્ર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ સ | ૩ પા | સ | | ૪ સા | વ | જ | ૫ નિ | ૬ ક |
| ૭ મ | ર | જી | | ૮ રો | જ | | | ૯ ત | ળ |
| ૧૦ ને | હ | | ૧૧ લ | ગ | ન | ૧૨ ગા | ળો | | ત |
| ૧૩ સા | દ | ૧૪ ર | | ચા | | મ | | ૧૫ સા | ર |
| મ | | જ | | ળો | | ૧૬ ત | ૧૭ ર | ફ | |
| ને | | ૧૮ ત | ૧૯ ર | | ૨૦ ક | રુ | ણ | | ૨૧ ભ |
| | ૨૨ સા | પ | સી | ડી | | | ૨૩ છો | ક | રો |
| ૨૪ ક | પ | ટ | | | ૨૫ ક | રો | ડ | | સા |
| ૨૬ મ | ણ | | ૨૭ ના | | ણ | | | ૨૮ થા | પા |
| ળ | | ૨૯ સં | ગ | ણ | ક | | ૩૦ એ | ક | ત્ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | ૯ | | | ૧૦ | ૧૦-અ | | |
| | | ૧૧ | | | ૧૨ | | | | |
| ૧૩ | ૧૩-અ | | | | | | | ૧૪ | |
| ૧૫ | | | | ૧૬ | | ૧૭ | ૧૮ | | |
| | | | ૧૯ | | ૧૯-અ | | ૨૦ | | |
| ૨૧ | | ૨૨ | | | ૨૩ | ૨૪ | | | ૨૪-અ |
| | | ૨૫ | | | | ૨૬ | | | |
| ૨૭ | ૨૮ | | | | | | | ૨૯ | |
| ૩૦ | | | | | ૩૧ | | | | |

**આડી ચાવી**

૧. આવશ્યકતાવાળી વ્યક્તિ (૭)
૬. બે વસ્તુઓની જોડ (૨)
૮. ગપ્પું, અફવા (૨)
૯. તડકો, તેજ (૨)
૧૦. છૂટ્ટી (૨)
૧૧. માનવીનાં --- ને નંદવામાં વાર શી (૨)
૧૨. ગણિતનો, પેટા વિભાગ (૩)
૧૩. પ્રસિદ્ધિ (૨)
૧૪. ફેફરું, હિસ્ટીરિયા (૨)
૧૫. હમણાં જ, તાત્કાલિક (૩)
૧૭. નકામું, હલકું, ઉતરતું (૪)
૧૯. જળ, પાણી (૨)
૨૦. તમે જે બોલો છો (૨)
૨૨. તાપ, ઉકળાટ, બફારો (૨)
૨૩. એક હથિયાર (૩)
૨૫. ફળની ઇચ્છાવાળું (૩)
૨૬. કિલ્લો (૨)
૨૭. નસ (૨)
૨૯. સરખું, સમાન (૨)
૩૦. તીવ્ર, ઇચ્છા, તડપવું તે (૪)
૩૧. દોડાદોડ (૫)

**ઊભી ચાવી**

૧. વિશ્વપ્રસિદ્ધ (૫)
૨. સૌંદર્ય (૨)
૩. અવરજવર, જન્મમરણનો ફેરો (૪)
૪. સાધના, ઇંદ્રિયદમન, તાવ (૨)
૫. વચગાળામાં, અમુક સમયની અંદર (૫)
૭. મંદ પ્રકાશ-અંગ્રેજી (૫)
૧૦-અ સમુદાય, કુળ/વર્ણ/નાતના વર્ગ (૨)
૧૩-અ ત્રાંસી (૩)
૧૪. જમીનમાં બીજ વાવવાં તે (૩)
૧૬. એક છોકરી બીજી છોકરીને કહે (૨)
૧૮. ગુજરાતમાં માતાજીનું સ્થાનક (૪)
૧૯. એક જ કાળમાં સાથે વિદ્યમાન (૫)
૧૯-અ 'લખવું'નું આજ્ઞાર્થ (૨)
૨૧. કામમાં મગ્ન (૪)
૨૨. વરસાદ પડતાં જ ઉગી નીકળે (૨)
૨૪. બાળકની ચાલ (૪)
૨૪-અ એક જાણીતું બાળ સામયિક (૪)
૨૮. સમજ, ગાંઠ, ગૂમડું (૨)
૨૯. મંડળીની બેઠક (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગોધરા, દાહોદ, લીમખેડા, કલોલ, દેવગઢ બારિયા વગેરે સ્થળો ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) કચ્છ બ) પંચમહાલ ક) બનાસકાંઠા ડ) ખેડા

## જાણવા જેવું

તબીબી સંશોધનનો પહેલો પ્રયોગ ગિનિ પિગ પર થતો આવ્યો છે. આ પ્રાણીની મજેદાર વાત એ છે કે રળિયામણા દેશ સ્વિટ્ઝર્લેન્ડમાં એક ગિનિ પિગ રાખવા પર પ્રતિબંધ છે. કારણ કે એ સામાજિક પ્રાણી છે અને જાતભાઈનો સહવાસ એને પ્રિય હોય છે. એકલું હોય તો પરેશાન થઈ જાય. એને એકલું રાખવું એ સ્વિટ્ઝર્લેન્ડમાં 'સામાજિક અપરાધ' ગણાય છે.

## સુડોકુ-૫૦૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૮ | | ૪ | | | ૫ |
| ૪ | ૧ | | | | | ૭ | | ૨ |
| | | ૬ | ૭ | | ૨ | ૩ | | |
| ૩ | | ૭ | ૧ | | ૯ | ૫ | | ૮ |
| | | | | | | | | |
| ૧ | | ૨ | ૩ | | ૫ | ૭ | | ૯ |
| | | ૫ | ૪ | | ૩ | ૧ | | |
| ૬ | ૩ | | | | | | ૫ | ૭ |
| ૮ | | | ૬ | | ૭ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૪ | ૭ | ૯ | ૮ | ૨ | ૬ | ૫ |
| ૫ | ૭ | ૬ | ૩ | ૨ | ૪ | ૯ | ૧ | ૮ |
| ૯ | ૮ | ૨ | ૬ | ૧ | ૫ | ૩ | ૭ | ૪ |
| ૭ | ૫ | ૯ | ૨ | ૪ | ૧ | ૮ | ૩ | ૬ |
| ૬ | ૩ | ૮ | ૯ | ૫ | ૭ | ૪ | ૨ | ૧ |
| ૨ | ૪ | ૧ | ૮ | ૩ | ૬ | ૫ | ૯ | ૭ |
| ૮ | ૯ | ૭ | ૫ | ૬ | ૨ | ૧ | ૪ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૩ | ૬ | ૮ | ૯ |
| ૧ | ૬ | ૩ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ | ૨ |

## ચતુર આપો જવાબ

વસ્તીની દૃષ્ટિએ ભારત અને ચીન વિશ્વના પ્રમુખ દેશ ગણાય છે. કેવળ વિસ્તારના ધોરણે કયો દેશ દુનિયાનો સૌથી વિશાળ દેશની ઓળખ ધરાવે છે?

અ) યુએસએ
બ) રશિયા
ક) ઓસ્ટ્રેલિયા
ડ) કેનેડા

## માથું ખંજવાળો

## નોંધી રાખો

સાચા સંબધની સુંદરતા તો એક બીજાની ભૂલો સહન કરવામાં જ રહેલી છે, કારણ કે ભૂલ વગર નો મનુષ્ય શોધવા જશો તો આખી જિંદગી એકલા જ રહી જશો.

## માઈન્ડ ગેમ

વિદ્યાભ્યાસ સાથે સંબંધ ધરાવતી અનેકવિધ શાખાઓ ઉપલબ્ધ છે. Anthropology નામની શાખા શેના અભ્યાસ સાથે સંબંધ ધરાવે છે એ કહી શકશો?

અ) વનસ્પતિશાસ્ત્ર બ) કાયદાશાસ્ત્ર
ક) માનવશાસ્ત્ર ડ) રંગશાસ્ત્ર

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| વકી | સંભાવના |
| વક | વાંકું |
| વખો | સંકટ |
| વત્સ | બાળક |
| વપુ | શરીર |

ગુજરાત મોરી મોરી રે
જામનગર

ઓળખાણ પડી
આસામ

માઈન્ડ ગેમ
શરીરની ગતિ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
૧૮૫૩

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વૈદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) શ્રદ્ધા આશર (૬) ધીરેન્દ્ર ઉદ્દેશી (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) અલકા વાણી (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) મહેન્દ્ર લોઢાવિયા (૧૨) મીનળ કાપડિયા (૧૩) વિભા મહેશ્વરી (૧૪) પુષ્પા પટેલ (૧૫) હર્ષા મહેતા (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) અબદુલ્લા એફ. મુનીમ (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) સુરેખા દેસાઈ (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) અબદુલ્લા એફ. મુનીમ (૨૬) નંદકિશોર સંજાણવાળા (૨૭) પ્રવીણ વોરા (૨૮) જગદીશ ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) ભાવના કર્વે (૩૧) રજનીકાંત પટવા (૩૨) સુનીતા પટવા (૩૩) મહેશ દોશી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) અંજુ ટોલિયા (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) દિલીપ પરીખ (૩૯) પુષ્પા ખોના (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શિલ્પા શ્રોફ (૪૩) નિતીન બજરિયા (૪૪) નીતા દેસાઈ (૪૫) અરવિંદ કામદાર (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હિના દલાલ (૫૦) રમેશ દલાલ

## કવર સ્ટોરી (નવમા પાનાનું ચાલુ)

એને સમર્થન આપે છે.

જ્યારે ભારતના બે છેડા (પાકિસ્તાન અને બાંગ્લા દેશ) પર મુસ્લિમ અધિપત્ય વધ્યું ત્યારે ભારતમાં હિન્દુ ધર્મીઓ પણ એક થવા લાગ્યા અને એમાં ખોટું પણ શું થયું? આ તો સ્વાભાવિક પ્રક્રિયા હતી. આઘાત સામેના પ્રત્યાઘાત હતા.

આ વાતને આપણે આજે આ ઉદાહરણથી સમજીએ...

આપણે નાનપણમાં લોહચુંબકથી રમતા હતા. લોહચુંબકથી લોખંડની ખીલીઓ ખેંચાય અને ચોંટી જાય એ જોવાની મજા આવતી હતી. પછી ભણતી વખતે આપણને જ્ઞાન પ્રાપ્ત થયું કે લોહચુંબકના બે છેડે બે ધ્રુવ હોય છેઃ ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ.... નોર્થ પોલ અને સાઉથ પોલ. એ પછી આપણે એવું પણ શીખ્યા કે આ લોહચુંબકને તોડવામાં આવે તો તેના જે ટુકડા થાય છે તેમાં પણ પાછા બે છેડા પર ઉત્તર અને દક્ષિણ એમ બે ધ્રુવ રચાય છે. વળી અસમાન ધ્રુવ વચ્ચે આકર્ષણ થાય છે અને સમાન ધ્રુવ વચ્ચે અપાકર્ષણ થાય છે એ પણ આપણે શીખ્યા.

આ બધી કુદરતી ભૌતિક ઘટના છે. બસ આ જ રીતે આઝાદી સમયે બે ધર્મના આધારે દેશના બે ટુકડા થયા ત્યારે મુસ્લિમો પાકિસ્તાન ભણી આકર્ષાય અને હિન્દુઓ ભારત ભણી આકર્ષાય એ એકદમ સ્વાભાવિક અને એકદમ કુદરતી પ્રક્રિયા હતી. આ પ્રક્રિયા હેઠળ જ ૧૯૪૭માં ભારત-પાકિસ્તાન વચ્ચે ધ્રુવીકરણ થયું. બેઉ દેશોમાં પરસ્પર હિજરત થઇ.

કોઇક વળી એમ કહે કે જડ લોહચુંબક પોતાનો સ્વભાવ ન બદલે, ચેતનવંતો માણસ પોતાનો સ્વભાવ બદલી શકે. અરે ભાઇ, આ જ વિશ્વાસ પર તો ગાંધીજીએ ભાગલાના ઠરાવ પર અંતે ના છૂટકે મંજૂરીની મહોર મારી હતી, પણ એ વિશ્વાસ સાચો ઠર્યો ખરો? ભારતના રાષ્ટ્રપિતાની સાથે પાકિસ્તાનના રાષ્ટ્રપિતા મહમદઅલી ઝીણાએ પણ પોતાના દેશને ધર્મનિરપેક્ષ (સેક્યુલર) રાખવાનો નિર્ણય કર્યો હતો. તેનું શું થયું? ભારત તો સેક્યુલર રહ્યો પણ પાકિસ્તાન સેક્યુલર રહ્યો? અરે એ છોડો , ૧૯૭૧માં બાંગ્લા દેશની રચના થઇ એ પણ ઇસ્લામિક રાષ્ટ્ર બની ગયો. બોલો, જે સ્વભાવ લોહચુંબકનો રહ્યો એ જ પ્રકૃતિ માણસની પણ રહી. એમાં મીનમેખ ફરક ન પડ્યો. ગાંધીજી અને ઝીણાની આશા ઠગારી નીવડી. મુસ્લિમો ભારતના બે છેડે ભેગા થવા લાગ્યા એના પ્રત્યાઘાતરૂપે હિન્દુઓ પણ ભેગા થવા લાગ્યા અને એક થવા લાગ્યા. આ એકદમ કુદરતી અને સહજ પ્રક્રિયા હતી. હાલના વિપક્ષીઓ અને આઝાદી સમયના શાસક પક્ષોને એ વાતનો જરા પણ અણસાર નહીં હોય કે નરેન્દ્ર મોદી જેવી વ્યક્તિ રાજકારણમાં આવશે અને હિન્દુ પ્રચંડ જનજુવાળ ભેગો થવા લાગશે. ભારતના હિન્દુઓને તો એકઠા થવું જ હતું પરંતુ એમને એક સક્ષમ ધ્રુવની જરૂર હતી, જે મોદીના રૂપમાં મળ્યો અને એમના નેતૃત્વ હેઠળ લોકો એકઠા થવા લાગ્યા. આ સહજ પ્રક્રિયાને વિરોધીઓએ સમજવાની જરૂર છે. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ (અગિયારમા પાનાનું ચાલુ)

હોય છે. આવાં તો અસંખ્ય ઉદાહરણો આપી શકાય.

સ્થપતિ રચનાને નિર્ધારિત કરવામાં એક જ બાબતને વધુ પડતું મહત્વ આપવા માંડે તો તેને કારણે અન્ય બાબતોમાં કરવી પડતી બાંધછોડથી મકાનની કાર્યક્ષમતા અને વિશ્વાસનીયતાને અસર થતી હોય છે. આવી પરિસ્થિતિમાં પ્રશ્નો નથી ઉદ્ભવતા કે નથી પૂછાતા. અમુક હદ સુધી વ્યક્તિની ઘેલછા માન્ય ગણાય, પણ એકવાર તે ઘેલછા સિદ્ધ થયા પછી બાકીની બાબતોનું વ્યવસ્થિત નિરાકરણ થવું જરૂરી છે.

માનવી, તેની જરૂરિયાતો, અને તેની ભાવનાઓને કેન્દ્રમાં રાખી જ્યારે રચના નિર્ધારિત કરવામાં આવે ત્યારે નિષ્ફળતાની સંભાવના ઓછી રહે. સ્થાપત્યમાં ક્યારે, કોને, કેટલું મહત્ત્વ આપવું તેનો નિર્ણય કઠિન છે. આ પ્રકારના નિર્ણયમાં જ્યારે માત્ર સ્થપતિની વ્યક્તિગત મહેચ્છા સંકળાય ત્યારે સ્થાપત્યની ઉલ્લેખનીય રચનાઓમાં પણ ક્યાંક પ્રશ્નો રહી જવાની સંભાવના હોય છે. એ વાત સાચી છે કે સ્થાપત્યની દરેક રચના પરિસ્થિતિ અને ચોક્કસ પ્રકારના પ્રશ્નોનો જવાબ છે. પણ તે વાત પણ એટલી જ સાચી છે કે દરેક રચનામાં એક ડગલું આગળ વધવાની સંભાવના તો રહેતી જ હોય છે. ■

## ટૂંકી વાર્તા (અગિયારમા પાનાનું ચાલુ)

વાસંતી તેની પત્ની બનવાની હોઇ તેની રંગ પ્રત્યેની સભાનતા બળવત્તર બની હતી.

કારમાં ઘર તરફની સફર આરંભાઇ. અનંતે સડક ઉપર રૂપાળા પ્રીતેશના જ દર્શન થઇ રહ્યા હતા. તે એકદમ મંદ ગતિમાં કાર હંકારી રહ્યો હતો. તેણે નોંધ્યું કે વાસંતી ખૂબ જ ખુશ હતી. તેની ખુશીનું કારણ પ્રીતેશ હતો કે તેનો ભાવિ પતિ? આ પ્રશ્નો ઉત્તર અનંતને સાંપડી રહ્યો નહોતો. બહારનો અંધકાર તેને પોતાના હૃદયમાં વ્યાપેલા અંધકાર જેટલો જ ગાઢ લાગી રહ્યો હતો.

''વાસંતી...''

''હં...''

''પ્રિતેશ જે ગામમાં રહે છે તે ગામ તેં જોયું છે?''

અનંતે સ્વસ્થ સ્વરમાં પૂછ્યું.

વાસંતી બોલી, ''હા, એક જ વાર હું ત્યાં ગઇ છું.''

વાસંતીનો ઉત્તર સાંભળીને અનંતને સારું લાગ્યું. તેણે પ્રશ્ન જે આશયથી પૂછ્યો હતો તેનો છેદ વાસંતીના ઉત્તરે ઉડાવી દીધો હતો. તેનાથી આપોઆપ જ કારનું એક્સીલેટર દબાઇ ગયું. કાર ઝડપથી દોડવા માંડી.

બંને જણ ઘરે પહોંચ્યા.

તે રાતના અનંત સૂઇ ન શક્યો. જે ખંડમાં તેની સૂવાની વ્યવસ્થા હતી તે ખંડમાં એક પૂરા કદનો અરીસો હતો. અનંતે રાત દરમિયાન એકસો વાર પોતાનો શ્યામ રંગ અરીસામાં જોયા કર્યો. તેનું મન એક બાબત પ્રત્યે મજબૂત બનતું જઇ રહ્યું હતું. સવારે છ વાગ્યે તેણે એક વાતનો નિર્ણય લઇ જ લીધો. તેના હૈયાને ટાઢક વળી.

તે તૈયાર થઇને સવારે આઠ વાગ્યે નીચે આવ્યો.

સહુ તેની રાહ જોઇ રહ્યાં હતાં. ચા-નાસ્તો આરોગ્યા બાદ સહુ દીવાનખંડમાં ગયાં. અનંતે જે વાત સંઘરી રાખી હતી તે કહેવાની વેળા આવી પહોંચી હતી તેમ તેને લાગ્યું. તેણે વાસંતી અને તેના માતાપિતા તરફ વારાફરતી જોઇ લીધું. બધા જ પ્રસન્ન હતા. હૃદય ઉપરનો ભાવ ઉતરી જવાનો હોવાથી અનંત પણ હળવોફૂલ હતો.

અનંતે વાસંતીના પિતા તરફ જોતા કહ્યું, ''વડીલ, એક વાત કરવી છે.''

હરસુખભાઇ હસીને બોલ્યા, ''કહો.... અનંતકુમાર. વિના સંકોચે જે વાત કહેવી છે તે કહી નાંખો.''

''વાત અમારી દીકરી અંગેની ફરિયાદની હશે તો પણ ચાલશે.'' હર્ષાબહેને મલકાટ વેરતાં કહ્યું.

વાસંતી તરત જ બોલી, ''અનંતને વાત પહેલા હું મારી વાત અનંત સમક્ષ મૂકવા માગું છું.''

''તારી વાત બાદમાં, પહેલાં જમાઇ'' હરસુખભાઇ બોલ્યા.

''નો... લેડીઝ ફર્સ્ટ.''વાસંતી નાની બાળકી બની ઊઠી.

અને વાસંતી અનંત તરફ ફરતાં બોલી, ''લગ્ન બાદ દર મહિને મને મારા પિયેર આવવાની પરવાનગી અત્યારે જ તું આપી દે તેમ હું ઇચ્છું છું.''

વાસંતીના માતાપિતા ખડખડાટ હસી પડ્યાં.

હર્ષાબહેને કહ્યું, ''અનંર કુમાર. પરવાનગી ન આપતા. દર મહિને તે વળી પિયેર અવાતું હશે!''

''મમ્મી, તું મારા વરજીને ચડાવી રહી છે. હોં,'' વાસંતીએ કૃત્રિમ છણકી કર્યો.

''દીકરી તો સારે જ શોભે. રામજી?'' હર્ષાબહેન મલકાઇ રહ્યાં હતાં.

તેટલામાં હરસુખભાઇનો ફોન આવ્યો. તે મોબાઇલ લઇને ખંડની બહાર જતા રહ્યા. અનંત પણ વાસંતી અને હર્ષાબહેનનની રજા લઇને પાંચ મિનિટ માટે પોતાના ખંડમાં ગયો.

તે અરીસા સામે ઊભો હતો. તેણે સ્વયંને સંબોધતા કહ્યું, ''જે વાત હું વાસંતીના માતાપિતાને કહેવાનો છું તેનું રિહર્સલ કરી લઉં.''

અને તેણે થોડી ક્ષણો બાદ કહ્યું. ''વડીલ, હું તમારી વાસંતી સાથે લગ્ન નહિ કરી શકું. તેમાં વાસંતીનો વાંક નથી. વાંક મારા શ્યામ રંગનો છે, તમારી દીકરી ખૂબ ગોરી અને રૂપાળી છે. મારી સાથે તે ઊભી રહેશે તો સહુ તેની દયા ખાશે. કહેશે કે કાગડો દહિથરું લઇ ગયો. તેને માટે, તેના જેવો જ રૂપાળો વર શોધી કાઢજો. મારે માટે ગેરસમજ ન કરશો.''

સંવાદ બોલાઇ ગયો અને અનંત દીવાનખંડમાં ગયો.

ત્રણેય જણ તેની રાહ જોઇ રહ્યા હતાં. અનંત તેમની સન્મુખ ગોઠવાયો. તેની હિંમત વધી ગઇ હતી. અરીસા પ્રત્યક્ષ પોતાના મનની વાત કહીને તે નિરાંત અનુભવી રહ્યો હતો. હવે પોતાની વાત તે મુક્ત મને કહેવાનો હતો.

હરસુખભાઇ બોલ્યા, ''તમારી વાત સાંભળવા હું આતુર છું. પણ, તે પહેલા મારી વાત સાંભળી લો. સોરી... અનંતકુમાર, તમારી વાત પાછી ઠેલાઇ રહી છે.''

અને તે હસી પડ્યા. થોડી ક્ષણો બાદ તે બોલ્યા, ''થોડીવાર પહલા ગામની શાળાના આચાર્યનો ફોન આવ્યો હતો. તે અનંતકુમારના ખૂબ વખાણ કરતા હતા. તેમણે અનંતકુમારને જોયા નથી, પણ, ગામના લગભગ તમામ લોકોએ અનંતકુમારને આ ગામમાં આવડી સરસ કાર પ્રથમવાર જ આવતા સહુ જ કુતૂહલથી કાર અને અનંતકુમારને નિહાળી રહ્યા હતા. સહુએ આચાર્યને આ વાત જણાવી દીધી અને આચાર્યે મને. તે થોડીવારમાં જ અનંતકુમારને મળવા આવી રહ્યા છે. ગામ લોકો કહે છે વાસંતી તો રૂપમાં અનંતકુમાર આગળ પાણી ભરે, અમે નસીબદાર છીએ કે આવા જમાઇ અમને મળ્યા છે.''

આ સાંભળઈને અનંતના હૃદય ઉપરથી એક હળવાશનું મોજું પસાર થઇ ગયું, તેની લઘુતાગ્રંથિ બરફની જેમ ઓગળી ગઇ. તેણે મનોમન કહ્યું, ''ભગવાન, તેં એક મોટો અનર્થ થતા રોકી લીધો. હવે મારા શ્યામ રંગને લઇને હું કદી નિરાશ નહિ બનું.''

વાસંતી મનભર અનંતને નીરખી રહી હતી. ■

# આ ગાર્બેજ કાફે છે શું?

## પ્લાસ્ટિકના કચરા સામે ગરીબોનાં પેટ ભરવાની યોજનાથી થાય છે શહેરની સફાઈ

**ફોકસ**

feedback@bombaysamachar.com
મનીષા પી. શાહ

કોવિડના રોગચાળાએ આખી દુનિયાને સ્વચ્છતાનું થોડુંઘણું મહત્ત્વ સમજાવ્યું હતું. મૂળભૂત રીતે માનવી ગંદો-ગોબરો હોવાનું માનવાનું મન થાય એવું જીવન ઘણાં જીવતા હોય છે. પોતાના દેશને, રાજ્યને, શહેરને, શેરીને, સોસાયટીને, ઘરને અને પોતાની જાતને ય સાફ-સ્વચ્છ ન રાખે એના માટે ક્યા વિશેષણ વાપરવા એ સમજાતું નથી.

ચોમેર ગંદકી, પ્રદૂષણ, પ્લાસ્ટિક અને રોગચાળાના જોખમ વચ્ચે ભારતમાં અમુક સ્થળે એક સરસ, આવકાર્ય અને અનિવાર્ય ગણાવી શકાય એવો પ્રયોગ થઈ રહ્યો છે. એનું નામ છે 'ગાર્બેજ કાફે'. પહેલી નજરે નાક મચકોડાય કે આ શું ખાવા-પીવા સાથે કચરાને જોડી દીધું? પણ આ કન્સેપ્ટ વિશે જાણ્યા બાદ વિચાર એકદમ બદલાઈ જશે.

પહેલા ટૂંકમાં સમજીએ કે શું છે આ 'ગાર્બેજ કાફે'. આ ગરીબોને પ્લાસ્ટિકના કચરા સામે મફત ખાવાનું આપવાની યોજના છે. આનાથી શેરીઓમાં જ્યાં-ત્યાં ફગાવી દેવાયેલી પ્લાસ્ટિકની બોટલ અને અબલા થેલી દૂર થાય એ જમા કરાવનારા ગરીબોને એની સામે કાફેમાં નાસ્તો કે જમવાનું મળે. એનું પ્રમાણ પણ બોટલની સંખ્યા કે કચરાના વજન મુજબ હોય. આનાથી શહેર સ્વચ્છ રહે અને ગરીબોનું પેટ પણ ભરાય.

એ સિવાય પણ આ યોજનાથી ઘણું થઈ શકે છે. છત્તીસગઢના અંબિકાપુરમાં તો ગાર્બેજ કાફે સ્કીમ હેઠળ કચરો વીણી લાવનારા બેઘર અને ગરીબોને માટે રહેવાની વ્યવસ્થા કરવાની પણ જોગવાઈ હતી. અંબિકાપુરના મેયર અજય તિરકેએ પાલિકાનું બજેટ રજૂ કરતી વખતે આ ગાર્બેજ કાફે યોજના માટે રૂપિયા પાંચ લાખની જોગવાઈ પણ કરી હતી.

આ યોજના હેઠળ જમા થયેલા પ્લાસ્ટિક અને બોટલનો ઉપયોગ રોડ બાંધવા માટે કરાશે. અંબિકાપુરમાં તો અત્યારે પ્લાસ્ટિકની બોટલ-કચરાને રિસાઈકલ કરીને બનાવેલા રોડ છે જ. આનાથી શહેરમાં સ્વચ્છતા જાળવવાનું વધુ આસાન બનશે. આમે ય દેશના 'સેનિટેશન કેમ્પેઈન'માં અંબિકાપુર બીજા ક્રમે આવ્યું હતું:

અંબિકાપુરમાં આ યોજના એકદમ આડેધડ કે ઉતાવળમાં શરૂ કરાઈ નથી. આ યોજનાની ટેગ લાઈન એકદમ અર્થપૂર્ણ અને સર્જનાત્મકતાથી છલકતી છે. 'મોર ધ પેસ્ટ, બેટર ધ ટેસ્ટ'. એક કિલોગ્રામ કચરા સામે પૂરું ભોજન અપાય ને અડધો કિલો કચરા સામે વ્યવસ્થિત નાસ્તો .

આ ગાર્બેજ કાફેના ટેબલ પર બેસીને કુપોષિત લાગતા ભિખારીનાં ચહેરા પર સામે પડેલા દાલ, આલુગોબી, પાપડ અને ભાત જોઈને અનન્ય આનંદ વર્તાતો હતો. આ ભોજન-થાળી એક કિલો કચરાના બદલામાં મળી હતી. એ હરખાઈને બોલ્યો, ''એક તો બધાની જેમ ટેબલ-ખુરશી પર બેસીને જમવાનો સંતોષ અને આટલી ભોજન-સામગ્રીમાં બંને ટેક મારું પેટ ભરાઈ જાય.'

હકીકતમાં અંબિકાપુરે પૂરેપૂરા આયોજન અને આક્રમકતા સાથે પ્રદૂષણ અને ગંદકીનો સામનો કર્યો. અને ઈન્દોર બાદ ભારતનું સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ મેળવીને જ જંપ્યું હતું. એ અગાઉ આ ભાઈ કચરો ભેગો કરીને વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટર પર જમા કરાવી આવ્યો. ત્યાંથી વજનના પ્રમાણમાં એને ફૂડનું કુપન મળ્યું. શહેરના બસ સ્ટેન્ડ નજીકના કાફેમાં આ કુપન આપીને પેટપૂજા કરવા બેસી ગયો. એમાંય શહેરના કેન્દ્રમાં આવેલા બસ-સ્ટેન્ડ પાસે આ વ્યવસ્થા કરાતા બહુ ઝડપભેર એ જાણીતી થવા માંડી.

રોજ લગભગ એકાદ ડઝન લોકો આ યોજનાનો લાભ લે છે. ક્યારેક તો આખો પરિવાર કચરો ઉપાડીને પહોંચી જાય. આ સૌને સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ ખોરાક જ પીરસવાનો આગ્રહ સેવાય છે.

છતીસગઢના અંબિકાપુરને પગલે ભારતના અન્ય અમુક શહેરો પણ સક્રિય થયા છે. એમાં ય સૌથી પ્રદૂષિત શહેરમાં ટોચનું અપ્રિય સ્થાન મેળવનારા દિલ્હીમા પણ આવા અનેક ગાર્બેજ કાફે શરૂ કરાયા છે. આ કાફેની વિશિષ્ટતા એ છે કે અહિં આમ આદમી રોકડા ચુકવીને નાસ્તો-ભોજન મેળવી શકે ઈ તો ગરીબ અને ભિખારીઓ શહેરને સાફ કરીને પેટ ભરી શકે છે. આવી બહુલક્ષી યોજના મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત બધા રાજ્યમાં શરૂ થવી જ જોઈએ અને એ પણ શક્ય એટલી વહેલી. ■

# આનંદો! દેશમાં ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન વધશે

વિશ્વભરના અગ્રણી EV વાહન ઉત્પાદક કંપનીઓ દ્વારા જેની પર નજર રાખવામાં આવી રહી હતી તે ભારત સરકારની નવી ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી (EV પોલિસી) ની કેન્દ્ર સરકારે જાહેરાત કરી દીધી છે.

ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનમાં દેશને અગ્રેસર અને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકારે આ મહત્વનું પગલું ભર્યું છે.

નવી ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસીની જોગવાઇઓ અનુસાર હવે વિદેશી કંપનીઓ ૪,૧૫૦ કરોડ રુપિયાના લઘુત્તમ રોકાણ સાથે ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપી શકે છે. કંપનીઓએ ૩ વર્ષની અંદર ભારતમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા પડશે. નવી EV નીતિ અનુસાર, કંપનીઓએ ૩ વર્ષમાં ભારતમાં બનેલા લગભગ ૨૫ ટકા પાર્ટ્સ અને ૫ વર્ષમાં ભારતમાં બનેલા ઓછામાં ઓછા ૫૦ ટકા પાર્ટ્સનો ઉપયોગ કરવો પડશે.

જો કોઈ કંપની ભારતમાં તેનો પ્લાન્ટ સ્થાપે છે, તો તેણે ભારતમાં ૩૫,૦૦૦ અને તેનાથી વધુ કિંમતની કારના એસેમ્બલિંગ પર ૧૫ ટકા કસ્ટમ ડ્યુટી ચૂકવવી પડશે. ઇલેક્ટ્રિક વાહનોનું પ્રમાણ વધશે તો પ્રદૂષણ ઘટશે એવી આશા રાખવી રહી. ■

# વીક-એન્ડ

# ધ્રુવીકરણ તો સ્વાતંત્ર્ય સમયે જ રચાઇ ગયું હતું, બિરાદરો...!

કવર સ્ટોરી

feedback@bombaysamachar.com
મુકેશ પંડ્યા

**ચૂંટણીની** તારીખ જાહેર થાય એ પહેલાં મોદી સરકારે એક વધુ માસ્ટર સ્ટ્રોક ફટકારી દીધો...

ઘણા સમયથી ગાજતો નાગરિકતા સંશોધન કાનૂન (સી.એ.એ.) આખરે અમલમાં આવી ગયો. આ કાનૂન મુજબ આપણા ત્રણ પડોશી મુસ્લિમ મુલક- પાકિસ્તાન, બાંગ્લા દેશ અને અફઘાનિસ્તાનના પણ ભારતમાં આવીને વસેલા ગેરમુસ્લિમ શરણાર્થીઓને હવે કાયદેસરના રહેવાસીનો દરજ્જો મળશે.

આ કાયદો અમલમાં આવતા જ ભારતના વિપક્ષો વિરોધ પ્રદર્શનો કરવા મંડી પડ્યા છે. અગાઉ મુસ્લિમોનું પારાવાર તુષ્ટિકરણ કરી ચૂકેલા આ વિરોધ પક્ષો વિરોધ એ વાતનો કરે છે કે આ કાયદાથી દેશમાં ધ્રુવીકરણ રચાશે.

લો, બોલો.. કૉંગ્રેસીઓ, સપા અને બસપાવાળા આવી વાત કરે છે ત્યારે હસવું આવે છે.

અલ્યા ભાઇ, ૧૯૪૭માં ધર્મના આધારે ભારતના ભાગલા પડ્યા ત્યારે જ ધ્રુવીકરણની શરુઆત થઇ ગઇ હતી...

* તે સમયના ગૃહ પ્રધાન સરદાર પટેલ અને રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદને સોમનાથ મંદિરની મુલાકતે ન જવાની સલાહ આપવામાં આવી ત્યારે પણ ધ્રુવીકરણની શરુઆત થઇ હતી

* પાકિસ્તાનને ઇસ્લામિક રાષ્ટ્ર જાહેર કર્યો એને લઈને ભારતમાં હિન્દુ રાષ્ટ્રની ચળવળ બળવત્તર બનાવવાને કારણ મળ્યુ

* ભારતની જ મદદથી પશ્ચિમ પાકિસ્તાનથી મુક્તિ મેળવીને રચાયેલા બાંગ્લા દેશે પણ પોતાને ઇસ્લામિક રાષ્ટ્ર જાહેર કર્યું... એ શું ધ્રુવીકરણ ન કહેવાય?

* મંદિરની આવક પર કરવેરો અને મસ્જિદોને મુક્તિ એ ધ્રુવીકરણ ન કહેવાય?

* કોંગ્રેસી વડા પ્રધાન મનમોહનસિંહે જ્યારે જાહેર કર્યુ કે દેશના સંશાધનો પર પહેલો હક લઘુમતિઓનો જ છે' એમાંય ધ્રુવીકરણની શરુઆત થઇ જ ગઇ હતી...

* ધ્રુવીકરણ તો ત્યારે જ રચાઇ ગયું હતું જ્યારે કાશ્મીરી યુવકો લશ્કર પર પથ્થરમારો કરતા હતા અને અમુક પક્ષો એમને નાદાન અવસ્થાની ભૂલ કહી છાવરતા હતા

* ધ્રુવીકરણ તો ત્યારે જ રચાઇ ગયું હતું જ્યારે અયોધ્યામાં આંદોલન કરતા નિઃશસ્ત્ર કારસેવકો પર ગોળીઓ વરસાવવામાં આવી હતી

* ધ્રુવીકરણ તો ત્યારે જ થઇ ગયું હતું જ્યારે હિન્દુ કોડ બિલ પસાર કરવામાં આવ્યું અને અન્ય ધર્મમાં માથુ ન મારવાનો તે સમયની સરકારનો ઇરાદો જાહેર થયો

* ધ્રુવીકરણ તો ત્યારે જ થઈ ગયું હતું જ્યારે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માત્ર ને માત્ર તાજમહાલની પ્રતિકૃતિ જ ભેટમાં અપાતી હતી અને ભવ્ય ભારતની ધરોહર-વિરાસત સમાન અનેક સ્થાપત્યોની ઘોર ઉપેક્ષા કરવામાં આવતી હતી.

* ધ્રુવીકરણ તો ત્યારે જ રચાઇ ગયું હતું જ્યારે હજ કરવા માટે સબસિડી અપાતી હતી અને ચારધામની યાત્રા કરવી હોય તો ઘણી તકલીફો વેઠવી પડતી.

* ધ્રુવીકરણ તો ત્યારે જ થઈ ગયું હતું જ્યારે પડોશી દેશોમાં હિન્દુઓની સંખ્યા દિનપ્રતિદિન ઘટવા લાગી હતી અને ભારતમાં લઘુમતિઓની આબાદી વધવા લાગી હતી.

ધ્રુવીકરણની પ્રક્રિયા સ્વાભાવિક છે

એક રીતે જૂવો તો ધ્રુવીકરણ પ્રક્રિયા કુદરતી છે. વિજ્ઞાન પણ જાણે (જુઓ પાનું ૮) ▶▶

---

અરાઉન્ડ ધ વર્લ્ડ

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી

# ફરી એક વાર ગાઉડી, ચુરોઝ અને લા રામ્બલાનું બાર્સિલોના....

**વેધર**, રજાઓ, બજેટ અને શું ઇચ્છા છે તે મુજબ પ્રવાસના પ્લાન તો બન્યા જ કરે છે. હવે તેમાં ક્યારે ક્યાં જવું વધારે સારું, તેના માટે કેટલા દિવસની રજા જોઈશે, ત્યારે જર્મનીમાં જ્યાં રહીએ છીએ તેના કરતા વધારે સારું વેધર હોવું જોઇએ એ પણ નજરમાં રાખવું. ગયા સમરના અંતે ક્યાંનું બુકિંગ કરવું તેની ચર્ચા એટલી લાંબી ચાલી કે ગ્રીસ, કેનેરી, મડેરા, ઇજિપ્ત સુધીની વાતો પછી એક દિવસ વધુ પડતો વિચાર છોડીને બાર્સિલોનાથી નજીકનો રફ એન્ડ ટફ કોસ્ટા બ્રાવા વિસ્તાર ફરી યાદ આવી ગયો. એક તો ત્યાં મમ્મી-પપ્પા સાથે જવા મળવાનું હતું અને બીજું ત્યાં ગયે ઘણો લાંબો સમય થઈ ગયો હતો.

બાર્સિલોના ફરી કેમ જાઓ છો એ તો કોઈ કદી ન પૂછે. ત્યાં જેટલી વાર જાઓ ઓછું પડે. કોસ્ટા બ્રાવામાં પહેલાં લોરેટ ડે માર અને ટોસ્સા દ માર તરફ ગયેલાં. આ વખતે તે પાર્ટી ડેસ્ટિનેશનથી દૂર રહીને જીરોના, લા એસ્કાલા અને રોઝિઝ જેવાં સ્થળો પર પસંદગી ઉતારી. તો આમ જોવા જાઓ તો બાર્સિલોના સિવાય ત્યાં કશું રિપીટ નહોતું થતું. રિપીટની ચિંતા વિના બાર્સિલોનાની ફ્લાઇટ પર મજા ચાલુ થઈ ગઈ. સવારમાં વહેલી લાઇટ હતી એટલે ૧૦ વાગતાં પહેલાં તો બાર્સિલોના આવી પણ ગયું.

પંદર વર્ષ પહેલાંની જાણે ત્યાંની કોઈ યાદ બાકી ન હોય, અથવા ત્યાંનો આખો માહોલ બદલાઈ ગયો હોય તેવું લાગતું હતું. અત્યંત નવું, અત્યંત વ્યસ્ત, અત્યંત ભીડવાળું શહેર સામે આવી ગયું હતું. સવારે ઠંડીમાં ફુલ પેન્ટમાં નીકળેલાં, એરપોર્ટ લાઉન્જમાં જ સમર શોર્ટ્સ બદલીને પ્રવાસી ડ્રેસકોડમાં અમે બહાર નીકળ્યાં અને રેન્ટલ કાર લીધી. હવે પ્લાન એમ હતો કે રાત સુધીમાં ત્રણ કલાક દૂર આવેલા ગામ લા એસ્કાલાની હોટલ પર પહોંચી જવું. એટલે આખો દિવસ બાર્સિલોનામાં વિતાવીને સાંજે કોસ્ટા બ્રાવા પહોંચી જવું. કોસ્ટા બ્રાવા કોઈ ચોક્કસ સ્થળનું નામ નથી, આખો રિજન એ નામે ઓળખાય છે. કોસ્ટા બ્રાવા એટલે બરછટ કિનારા. સ્પેનના રિવિયેરામાં મોટા ભાગનાં સ્થળો પર રેતાળ નહીં, પથરાળ બીચ છે. આખાય રિજનમાં બાર્સિલોનાથી એકાદ કલાકના અંતરે આવેલાં બીચ ટાઉન્સ અત્યંત લોકપ્રિય પાર્ટી ટાઉન્સ બની ગયાં છે. અમે તેનાથી દૂર શાંત ગામોમાં રખડવાનાં હતાં. તે પહેલાં થોડા કલાકો બાર્સિલોનાનો વારો આવ્યો.

અહીં રેન્ટલ કાર લઈને ગીચ શહેરમાં ફરવામાં કોઈ મજા નથી. અને સામે ચાલીને મજા વિનાનો ઓપ્શન તો લેવાય નહીં. અમે કારમાં સામાન લોક કરી, શહેરની મધ્યે એક પાર્કિંગ શોધ્યું અને પછી બાર્સિલોનાની મેઇન સાઇટ્સમાં ક્યાં મજા આવશે તે જોવા નીકળી પડ્યાં. એક રાઉન્ડ હોપ-ઓન હોપ-ઓફ બસનો પણ કરી લીધો. શહેર બરાબર સમર મૂડમાં હતું. પોસ્ટ-કોવિડ રિવેન્જ ટૂરિસ્ટની ભીડમાં અમે પણ શામેલ હતાં. જ્યારે મેળ પડતો ત્યારે મમ્મીને ગાઉડીની ઇમારત બતાવતી અને સાથે હસવાનું પણ થઈ જતું.

એન્ટોની ગાઉડી બાર્સિલોનાનો ખ્યાતનામ આર્કિટેક્ટ અને આર્ટિસ્ટ છે જેની વિચિત્ર ડિઝાઇન્સમાં ગરોળીઓ અને જીવજંતુઓ અવારનવાર દેખાઈ જાય. એક જમાનામાં આ બધું જરા અનોખું લાગતું હતું. આજકાલ ઇન્ટરનેટ અને ઓનલાઇન ડિઝાઇન અને કલ્ચરના ઓવરડોઝ વચ્ચે હવે અમને ગાઉડીની ઇમારતો જોઈને નવાઈ કેમ નથી લાગતી એ વાત પર નવાઈ લાગવા માંડી હતી. લા પેડરેરા અને કાસા બાટ્લો મજેદાર ડિઝાઇનનાં છે એ તો ખરું પણ હવે જાણે રંગો અને ડિઝાઇનના અતિરેક વચ્ચે નવું પણ નવું નથી રહ્યું એવી અનુભૂતિ બાર્સિલોનામાં થઈ રહી હતી. જોકે ગાઉડીને સૌથી અનોખી ડિઝાઇન સગરાડા ફેમિલિયા અમને ફરી પ્રભાવિત કર્યા વિના ન રહી.

સગરાડા ફેમિલિયા બસમાં પણ દૂરથી જ દેખાવા લાગેલું. બાર્સિલોનાની તો ઓળખ જ જાણે આ ઇમારતથી છે. તેનાં ટાવર્સને એક જ ફોટામાં કપાયા વિના લેવા માટે ઘણું પાછળ જવું પડે તેવું હતું. આસપાસમાં કિઓસ્ક અને બેન્ચ વચ્ચે જરા વધુ ઉત્સાહી કબૂતરો પણ હતાં. એરપોર્ટથી સીધાં શહેર ખૂંદવા નીકળેલાં. સગરાડા ફેમિલિયા બાસિલિકા આવતાં બપોર પડી ગઈ હતી. ત્યાં નજીકના એક કાફેથી સ્થાનિક વેજિટેરિયન ડિશ મળી તો જરા રાહત થઈ. સાથે એક ચિપ્સનું પેકેટ પણ ખૂલ્યું, તેમાંથી જેવી એક કણી પણ નીચે પડતી તો અમને ઘેરી વળેલાં કબૂતરો તેના પર તરાપ મારવા તૈયાર રહેતાં. સગરાડા ફેમિલિયાને મન ભરાય એટલું જોઈને ત્યાંથી આગળ ચાલ્યાં.

લા રામ્બલા આવતાની સાથે જ ભીડ જાણે બમણી થઈ ગઈ. અહીં ચાર રસ્તા હતા, છ કે પછી આઠ, તે કહેવું મુશ્કેલ લાગતું હતું. જાણે કોઈ મેળો જ જામેલો હતો. સખત ગરમીમાં હવે ચુરોઝ કે આઇસક્રીમ ખાવાની ઇચ્છા થઈ આવી. વચ્ચે તો દરેક દિશાએથી માણસો શોપિંગ કરીને આવતાં, સેલ્ફી લેતાં, સિગરેટ પીતાં, ગ્રુપમાં વાતો કરતાં, અને થોડાં અમારી જેમ હવે ક્યાં જવું તે વિચારતાં પણ દેખાયાં. એવામાં એક યંગ કપલ હાથમાં રંગીન આર્ટિઝનલ આઇસક્રીમના કપ લઈને જતું દેખાયું. મેં ઉત્સાહમાં તેમને પૂછી પણ લીધું કે આ આઇસક્રીમ ક્યાં મળશે. તેમણે સર્કલની ઊંધી તરફ આંગળી બતાવી. ત્યાં પહોંચીને માત્ર આઇસક્રીમ જ નહીં ચૂરોઝ પણ દબાવ્યાં.

તે સમયે ઓલ્ડ સિટીમાં કોઈ ફેસ્ટિવલના કારણે ઘણો વિસ્તાર બંધ કરી દવાયો હતો. કાર પાર્ક પાસે એક કન્વિનિયન્ટ સ્ટોરમાં અમે પાણીની બોટલ્સ અને આગળના રસ્તા માટે નાસ્તો લેવા પહોંચ્યાં. થડા પર કોઈ ભારતીય ભાઈ જ બેઠા હતા. હિંદીમાં જ વાત થઈ અને પૈસા ચૂકવીને બહાર નીકળ્યાં તો યાદ કરવું પડ્યું કે કોઈ દસી મેટ્રો નહીં બાર્સિલોના છે. એવું કેમ લાગે છે કે જલદી જ દુનિયામાં મોટાભાગના ખૂણાંઓમાં સ્પેનિશ જ નહીં, અંગ્રેજી વિના પણ કામ ચાલી જાય તો નવાઈ નહીં. ■

---

મસ્તરામની મસ્તી

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી

# લે, ગમ્મે ત્યાં હસાય?

## અંતિમ યાત્રાનાં અર્ધ- સત્ય!

**સફેદ** કપડાં પહેરીને ચાલતું ટોળું હંમેશાં સ્મશાન યાત્રા નથી હોતું તેવું હમણાં જ એક પક્ષની પ્રચારયાત્રાને જોયા પછી મનમાં ગોખી લીધું છે.

અત્યારના સમયમાં બધું મોડર્ન થતું જાય છે બાપુજી કે બા કઈ રીતે જીવી ગયાં , પાછળ બજેટ કેટલું મુકતા ગયા છે, ગામમાં હાહાકાર કેવો મચાવ્યો છે એટલે કે સંબંધો કેવા રાખ્યા છે, વિગેરે વિગેરે ચર્ચા કરી તે પ્રમાણે અંતિમયાત્રા કઈ રીતે નીકળશે તેનું પ્લાનિંગ થાય છે.

હમણાં કોઈ એક જુવાન બહેન ગુજરી ગયા એમની અંતિમયાત્રા નીકળેલી એમાં પેલી સ્વર્ગસ્થ બહેનનો પતિ ખૂબ રડતો હતો. ગામમાંથી સ્મશાન યાત્રા પસાર થઈ રહી હતી, પરંતુ જુવાનને રડતો જોઈને એક સ્વરૂપવાન યુવતીએ એની બહેનપણીને કીધું : 'આ રડે છે ઘરનું સરનામું મને ખબર હોત તો હું રૂબરૂ જઈ અને એને સાંત્વના આપી આવત' તરત જ પેલા પુરુષે રડતા રડતા કહ્યું કે 'આરાધના સોસાયટી-બ્લોક નંબર :૨૦ ...મહાદેવ કરિયાણાની દુકાન સામે ડંકીવાળા મકાનમાં... તું મને એકલો મૂકીને કેમ ચાલી ગઈ ?! ' ખરેખર યાત્રાનું આ અંતિમ સત્ય હતું.

હમણાં એક ડીજે સાથે સ્મશાનયાત્રા નીકળેલી. મને આશ્ચર્ય થયું તો અમારો ચુનિયા કહે : મરી ગયા એને હું ઓળખું છું... ગમે તેના લગ્ન હોય... ડીજેમાં સૌથી આગળ નાચવાવાળો આ જ રહેતો... એટલે છોકરાઓએ નક્કી કર્યું કે એ ગુજરી જાય તો ડીજે સાથે રવાના કરવા...

આમ તો હું તો ક્યાંય સ્મશાનયાત્રામાં જતો જ નથી. હમણાં એક સ્મશાનયાત્રામાં ધરાર જવું પડ્યું. ઘરે આવ્યો તે પહેલા મારી ''ખ્યાતિ '' ઘરે પહોંચી ગઈ હતી. ઘરવાળીએ જોરદાર ઘઘલાવ્યો. : 'ખબરદાર છે આજ પછી કોઈની સ્મશાનયાત્રામાં ગયા છો તો....ખબર જ ના પડે ત્યાં હાહાહીહી ના કરાય. એકલા હસતા હોત તો કદાચ ગાંડો ગણી અને જવા પણ દે. આ તો તમે હસો સાથે ૧૦ બીજા હસે.લોકોને સ્મશાનયાત્રા નહિ પણ હાસ્યયાત્રા લાગે.... જોયો નહીં, આગળ દોણી લઇને જાતો તો એ તમારી સામે કેવા ડોળા કાઢતો હતો?'

ખરેખર મારે મારા ઘરવાળાને કહેવું હતું કે દોણીવાળો એટલે ડોળા કાઢતો હતો કે એ અમારી સાથે હસી નહોતો શકતો. આમ તો નનામીમાં બાંધેલી વ્યક્તિને પણ હસવું હોય, પરંતુ શું છે કે સમાજની દ્રષ્ટિએ સારું ન લાગે એટલે બિચારા એમને એમ પડ્યા રહે અને અમુક વ્યક્તિ ન હસે તેમાં અમને કશું અજુગતું ન લાગે, કારણ કે અમારા હાસ્યદરબારમાં પણ અમુક લોકો આમ નનામીમાં બાંધેલા હોય તેમ જ છેક સુધી બેસી રહે. માનવીના જીવનમાં સ્મશાનયાત્રા- અંતિમ યાત્રા બહુ જ અગત્યની હોય છે, કારણ કે એ જેવું જીવે છે તેવી એની સ્મશાનયાત્રા નીકળે છે. આખી જિંદગી પરોપકારમાં જ કાઢી હોય એની સ્મશાનયાત્રામાં માણસો પણ ખૂબ જ હોય, પરંતુ જે આખી જિંદગી નડ્યા જ હોય એની સ્મશાનયાત્રામાં કોઈ કાંધ દેવા રાજી ના હોય.

પહેલાના સમયમાં અંતિમયાત્રા નીકળતી અને અત્યારે અંતિમયાત્રા નીકળે છે તેમાં બહુ મોટો ફરક છે. પહેલા ઘરેથી લઇ અને સ્મશાન સુધી ખભા ઉપર ઉપાડી નનામી લઇ જવી પડતી હતી, પરંતુ હવે તો અંદરના રૂમથી ફળિયાના છેડા સુધી માંડ કાંધ દે છે અને ત્યાર પછી સીધી જ ગાડીમાં સવારી કરાવી દે ... ગુજરી ગયાના સમાચાર આવે એટલે સ્મશાનયાત્રામાં અમુક લોકોને તો ખાસ બોલાવવા જ પડે, જેમ કે વિધિના જાણકાર,મૃતદેહ નનામી પર બાંધનાર, વાતે વાતે વાંકું પાડતા ઘરના બે-ચાર નડતર વડીલ કે જેથી કરી અને અમને ન બોલાવ્યા અમને પહેલા ન કીધું ...તેવા ધોખા ન કરે.

હવે તો ઇલેક્ટ્રિક સ્મશાનગૃહમાં જ વિધિ કરવામાં આવે છે.પહેલાં માત્ર લાકડામાં જ અંતિમ સંસ્કાર કરાતા ત્યારે તો ખાસ એવી વ્યક્તિને પણ હાજર રાખવામાં આવતી, જે મૃતદેહને લાકડા પર ગોઠવી અને લાકડા કઈ રીતે ગોઠવવા તેના જાણકાર હોય. આડા દિવસે કોઈ એનો ભાવ નો પૂછતું હોય અને આ વાત તે વ્યક્તિ બરાબર જાણતી હોય એટલે તે દિવસે એ જમાદારની જેમ સાવ અમસ્તો બધાને ખખડાવતો હોય. લોકો પણ ત્યારે એ વ્યક્તિને કશું કહે નહીં. એકાદ એવા વડીલ જે માત્ર જાણકાર હોવાનો સિક્કો મરાવવા માગતા હોય તે મરેલ વ્યક્તિનું કઈ દિશામાં મોઢું રાખવું કઈ દિશામાં પગ રાખવા? તેની સૂચના માટે ઘરનાને એમ કહે કે 'પૂર્વમાં માથું રહેશે અને પશ્ચિમમાં પગ.' અરે ભાઈ પૂર્વમાં માથું હોય તો પગ આપોઆપ પશ્ચિમમાં જ આવેને.?! ભલે, આખી જિંદગી સીધો ન રહ્યો, પરંતુ અત્યારે તો સાવ સીધો સપાટ સૂતો છે. મરનાર વ્યક્તિનું વજન વધારે હોય એટલે કે શરીર ભારે હોય તો જેવી નનામી બંધાઈ જાય અને એમ કહે કે ચાલો, હવે ચાર જણા આવી અને કાંધ આપો એટલે તરત જ સાવ નવરા બેઠેલી વ્યક્તિઓ પણ કામમાં વ્યસ્ત હોય તે રીતે ફૂલના હાર ક્યાં છે?દોણીવાળો ક્યાં છે? ગાડીવાળો આવી ગયો કે નહીં? આવાં કામ વિચારી વિચારીને બહાર ભાગવા માંડે.નનામી છેક ગાડી સુધી પહોંચે એટલે દોડી આવીને ખભો ખાલી અડાડી દે, જેથી કરી અને ખભો દીધાનું પ્રૂફ રહે.

હવે તો સ્મશાન પણ એવા સરસ થઈ ગયા છે લોકો ખરેખર જોવા જાય છે. અમારો ચુનિયો તો વેકેશનમાં મહેમાન આવ્યા હોય અને કોઇ ઓછું ઓળખીતું ગુજરી ગયું હોય તો પણ સગા- વહાલાઓને લઈને સ્મશાનયાત્રામાં જાય છે. મૃતદેહની ગાડીમાં જ બધા ને બેસાડી દે અને મૃત વ્યક્તિની અંતિમ વિધિ ચાલે ત્યાં સુધીમાં સગાવહાલાઓને આખું સ્મશાન ફેરવી દે પછી જે ગુજરી ગયા હોય તેના સંબંધીઓએ ઘરે પાછા પહોંચવા માટે વાહનની વ્યવસ્થા કરી હોય તે એકાદ વાહનમાં બધા સગાવહાલાને ચડાવી વાહનને સીધા પોતાને ઘેર હંકારી લેવાનું કહે.

મહેમાનને બારમાના જમણમાં બારોબાર મીઠાઈ ખવડાવી દક્ષિણાના પૈસે ફીલમ દેખાડે એ અમારો ચુનિયો...!

મૃત્યુ એ જીવનનું અંતિમ સત્ય છે એ હસતા હસતા સ્વીકારવું જોઈએ. એટલે જ અમારા કોઈ હાસ્ય કલાકાર ગુજરી જાય તો ક્યારેય શ્રદ્ધાંજલિ નથી હોતી -હાસ્યાંજલિ હોય છે. ■

### વિચારવાયુઃ

*છાજિયા બે પ્રકાર :*

*એક, કોઈ ગુજરી જાય ત્યારે રડતાં રડતાં છાતી કૂટે તે અને બીજો : કોઈ નેતા વચન ભૂલી બેફામ બને ત્યારે પ્રજા કૂટે તે....!*

ભાત ભાત કે લોગ

feedback@bombaysamachar.com
જવલંત નાયક

# એ મૌત, તુ એક કવિતા હૈ...

## નિત્શે-ગુલઝારથી માંડીને કેવિન બ્રિગ્સની રોચક ફિલોસોફી







તાજેતરમાં જ્ઞાનપીઠ 'એવોર્ડ'થી પુરસ્કૃત ગુલઝારે ફિલ્મ 'આનંદ' માં લખ્યું છે :

'એ મૌત, તુ એક કવિતા હૈ!'

જો મૃત્યુ જેવું કશું ન હોત તો અનેક સર્જકો, ફિલસૂફો અમર થવાને બદલે કદાચ ભૂખે મરી ગયા હોત! જોક્સ અપાર્ટ, મૃત્યુ એક એવો વિષય છે, જેના વિષે જાણવું બધાને ગમે છે. જીવન અને મૃત્યુની પોતપોતાની ફિલોસોફી છે. મહાન જર્મન ચિંતક ફ્રેડરિક નિત્શેએ એક વાર જાહેર કરેલું, God is Dead! અર્થાત, ખુદ ઈશ્વર મરી ચૂક્યો છે! નિત્શેનો ઈશારો કદાચ યુરોપિયન સમાજની છિન્ન-ભિન્ન થઇ રહેલી મોરાલિટી-નૈતિકતા તરફ હતો, પણ નિત્શેના મૃત્યુ બાદ એના જ વિધાનની પેરોડી કરીને કહેવાયું કે Nietzsche is Dead! ખેર, મોટા ગજાના વિચારકો ઘણીવાર સામાન્ય જનતાને પચતા નથી.

એટલે આપણે ય એ વિશેની ચિંતા પડતી મૂકીએ.

વાત અહીં મૃત્યુ વિષે છે...

ગુલઝારને મોત એક કવિતા સમાન લાગી, જ્યારે નિત્શેને મૃત્યુ બહુ વાસ્તવિક - બહુ અનિવાર્ય બાબત લાગે છે.

શૂન્યવાદી (nihilist) ગણાતા નિત્શેની માન્યતા હતી કે તમે મનુષ્ય પાસેથી એનું જીવન છીનવી શકો, પણ એનું મૃત્યુ કોઈ કાળે ન છીનવી શકો! કોઈકને યોગ્ય સમયે મોતથી વંચિત રાખવો, એના જેવી ક્રૂરતા બીજી કોઈ નથી! નિત્શે મૃત્યુના પ્રેમમાં હતા? કે ડિપ્રેશન સહિતની પોતાની બીમારીઓને કારણે જીવનને ધિક્કારતા થઇ ગયેલા? નિત્શેએ પોતાના પુસ્તક ઝવીત Spoke Zarathustra: A Book for All and None માં Die at right time ની વાત કરી છે.

વાત તદ્દન ખરી છે. યોગ્ય સમયે જીવી લેવું અને યોગ્ય સમયે મરી જવું- વિદાય લેવી - આ બંને બાબત તમને સુખી અથવા દુઃખી કરી શકે છે.

જીવન જીવી લેવા માટે ચોક્કસ સમયગાળો હોય છે અને મરી જવા માટે પણ નિયત સમય પસંદ થવો જરૂરી છે. મોતને કવિતા ગણનારા ગુલઝાર મૃત્યુના સમય વિષે કહે છે :

'ડૂબતી નબ્જોં મેં જબ દર્દ કો નીંદ આને લગે
જર્દે સા ચેહરા લિયે જબ ચાંદ ઉફક તક પહુંચે
દિન અભી પાની મેં હો, રાત કિનારે કે કરીબ ના
અંધેરા ના ઉજાલા હો, ના અભી રાત ના દિન જિસ્મ
જબ ખત્મ હો ઔર રુહ કો જબ સાંસ આએ મુઝસે
એક કવિતા કા વાદા હૈ મિલેગી મુઝકો.'

ખુદ નિત્શે પણ જીવનમાં સારું એવું દુઃખ પામ્યા. મૃત્યુના એકાદ દાયકા પહેલાં મેન્ટલ બ્રેકડાઉનનો એવો તબક્કો આવ્યો કે જાહેર સડક પર એમણે તોફાન મચાવી દીધું!

એક અંદાજ મુજબ નિત્શેનો આઈક્યુ ૧૭૦ થી ૧૯૦ જેટલો - એટલે કે ન્યૂટન જેટલો જ ગણાય છે. એટલા મોટા ગજાના વિચારકની આવી દશા? જીવન સાવ આવા તબક્કે પહોંચી જાય એના કરતાં વહેલું મરી જવું સારું નહીં ? આ પ્રશ્નનો જવાબ કંઈ પણ હોઈ શકે છે. જો તમે કેવિન બ્રિગ્સને પૂછશો તો એનો ઉત્તર કદાચ નકારમાં હશે.

કેવિન બ્રિગ્સ કોઈ મહાન વિચારક નહીં,પણ સામાન્ય નોકરિયાત હતો, જે હવે નિવૃત્ત જીવન ગાળે છે. કેવિન બ્રિગ્સ ૧૯૮૧માં યુનાઈટેડ સ્ટેટ્સની આર્મીમાં જોડાયો. એ પછી ૧૯૯૦માં કેલિફોર્નિયન હાઈ-પેટ્રોલ એકેડમીની પરીક્ષા પાસ કરી અને પેટ્રોલિંગ ઓફિસર તરીકેની નોકરી મળી. ડ્યૂટીનું સ્થળ હતું વિખ્યાત ગોલ્ડન ગેટ બ્રિજ.

દેખાવમાં રમણીય લાગતો ગોલ્ડન ગેટ બ્રિજ પ્રવાસીઓને આકર્ષે છે સાથે જ આત્મહત્યા કરનારાઓને પણ આકર્ષે છે. ગોલ્ડન ગેટ બ્રિજની આપઘાત અંગેની ખ્યાતિ એટલી બધી ફેલાયેલી છે કે દૂર દૂરથી લોકો માત્ર આપઘાત કરવા માટે ગોલ્ડન બ્રિજ સુધી લાંબા થતા! સાચા-ખોટાની પાકી ખબર નથી, પણ એક કિસ્સો બહુ જાણીતો છે.

કહે છે કે ૧૯૭૦માં એક માણસ એક ચિઠ્ઠી લખીને ગુમ થઇ ગયો. ચિઠ્ઠીમાં લખેલું : જો માર્ગમાં મને કોઈ એક અજાણ્યો માણસ પણ કારણ વિના સ્માઈલ આપશે તો હું પાછો ફરીશ અન્યથા ગોલ્ડન ગેટ બ્રિજ પરથી પડતું મૂકીશ!

મોટીવેશનલ સ્પીકર્સ હંમેશા પોતાના વક્તવ્યમાં આ કિસ્સો ટાંકીને પૂછે છે, જો એ માણસ તમને મળ્યો હોત, તો તમે અકારણ સ્મિત રેલાવીને એનો આપઘાત અટકાવવામાં નિમિત્ત બન્યા હોત?! બીજાની ખબર નથી, પણ જો એવી કોઈ વ્યક્તિ કેવિન બ્રિગ્સને મળે તો જ જરૂર પાછી ફરે.

એવું કહે છે કે કેવિને પોતાના કાર્યકાળ દરમિયાન ઓછામાં ઓછા ૨૦૦ માણસોને આપઘાત કરતા અટકાવ્યા છે! ૨૦૦ જિંદગી બચાવીને કેવિને કેટલાય પરિવારોને બચાવી લીધા હશે?! જ્યારે બ્રિગ્સભાઈને લાગે કે કોઈક વખાનું માર્યું જણ બ્રિજ પરથી પડતું મૂકવા આવી પહોંચ્યું ત્યારે એ પેલી વ્યક્તિ પાસે પહોંચી જઈને સામાન્ય વાતચીત શરૂ કરે....

આવતી કાલે તમારો શું પ્લાન છે? જેવાં વાહિયાત સવાલ પણ પૂછી નાખે!

ભલા માણસ, જે મરવા આવ્યો હોય, એનો આવતી કાલનો પ્લાન શું હોઈ શકે? પણ બ્રિગ્સ એવું બધું મગજ દોડાવ્યા વિના બસ, સંવાદ શરૂ કરે! પેલાના જીવન વિષે પૂછે, સાંજનો કે આવતીકાલનો શું પ્લાન છે એ તો પૂછે જ...પણ ઘણાની સાથે તો આવતીકાલે શું-શું કરી શકાય, એના આયોજન અંગે રીતસરની ચર્ચા મંડે! કદાચ આપઘાત કરવા આવેલી વ્યક્તિ આનાથી પરેશાન થઈને કેવિન બ્રિગ્સને કશુંક આડું-અવળું બોલી ય જતી હશે! પણ બ્રિગ્સને એ બધાની કશી પરવા નહિ! એ તો બસ સાવ ફાલતુ-અર્થ વગરની લાગે એવી ચર્ચાઓ ચાલુ રાખે, સંવાદનો તંતુ તૂટવા ન દે!

માત્ર વાર્તાલાપ દ્વારા આ ભાઈએ પોતાના કાર્યકાળ દરમિયાન ૨૦૦ થી વધુ લોકોને ગોલ્ડન ગેટ બ્રિજ પરથી કૂદીને આત્મહત્યા કરતા અટકાવ્યા છે! લેખમાં દેખાતી તસ્વીર ૨૦૦૫ની છે, જ્યારે બ્રિગ્સે કેવિન બર્થિયા નામક વ્યક્તિ સાથે પૂરી ૬૦ મિનિટ સુધી વાતો કર્યે રાખી હતી. એ પછી બર્થિયા બચી ગયો... લગ્ન કર્યા અને પિતા પણ બન્યો. પછી તો બ્રિગ્સ અને બર્થિયા અચ્છા દોસ્ત બની ગયા. (બીજી તસ્વીર)

બ્રિગ્સને લોકો ગાર્ડિયન ઓફ ધ ગોલ્ડન ગેટ'ના ઉપનામથી ઓળખે છે. હાલમાં નિવૃત્ત જીવન ગાળી રહેલા બ્રિગ્સભાઈ આજે ય આત્મહત્યા નિવારણ માટે કાર્ય કરી રહ્યા છે.

---

હવે મુદ્દાની વાત. એક તરફ મહાન વિચારક નિત્શેની વાતે ય સાચી છે કે જીવન યોગ્ય સમયે પૂરું થઇ જવું જોઈએ. બીજી તરફ કેવિન બ્રિગ્સ જેવા સામાન્ય માણસો ય છે, જે મોતના મુખમાં ભૂસકો મારી રહેલા લોકોને જીવનપથ તરફ પાછા વાળે છે....

કોને અનુસરવું?

સ્પષ્ટ જવાબ આપવો અશક્ય છે. દરેકે પોતાનો જવાબ જાતે શોધવો પડે છે.

ગુલઝારની ફિલ્મ 'આનંદ'માં મૃત્યુ તરફ તેજ ગતિએ ધસી જતી જિંદગીને છેલ્લા શ્વાસ સુધી માણી લેવાની વાત છે.

...અને ગુલઝાર કહે છે :

' એ મૌત, તુ એક કવિતા હૈ!'

---

નિસર્ગનો નિનાદ

feedback@bombaysamachar.com
ધર્મેન્દ્ર ત્રિવેદી

# વાત એક રૂપકડી ગરોળીની...

**એકવાર** એક મિત્રએ મને ફોન કર્યો : 'યાર, તું સાપ પકડે છે તો મારા ઘરમાં એક મગર જેવી ગરોળી આવી ગઈ છે તો તું નો કાઢી દે? '

મારી સર્પ બચાવની પ્રવૃત્તિના કારણે લોકો એવું સમજતા હોય છે કે હું જો સાપ પકડી શકતો હોઉ તો ગરોળા પકડવા તો મારે માટે તો ડાબા હાથનો ખેલ હોય ને . . . પણ ગરોળી પકડવાની બાબત મારા માટે પણ બીજા બધા જેવી છે મતલબ કે મને પણ બધાની જેમ ગરોળીની ચીતરી ચડે છે!

ગરોળી જોતાની સાથે જ મારું ચાલે તો હું પણ 'ઓય માઆઆઆઆ...' ચીસ પાડીને ટેબલ કે પલંગ પર ચડી જાઉ! મોંડે મોંડે મને એનું કારણ સમજાયેલું કે બાળપણમાં ગરોળીનું એક ટચૂકડું બચ્ચું મારા ગોઠણ નીચે આવીને છૂંદાઈ ગયેલું અને ત્યારે એના ફૂટવાનો અવાજ મારા અંતરમનમાં બેસી ગયો છે.

વાત આજે કરવી છે તો ગરોળીની, પરંતુ મારા-તમારા અને સૌના ગરોળી પ્રત્યેના પૂર્વગ્રહની નહીં, પરંતુ આપણી આસપાસમાં વસતી ગરોળીઓની પણ નહીં. વગડામાં વસતી એક સુંદર ગરોળીની વાત કરવાની છે આજે...

કયા બોલા બે? ગરોળી અને એ બી સુંદર ? ચલ, ગાંડા ન કાઢ !

ગરોળી એ પેટે સરકીને ચાલતો જીવ હોવાથી સરીસૃપ છે. વિશ્વભરમાં ગરોળીઓની લગભગ ૩૩૫ જાતિ છે, ભારતમાં ૪૨ અને ગુજરાતમાં કુલ ૨૪ જેટલી જાતિની ગરોળી જોવા મળે છે. હવે આમાં મૂંઝવણ એ છે કે આપણે ગરોળી એટલે ગરોળી અને અંગ્રેજીમાં 'લિઝાર્ડ' . . . પણ ના દોસ્તો, કુળ ભલે એક હોય, પરંતુ અંગ્રેજીમાં બે શબ્દ છે.

એક તો 'લિઝાર્ડ' અને બીજુ 'ગેકો'. લિઝાર્ડસમાં કાચીંડાથી લઈને મસ મોટી ઘો સુધીના જીવો અને તેની જાતિઓ આવી જાય, પરંતુ આપણાં ઘરની દીવાલે લટક મટક ચાલતી જીવડા ખાતી અને ઘરની આસપાસના ઈંટ માટી અને પથ્થરોના ઢગલાઓમાં તથા જંગલ ઝાડીઓમાં જોવા મળતી ગરોળીઓને અંગ્રેજોએ તેના શારીરિક લક્ષણો પરથી 'ગેકો' નામ આપ્યું છે. મુખ્યત્વે જે ગરોળીના પગમાં નખ હોય તે લિઝાર્ડ અને જે ગરોળીના પગમાં કોઈ પણ સપાટી પર ચીપકી જાય એવી રચના હોય અને દીવાલ સહિત ગમે ત્યાં ચડી જઈ શકતી નાના કદની હોય એ 'ગેકો' .

મોટે ભાગે ગેકોઝ બદસૂરત અને ચીતરી ચડે એવી જ હોય છે, પરંતુ અમુક ગેકોઝની જાતિઓ એવી છે જેને જોઈને સૌ કોઈને શાહરૂખ ખાનની જેમ ફ્લાઈંગ કિસ આપવાનું મન થઈ જાય...

'શું ફેંકે છે યાર?'...

ઓકે ઓકે... એટલો બધો પ્યાર ના આવે કદાચ, પરંતુ ગરોળી જોઈને આપણને જેમ ઊબકા આવે એવું તો નહીં થાય, ઊલટાનું એને જોઈને તેને નીરખી રહેવાનું મન તો જરૂર થશે... ગેરંટી! તો આપણી આજની હીરોઈનનું નામ છે 'લેપર્ડ ગેકો ' લેપર્ડ એટલે દીપડો અને ગેકો માને ગેકો, યાર!

આ નામ સાંભળીને જ આપણને થોડો ખ્યાલ તો આવી જ જાય કે જે ગરોળીના શરીર પર દીપડા જેવા ધબ્બા હશે તેનું જ નામ વૈજ્ઞાનિકોએ 'લેપર્ડ ગેકો' પાડ્યું હશે....તો હા, લેપર્ડ ગેકોના શરીર પરની ડિઝાઈન અને રંગો એટલા સરસ હોય છે કે ભલભલા જોતાં જ રહી જાય.

લેપર્ડ ગેકો મિડલ ઈસ્ટના દેશો અને મધ્ય ભારતથી લઈને છેક ઉત્તર ભારતમાં બધે જ જોવા મળે છે, મતલબ કે ગુજરાતમાં પણ લેપર્ડ ગેકો જોવા મળે છે, દીપડા જેવું રંગબેરંગી શરીર ઉપરાંત લેપર્ડ ગેકોની ખાસિયત છે કે તે સ્વભાવે સાવ શાંત છે.

ઘરની ગરોળીને જેમણે પકડી હશે એ જાણતા હશે કે ગરોળુ પકડાઈ જાય ત્યારે કેવા કેવા ઉધમ મચાવે છે, પરંતુ આપણાં દીપડી ગરોળી પકડાઈ જાય તો પણ શાંત રહે છે.

મોટા ભાગની ગેકોઝને આંખ પર પોપચા હોતા નથી, પરંતુ લેપર્ડ ગેકોને પોપચાં પણ હોય છે અને માનવની અને અન્ય પ્રાણીઓની માફક તે આંખો પણ પટપટાવે છે અને ઊંઘી જાય ત્યારે આંખો બંધ કરીને સૂવે છે. અન્ય ગરોળા જેમ લેપર્ડ ગેકો પર હુમલો થાય ત્યારે તે પોતાની પૂંછડી ખેરવી નાખવાની અને નવી પૂંછડી ઉગાડવાની ક્ષમતા પણ ધરાવે છે, પરંતુ લેપર્ડ ગેકો બચતમાં માને છે... ઓહો... હા , લેપર્ડ ગેકો પૂંછડીમાં ચરબી જમા કરી રાખે છે અને જીવડાઓનો દુષ્કાળ પડે ત્યારે પૂંછડીની એ ચરબીથી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે. લેપર્ડ ગેકોની ખાસિયત એ છે કે તે સ્પાઈડરમેનની જેમ દીવાલો પર ચડી શકતી નથી, કારણ કે તેના પંજામાં સકર નામનું ચોંટી જાય તેવું અંગ હોતું નથી, પરંતુ લિઝાર્ડસની માફક પંજામાં નાના નખ હોય છે.

દુનિયાની લગભગ તમામ ગરોળી અવાજો કરી શકે છે, પરંતુ આપણી લેપર્ડ ગકો બીજી ગરોળીઓ કરતાં થોડો અલગ અવાજ કાઢે છે. સામાન્ય રીતે ઘરમાં ગરોળીઓનો અવાજ તમે સાંભળ્યો હશે ચક ચક ચક એવા અવાજ કરે, પરંતુ લેપર્ડ ગેકોનો અવાજ ભસવા જેવો હોય છે.

બીજી ગેકોઝની માફક જ્યારે ખતરો અનુભવે ત્યારે અથવા નજીકમાં કોઈ માદા છુપાયેલી હોય ત્યારે તેની સાથે લવ કે અફસાને ગાવા માટે તે આવા અવાજો કરતી હોય છે. અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે લેપર્ડ ગેકોને લોકો પાળે પણ છે અને તેની મહત્તમ લંબાઈ ૯ ઈંચ જેટલી થાય છે અને પાલતુ અવસ્થામાં તે દસેક વર્ષ તો આરામથી જીવી જાય છે. લેપર્ડ ગેકો શિકાર કરતી વખતે, પોતાના વિસ્તારનું રક્ષણ કરતી વખતે અને ઈલુ ઈલુ કરતી વખતે પોતાના અવાજમાં ગાય છે કે 'આજા તુજ કો પુકારે મેરા પ્યાઆઆઆઆર... ઓ મેરે મિતવા...! '

હવે છેલ્લે એક મજાની અને નવાઈ પમાડે એવી એક વાત કરીએ...

લેપર્ડ ગેકો પ્રેમમાં પડે, આશિયાના બનાવે અને અંતે ઈંડા મૂકે. માણસની જેમ બાબો કે બેબીની ચિંતા લેપર્ડ ગેકો નથી કરતી. એણે બાબો કે બેબી એ મુદ્દો ઈશ્વર ઈચ્છા બળવાન માનીને કુદરત પર છોડી દીધું છે.

ગેકો અનેક ઈંડા મૂકે અને મજાની વાત એ છે કે જ્યાં ઈંડા મૂક્યા હોય તે વિસ્તારના ટેમ્પરેચર પર બાબા કે બેબીઓ નક્કી થાય છે.

૩૨ ડિગ્રી તાપમાન પર ઈંડા સેવાય તો તમામ બચ્ચા બાબા હોય, ૨૭ ડિગ્રી તાપમાન પર બધા ઈંડામાંથી બેબી હોય અને ૨૯.૫ ડિગ્રી તાપમાન પર પચાસ ટકા બાબા અને પચાસ ટકા ઈંડામાંથી બેબી જન્મશે ....! ■



---

વ્યંગ

feedback@bombaysamachar.com
ભરત વૈષ્ણવ

# માસ્તરજી, અબ સોટી વાગે ચમચમ કે દિન વાપસ આયો રે!

**રાજુ, એક જમાનામાં સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમ ધમ !' જેવી ઉક્તિનો રીતસર અમલ થતો..શિક્ષકોનો ખરા અર્થમાં સુવર્ણયુગ હતો. શિક્ષકો તો વિદ્યાર્થી વાંકમાં હોય કે ન હોય તો પણ એને ધીબેડી નાંખતા. બીજી તરફ, છોકરા પણ વડના વાંદરા કે પીપળાના પાડા જેવા હતા.**

'ગિરધરભાઇ, મને હાથમાં ખંજવાળ આવે છે.' રાજુએ મને એની સમસ્યા બતાવી. રાજુ રદી દેખાવે કોઈ ગામઠી નિશાળના ટિપિકલ માસ્તર જેવો લાગે.

'રાજુ, તારા કયા હાથમાં ખંજવાળ આવે છે?'મેં એને સવાલ પૂછ્યો.

'હાથ અને ખંજવાળ વચ્ચે સહસંબંધ છે?' રાજુએ મને પૂછયું.

'રાજુ જમણા હાથમાં ખંજવાળ આવે તો ધનલાભ થાય....! ' મેં શુકન શાસ્ત્ર સમજાવ્યું તો રાજુએ અચાનક શિક્ષક અને શિક્ષણનો મુદ્દો કાઢ્યો.

ગિરધરભાઇ, આજની શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષકોની દશા અસહ્ય થઇ છે.બિલકુલ જાતીય સમસ્યા જેવું! કોઇને કહેવાય નહીં ને સહેજે સહેવાય નહીં....સામી છાતીએ કોઇ 'સાહેબ' કહે પણ પીઠ પાછળ મહેતુસ- પંતુજી- માસ્તર કહે ....ગામના આ માસ્તરનો ઘરમાં ઘરવાળી માસ્તરનો કલાસ લે.... હરકિસન મહેતાની 'પીળા માલની ગાંઠ' નવલકથાના પીંઢારા જેવી ઘરવાળી બે-લગામ અને 'બે-કાબૂ'.

રાજુએ એ પછી વાત શિક્ષક પરથી આજના વિદ્યાર્થીઓ તરફ વાળી.:

'ગિરધરભાઇ, આજકાલના છોકરડાને સાહેબ' કહેવું તે તેજોવધ જેવું વાગે. દિલ્લગી કરવામાં કોઇ માસ્તરાણી મંડાય નહીં તેની નજર સામે છોકરડા જેવા છોકરા બાઇક પર માસ્તરાણીને ડેટ પર લઇ જાય! છોકરા વનેચર જેવા. એ તોફાન કરે, પણ માસ્તર આંગળી અડાડી ન શકે....નવી શિક્ષણ નીતિના નામે આ તે કેવા બદહાલ... કાકા મટીને ભત્રીજા થવા જેવું. મૂંછ હોય એટલે ફઇ કાકો ન બની શકે તેવી હાલત. આવી નૈરાસ્યપૂર્ણ જિંદગીથી તંગ આવી હારાકિરી કરવાનું મન થાય! ' રાજુએ એક શ્વાસે શિક્ષકોની નાજુક હાલતનું સંશોધન પેપર રજૂ કર્યું ! રાજુ, એક જમાનામાં સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમ ધમ !' જેવી ઉક્તિનો રીતસર અમલ થતો..શિક્ષકોનો ખરા અર્થમાં સુવર્ણયુગ હતો.

શિક્ષકો તો વિદ્યાર્થી વાંકમાં હોય કે ન હોય તો પણ એને ધીબેડી નાંખતા. બીજી તરફ, છોકરા પણ વડના વાંદરા કે પીપળાના પાડા જેવા હતા. એમના માટે 'ડફર' શબ્દ પણ તે નાનો પડે! માસ્તરો મોંઘવારી પર નિર્મલા સિતારામન સોંટી વીંઝતા હોય તેમ વિદ્યાર્થી પર ભૂખ્યા ડાંસ થઇને તૂટી પડતા ત્યારે છોકરાઓ તલત મહમદનું જાયે તો જાયે કહાં સમજેગા કૌન યહાં દિલ કી જુબાં ...' ગીત ગણગણતા ! '

હા, ગિરધરભાઇ.એક જમાનામાં શિક્ષણમાં હાથ કી સફાઇનો દબદબો હતો. શિક્ષકોને ભગવાન તુલ્ય માનવામાં આવતા હતા. રાજુએ મને કહ્યું.

'રાજુ. એક સમયે સુધારણાનો પવન ફૂંકાયો . ભાર વિનાના ભણતર'ના નામે છોકરાને પુસ્તક, નોટબુક, ગાઇડ અપેક્ષિત , શ્યોર સજેશન, એસાઇનમેન્ટ વગેરેના ભારથી બેવડ વાળી દીધા.... સમય જતાં. છોકરાને માસ્તર મારે કે આંગળી અડાડે એટલે ફરિયાદ થાય. જે છોકરા માસ્તરોનો મેથીપાક આરોગતા હતા તે સમાજમાં ઊંચા પદ પર ગોઠવાઇ ગયા.

એમની પ્રગતિ આવા ઋષિતુલ્ય ગુરુજનોને આભારી છે તેવો આદર પણ વ્યક્ત કરતા!' મે રાજુને આ માહિતી પૂરી પાડતા ઉમેર્યું કે મુંબઇ હાઇ કોર્ટે શિક્ષકોના પડતર જીવતરમાં વળતર આપવાનો અણસાર આપ્યો છે.

બોમ્બે હાઈ કોર્ટે હમણાં એક સીમાચિહ્ન રૂપ ચુકાદો આપ્યો છે. શિક્ષક કોઈ બદઈરાદા વિના અને શિસ્ત જાળવવાના ઈરાદાથી ક્યારેક વિદ્યાર્થીને ઠપકો આપે કે એને ઠપકારે કે કોઈ સજા ફરમાવે તેમાં કોઈ ગુનો બનતો નથી એવો ચુકાદો બોમ્બે હાઈ કોર્ટની ગોવા બેન્ચ દ્વારા આપવામાં આવ્યો છે.

ગોવામાં એક શિક્ષકે પાંચ અને આઠ વર્ષની બે બહેનને શિક્ષકે વર્ગમાં સોટીથી ફટકારી હતી. આ બનાવ સંદર્ભમાં નીચલી કોર્ટે શિક્ષકને એક દિવસની કેદની તથા એક લાખ રૂપિયાના દંડની સજા ફટકારી હતી. આ ચુકાદાને વડી અદાલતમાં પડકારવામાં આવતાં વડી અદાલતે આ સજાને રદ કરી છે.... હેપી ડેયઝ આર હિયર અગેઇન... શિક્ષકો માટે ફરી સુખનો સૂરજ ઊગ્યો છે : સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ ...! ■

ટૂંકી વાર્તા

feedback@bombaysamachar.com
અવિનાશ પરીખ

# શ્યામ રંગ

**વસંતના** વાયરાના સ્પર્શમાં આ વખતે વાસંતીને પ્રણયની મોરલીના સૂરો સંભળાઈ રહ્યા હતા. ઉત્તર ગુજરાતના નાનકડા ગામમાં રહેતી વાસંતી સુખી ખેડૂતની શિક્ષિત પુત્રી હતી. ગામની નજીક આવેલા તાલુકા કક્ષાના ગામમાં તેણે બી.એ કર્યું હતું. હાલમાં તે પોસ્ટલ ટ્યુશનના કોર્ષ દ્વારા એમબીએ કરી રહી હતી.

તેનું સગપણ એક મહિના અગાઉ અમદાવાદના ધનાઢ્ય કુટુંબના નબીરા અનંત સાથે થયું હતું. એનંત પોતાના દાદાજી દામોદરદાસનો કેમિકલ્સનો ધંધો સંભાળતો હતો. તેના માતાપિતા એક વિમાન અકસ્માતમાં તેને પાંચ વર્ષનો મૂકીને સ્વર્ગે સિધાવી ગયાં હતાં. દાદાજીએ તેનો ઉછેર કર્યો હતો.

પચીસ વર્ષનો અનંત રંગે શ્યામ હતો, પણ આકર્ષક હતો. નાનપણથી જ તેને ગોરા રંગ પ્રત્યે આસક્તિ હતી. અને તેથી જ તેણે રૂપરૂપના અંબાર સમી, ગૌરવર્ણી વાસંતી સાથે જીવન પસાર કરવાનું નક્કી કરી લીધું હતું. વાસંતી તેને જોતાવેંત જ ગમી ગઈ હતી. અને તેણે કોઈ પણ ક્ષોભ વગર વાસંતીને પ્રથમ મુલાકાતમાં જ ભાવિ પત્નીના રૂપમાં સ્વીકારી લીધી હતી. વડીલોને પણ તેની ઉતાવળથી આશ્ચર્ય થયું હતું.

અનંત આજે વાસંતીને મળવા આવી રહ્યો હતો. વાસંતી ખૂબ જ ખુશ હતી. તેના પિતા હરસુખભાઈ અને માતા હર્ષાબહેન પણ જમાઈના સ્વાગતની તૈયારી કરી રહ્યાં હતાં. અનંત સાંજના આવવાનો હતો. વાસંતી પ્રિયતમના સ્વાગત માટે સજ્જ હતી. વારેવારે તે અરીસામાં સ્વને નિહાળી સુંદરતાની સપાટીનું અવલોકન સભાનતાપૂર્વક કરી હતી.

સાંજના છના ટકોરે અનંત પોતાની વૈભવી કારમાં આવી પહોંચ્યો. સાસુ-સસરા સાથે ઔપચારિક વાતો, ચા નાસ્તો... થોડી હસાહસ ...આ બધાનો ક્રમ પૂરો થતા જ અનંત વાસંતીને લઈને લૉંગ ડ્રાઈવ માટે નીકળી પડ્યો. તેની કાર ગામનો સીમાડો વટાવી હાઈવે ઉપર દોડી રહી હતી. બે પ્રણયઘયેલાં જીવો વચ્ચે મૌન મુસ્કરાઈ રહ્યું હતું. '' પહલે આપ'' ની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

''કયાં જઈશું... આપણે?'' અંતે વાસંતીએ મૌન તોડ્યું.

''અમદાવાદ.'' અનંતે ગંભીરતાથી કહ્યું અને બાદમાં મુક્તમને હસી પડ્યો.

વાસંતીના મુખારવિંદ ઉપર સ્મિત પ્રસરી ગયું.

''આવવું છે, અમદાવાદ?'' અનંતની નજર કપાઈ રહેલી સડક ઉપર હતી.

''ના''

''કેમ''

''અમદાવાદ તો શ્રીમતી અનંત બનીને જ આવીશ. '' વાસંતીએ ગુલાબી સાડીનો છેડો સરખો કર્યો.

''તો, ચાલ... મેદિરમાં જઈને પરણી જઈએ.'' અનંત સ્વરમાં બનાવટી ગાંભીર્ય હતું.

''મારે ધામધૂમથી પરણવું છે. હજારો લોકોની સામે''

''ઓહ...તને ભીડ ગમે છે... તેમ કહી શકાય.'' વાસંતીએ ઉત્તર ન આપ્યો. તેની નિર્મળ આંખોમાં ભાવિ પતિ માટેની લાગણીનો સાગર મસ્તીએ ચડ્યો હતો. અનંતને વાસંતીનું રૂપ લોભાવી રહ્યું હતું.

તેણે કહ્યું, ''વાસંતી... સમીપ આવ.''

વાસંતી નિર્દોષતાથી બોલી, ''શ્યામ રંગ સમીપે ન જાઉં... હું.''

આ સાંભળીને અનંત સહેજ ચોંકી ગયો. તેને પોતાના શ્યામપણાનો દંશ જાણે વાસંતીના વાક્ય વડે લાગી ગયો! તેણે ત્વરાથી વાસંતી તરફ જોઈ લીધું. વાસંતીની ગૌર કાયા તેને અચાનક જ લઘુતાગ્રંથિના વિશ્વ તરફ ધકેલી રહી હતી. અનંતે કારની સ્પીડ વધારી. વાસંતીએ અનંત સામે નજર કરી. અનંતે ગતિમાં વધારો કર્યો. વાસંતીને કારની ગતિમાં આવેલું પરિવર્તન ન સમજાયું.

તે બોલી, '' અનંત, ધીમે જરા. આ એક્સપ્રેસ હાઈવે નથી.''

અનંતે ઝડપ ઘટાડી. વાસંતીના હોઠ હસી ઊઠ્યા. તે અનંતને તાકી રહી હતી. અનંત આ પામી ચૂક્યો હતો. તેના વિચારોનું કેન્દ્ર તેનો શ્યામ રંગ હતો. ''શુ વાસંતી મારા શ્યામ રંગને નીરખી રહી હશે?'' આ પ્રશ્ન અનંતને છળી રહ્યો હતો.

''અનંત.'' વાસંતી નરમાશથી બોલી.

''હં...''

'' અહીંથી બે કિલોમીટર દૂર રાધા કૃષ્ણનું સરસ મંદિર છે. જઈશું ત્યાં?''

''હા... જઈશું.'' અનંત પરાણે બોલ્યો.

પાંચ મિનિટમાં કાર મંદિરના પરિસરના પાર્કિંગ પ્લોટમાં હતી. બંને જણ નીચે ઊતર્યા. એકસો વારના અંતરે આરસનું મંદિર હતું. લોકોની ભીડ જોઈને વાસંતી બોલી, '' આજે કોઈ તહેવાર નથી... છતાં... આટલી મેદની કેમ છે તે સમજાતું નથી.''

અનંતે પ્રતિભાવ ન આપ્યો. તેની દૃષ્ટિ વાસંતીના ગોરા મુખડા ઉપર હતી. પોતાના શ્યામ રંગની સરખામણી તે વાસંતીના શુભ્ર રંગ સાથે કરી રહ્યો હતો. તેના હૃદયમાં શૂળ ઊપડ્યું હતું. પોતે પણ આકર્ષક હતો તે વાત અનંત વીસરી ગયો હતો.

બંને જણ મંદિર તરફ ચાલવા માંડ્યા.

''અનંત.'' વાસંતી હળવેકથી અનંત શબ્દનો ઉચ્ચાર કર્યો.

''બોલ''

''તું મૂડમાં નથી લાગતો. કારણ શું છે?''

'' આઈ એમ ઓ.કે.'' અનંત ફિક્કું હસ્યો.

''ના... જરૂર કોઈ વાત છે જે તને પજવી રહી છે.''

''...'' અનંત પાસે ઉત્તર નહોતો.

'' તને મંદિરમાં લાવી તે તેને ગમ્યું લાગતું નથી.''

વાસંતી સહજતાથી બોલી.

અનંતે સ્મિત વહેતા કહ્યું, '' હું કૃષ્ણ ભક્ત છું, વાસંતી.''

''હું પણ. અને કાળા કૃષ્ણ તથા ગોરા રાધાજીની જોડી કેટલી ભવ્ય છે, નહિ!'' ખૂબ ભાવપૂર્વક વાસંતીએ પોતાની વાત કહી.

વાસંતીની વાતો પુનઃ અનંતને બેચેન કરી મૂક્યો. તેની દુઃખતી નસ જાણે બળપૂર્વક વાસંતીએ દબાવી દીધી હતી. તે ચાલતા ચાલતા અટકી ગયો. વાસંતી પણ અટકી. તે અનંતને ધ્યાનથી જોઈ રહી હતી. અનંત પોતાની પરેશાનીને સપાટી ઉપર લાવવા ઈચ્છુક નહોતો. તેણે સહજ બનવાનો પ્રયત્ન કર્યો

વાસંતીએ ખૂબ જ આત્મીયતાથી પૂછ્યું, '' આર યુ ઓ.કે.. અનંત?''

''યસ... યસ... આઈ એમ.'' અનંતે પુનઃ ચાલવાની શરૂઆત કરી.

અને તે જ વખતે વાસંતીના નામની હાક સંભાળાઈ. બેઉ જણે પીઠ ફેરવી પાછળ નજર કરી. એક યુવક મુક્ત હાસ્ય વેરતો ત્યાં ઊભો હતો. કામદેવને શરમાવે તેવું તેનું રૂપ હતું . ગોરી કાયા ઉપર કાળા રંગનું જીન્સ અને અડધી બાંયનો કાળો ટી શર્ટ પ્રભાવ પાથરી રહ્યાં હતાં.

વાસંતીએ યુવકને જોઈને હર્ષથી બોલી, ''તું અહીં ક્યાંથી પ્રીતેશ?''

પ્રીતેશ ઝડપથી તેને પાસે આવ્યો. બંને જાણે હસ્તધનૂન કર્યું. પ્રીતેશે કહ્યું, ''ગ્રેજ્યુએટ થયા બાદ પ્રથમવાર મળ્યા છીએ. તું વધારે રૂપાળી થઈ ગઈ છે આટલા મહિનાઓમાં!''

અનંત પ્રીતેશનું ધ્યાનથી અવલોકન કરી રહ્યો હતો. પ્રીતેશના શબ્દોમાં ખેંચાણ હતું. તેનું રૂપ મોહી લે તેવું હતું. અનંત મનોમન બબડ્યો, '' કૉલેજમાં બંનેએ ત્રણ વર્ષ સાથે કાઢ્યા છે. ખૂબ જ આત્મીયતા છે... બંને વચ્ચે તે નક્કી. વળી, તેમની જોડી પણ જામી રહી છે. વાસંતીએ આ હીરો સાથે કેમ સગપણ ન કર્યું? આટલી સારી દોસ્તી તો લગ્નમાં પરિણમવી જ જોઈએ. મારી સાથે લગ્ન કરીને વાસંતી પ્રીતેશ સાથે સંબંધ તો રાખવાની છે જ. કશું સમજાતું નથી.''

આ મનોમંથનના ગાળામાં જ વાસંતીએ અનંતનો પરિચય પ્રીતેશ સાથે કરાવ્યો. પ્રીતેશ અનંતને ઉમળકાથી મળ્યો પણ ખરો. બંને વચ્ચે ઔપચારિક વાત પણ થઇ. પણ, આ સંઘળી ક્રિયામાં અનંત શરીરથી જ હાજર હતો. મનથી નહિ. તેનું મન કોલેજના બે મિત્રોના સંબંધોના સમીકરણમાં અટવાયું હતું. પ્રીતેશની ગોરો રંગ તેને કણડી રહ્યો હતો. તે વાસંતી સાથે એકદમ યત્રવંત બનીને મંદિર તરફ જઇ રહ્યો હતો.

મંદિરના પ્રવેશદ્વાર ઉપર પહોંચતા જ તેણે કહ્યું, ''વાસંતી, અંધારું પથરાઇ ચૂક્યું છે. જલદી ઘરે પહોંચી જઇએ.''

વાસંતી અટકી. ''પ્રીતેશે શું કહ્યું છે... આપણને?''

''શું કહ્યું છે?'' અનંત ગૂંચવાયો.

''આ મંદિરમાં હવન છે અને તેની જ આ ભીડ છે. હવન પ્રીતેશના પિતાજી કરાવી રહ્યાં છે. હવન બાદ ભોજનનો કાર્યક્રમ છે અને આપણે બંનેએ જમીને જ જવાનું છે. તેં ખુદે આ આમંત્રણ સ્વકાર્યું છે. ભૂલી ગયા?'' વાસંતીના મુખ ઉપર આશ્ચર્ય હતું.

અનંત બાજી સંભાળી લેતા કહ્યું, ''હા... હા.... મને યાદ છે. હું તને એમ કહેતો હતો કે ભોજન બાદ તરત નીકળી જઇશું.''

વાસંતી અનંતના ખુલાસાથી સંપૂર્ણ સંતુષ્ટ નહોતી. અનંત આ સમજી ગયો. તેની મનઃસ્થિતિ તેને રંગ કરી રહી હતી અને વાસંતી સમક્ષ તે પ્રગટ થઇ શકે તેમ પણ નહોતું.

મંદિરમાં દર્શન કરી લીધા બાદ તરત જ બેઉ જણ જમવા બેસી ગયા. ભોજન દરમિયાન પ્રીતેશે બંનેનું ખૂબ જ ધ્યાન રાખ્યું. ભોજનની સમગ્ર ક્રિયામાં પ્રીતેશે વાસંતીને ખૂબ હસાવી. અનંતને ભાવિ પત્નીનું મુક્ત હાસ્ય પીડા પ્રદાન કરી રહ્યું હતું. વાસંતી વાતચીતની સફરમાં અનંતને સતત સાથે રાખી રહી હતી તે વાતની નોંધ અનંતે લીધી હતી. પણ, કોઇ અગમ્ય કારણસર રે સ્વયંને એ બે જણની વચ્ચેથી બાકાત રાખી રહ્યો હતો.

ભોજન બાદ વાસંતી પ્રીતેશના પરિવારજનોને મળી. ગૌરવપૂર્વક તેણે પોતાના ભાવિ પતિનો પરિચય સહુ સાથે કરાવ્યો. તેણે દરેકને પોતાના લગ્નમાં આવવાનું ભાવભીનું આમંત્રણ આપ્યું. અનંતને બધા ભાવ સાથે મળ્યાં. પણ, અનંત તો બીજા જ વિચારોમાં ગોથાં ખાઇ રહ્યો હતો. તે ભગવાનને પોતાના શરીરના રંગ માટે કોસી રહ્યો હતો. તેની માનસિક હાલત આ અગાઉ ગૌર રંગને લઇને આટલી ડાબાડોળ ક્યારેય નહોતી થઇ. પણ,

(જુઓ પાનું ૮) ▶▶

સ્થાપત્યનું વાઈ-ફાઈ

feedback@bombaysamachar.com
હેમંત વાળા

# દરેક મકાન માટે પ્રશ્નો પુછાવા જોઈએ



**પીઝાના** પિરામિડની રચના વખતે શ્રમિક વર્ગ પર કેટલો જુલમ થયો હશે અને કેટલી વ્યક્તિઓ તેના બાંધકામ વખતે અકસ્માતે મૃત્યુ પામ્યા હશે, તે વિશે વાત ભાગ્યે જ થાય છે. વળી તેમાં વપરાયેલા પથ્થર એક જ વ્યક્તિની પરલોક યાત્રા સરળ બનાવવા માટે વાપરવાને બદલે તેનાથી જનસમુદાયની રોજની યાત્રા સરળ બનાવવા રસ્તા બનાવ્યાં હોત કે જળાશયો બનાવ્યા હોત તો તે શું વધારે ઇચ્છનીય ન ગણાત. તાજમહાલથી કહેવાતા પ્રેમની અભિવ્યક્તિ કરવી એ એક વાત છે અને રાજધર્મને વધુ મહત્ત્વ આપી યમુના નદીના તટ પર પોતાની પ્રજાની ઉપયોગીતા માટે ઘાટ બનાવવા એ બીજી વાત છે. આવા પ્રશ્નો મનમાં ઉદ્‌ભવે તો સ્થાપત્યની જે તે રચના માટેની ગાંડી પ્રશંસા ઓછી થાય. સ્મારક બનાવવા જરૂરી છે પણ તેના દરેક પાસાં પ્રજા સમક્ષ આવવા જોઈએ.

સ્થાપત્યની એ કમનસીબી છે કે તેમાં વિકલ્પો સાથે સરખામણીની સંભાવના નથી. વળી જે તે રચના પાછળની તકલીફ તથા પ્રયાસની તીવ્રતાને પણ કોઈ ભાગ્યે જ જાણી શકે છે. એફિલ ટાવર જેવો બન્યો છે, તેનાથી ભિન્ન કેવો બની શકાયો હોત તે વિચાર સુધ્ધા કોઈને આવતો નથી. જે છે તે સ્વીકારી લેવામાં આવે છે અને તેના સંભવિત સારા વિકલ્પ માટે તજજ્ઞો પણ વિચાર કરતા નથી. સામાન્ય પ્રશ્ન એ થાય કે તાજમહાલ યમુના નદીને વિમુખ બનવાને બદલે તેને નદીની સન્મુખ બનાવાયો હોત તો શું નદીને ભારતીય સંસ્કૃતિની વિચારધારા પ્રમાણે વધારે મહત્ત્વ ન મળી શક્યું હોત.

તાજમહાલના મુખ્ય મકબરા માટે વધુ એક મંચ બનાવી તેને વધારે મહત્ત્વ આપી શકાયું હોત. પેરિસના સેન્ટર પોંપીડુમાં જે સંપૂર્ણ માળખાકીય રચનાને પ્રત્યક્ષ કરાઈ છે તેના બદલે ક્યાંક ક્યાંક પેરિસની પરંપરાગત સ્થાપત્યની નાની મોટી કૃતિઓ સાંકળી શકાય હોત કે આ સમગ્ર મકાનને જમીનની નીચે બનાવી તેની ઉપર જાહેરસ્થાન - પબ્લિક પ્લાઝા બનાવી શકાયો હોત, જે કદાચ પેરિસના લોકોને વધુ ગમત. ફ્રેન્કો ઘેરીના મકાનોમાં જે વિચિત્ર રીતે પતરાં જડી દેવાય છે તેના કરતાં તેમાં ક્યાંક શિસ્ત દેખાતી હોત તો શું તે વધુ પ્રશંસાને ન પામત. રોંચેપ ચર્ચની રચનામાં ક્યાંક ચર્ચની પરંપરાગત સ્થાપત્ય શૈલીની કેટલીક બાબતોનો સમાવેશ કરાયો હોત તો શું આ રચનાનું મહત્ત્વ ઓછું થઈ જાત. સ્થાપત્યની શૈક્ષણિક સંસ્થાઓમાં પણ વિદ્યાર્થીઓને આવા પ્રશ્ન પૂછવા માટે પ્રેરિત નથી કરાતા.

ચીનની દિવાલની જાડાઈમાં સૈનિકોના સુરક્ષિત રહેણાંક બનાવી શકાયા હોત. ઈસ્તંબુલના હેગિયા સોફિયા ચર્ચમાં બહારની પરિસ્થિતિ, જે મહદઅંશે જેમની તેમ રખાઈ છે તેના બદલે તેની સાથે પણ ઈચ્છનીય અનુભૂતિ સાંકળી શકાય હોત. વેનિસના સાન માર્કો પ્લાઝાને ક્યાંક દરિયા તરફ ખૂલી નંખાયો હોત તો તેનું મહત્ત્વ વધુ સ્થાપિત થઈ શક્યું હોત. રોમના પેન્થીઓનની ચારે બાજુ મોકળાશવાળો મંચ બનાવાયો હોત તો આ મકાનની ભવ્યતાને વધુ માણી શકવાની સંભાવના ઊભી થાત. એફિલ ટાવર સ્ટેબિલિટી માટે જેમ નીચેથી પ્રસરે છે તેમ ઉપરનો ભાગ પણ થોડો વધુ પ્રસરતો હોત તો તેમાં અવલોકન અને વિરામ માટેના સ્થાન બનાવી શકાયા હોત, તેનાથી કદાચ તેની ટોચ પર જવા માટે વધુ મુલાકાતીઓ તૈયાર થાત. વીલા સવોયેના થાંભલા તેની ઉપરના દળદાર ભાગની સરખામણીમાં પાતળા દેખાય છે, તેના બદલે એ થોડા જાડા બનાવાયા હોત તો આ મકાન વધુ દ્રઢતા અને મજબૂતાઈ સ્થાપિત કરી શકત. બાર્સિલોનાના હેબિટ સેન્ટરમાં મકાનની અગાસીનો ઉપયોગ બાળ-ક્રીડાંગણ માટે કરાયો છે તેના બદલે આ વ્યવસ્થા જો જમીનના સ્તરે જ કરાઈ હોત તો સમાજ કદાચ એને વધુ સ્વીકારી લેત. આ મકાનના ૮૦ પ્રતિશત જેટલા આવાસ આજે ખાલી છે. કારણ કે આવાસને મશીન તરીકે લેવાની ભૂલ કરાઈ હતી. સ્થાપત્યના સીમાચિન્હ ગણાતી કેટલીક રચનાઓમાં આવી નિષ્ફળતા ક્યાંક આપને વિચારતા કરી દે છે.

